ધી

રીપન મ્યુઝીક કલબ.

૧૩માં વાર્ષીક મેળાવડા

માં

ગવાયલાં ગાયનો

તથા

[illegible]

[illegible] ઉર્ફે [illegible]

નામે નાટક


ત્રણ અંકી

[illegible]ાર

નસરવાનજી રૂ. વાચ્છા.

રવીવાર, તા૦ ૨૯ મી મે ૧૮૯૮.

કિમત આના આઠ.



ચબની આરમર પ્લેટની

જુદા જુદી સાઈઝની

તીજોરીઓ પેટીઓ


લોખંડના કી બોક્ષો.

પેપર, કેશ, દીદ,

તથા

રાઈટીંગ બોક્ષો

તાલાંઓ કલો



જોન જોન્સના

સુનાના અને

રૂપાનાં ઘડીઆલો

સુનાંનાં બાનુંઓ તેમજ ગ્રહસ્થોને લાયકના છેરાઓ,
લોકેટો તથા ચાર્મસ, પેન તથા પેનસીલ
કેસીસ, મેકેબના અસલ ઘડીયાલો

એદલજી પેસતનજી.

મુંબઇ ખાતેના એકલા જાણીતા આડતીઆ
નાં૦ ૩૭ પારસી બજાર સ્ટ્રીટ કોટ
(છાપેલાં ભાવના લીસ્ટો મુફત મોકલી આપવામાં આવશે.)

૬૭૬૮

રીપન મ્યુઝીક કલબ

તરફથી

કરવામાં આવેલા મેલાવડામાં ખાસ ગવાયલાં

ગાયનો.

—:o —

ભાગ ૧ લો.

---:o:---

ઇશ્વર સ્તુતી.

રાગ કલ્યાણ.

ભજો ભજો મનથી પાક નામ—જેથી થાય સર્વ સફલ કામ
સાચી માની લેવો ઉત્તમ દેહ તમો પાઇ
ભુલ કરો નહીં જાણ અજાણ—ભજો
જન્મ વ્યર્થ નહીં જવા દો—વારવાર અવસર નહીં આવે
સુમરો પરી પરમાન નીધાન—આ દન નહીં ફરી પ્યારા આવે
સમજી સાંચીને યાદ કરો—તન મનથી સુધ્ધ નેક નામ લો
પ્રાણઆધાર તે છે સ્યાણ.—ભજો

રાગ કાફી.

ચાલો મદન મોહન મોરો મન રીઝાત
અધુર બેન મોરલી મધુર કર ડર બજાત.—ચાલો
ચંચલ ચપલ હટ કરત મોહસે
નિર્લજ ભયો દેખો કૃષ્ણ કહાન
બોઈ લછન તોરે ન જાત.—ચાલો.

રાગ કાફી.

કાય કરે મોરી ગ્રહેલીની કલાઈરે
દેખો મોરી નરમ કલાઈ બલખાઈરે.—કાય.
આન અચાનક લપટત સાંવરો
માનત નાહી કહ્યું એક આન
લપક ચુરીઆં મુરકાઈરે.—કાય.

રાગ ખમાચ.

કોયલીઆં કુક સુનાઇ—સખીરી માએ બીરહા સતાઇ
પીયા બીન કછુ ન સોહાઇ—નીશ અંધીઆરી કારી
બીજરી ચમકે જીયા મોરા અત ડર પાઇ.—કોયલીઆં
ઇતની બીનંતી મોરી ઊનસે કહીઓ ધાઇ
ઉન બીન જીયરા નીકસહી જાઇ
ઉમંગ જોબન પર મોરી આલી સઇઆં મોરા ઘર નાહી.—કોયલીઆં.

રાગ પીલુ.

અરે દેશ છાંડ ચલે પરદેસી
ચલે પરદેસી ગયે પરદેસી—અરે દેશ.
રાધા દીસત નાંહી આય કાંહાંપર
મનકો જલાવે ઉદાસી--અરે દેશ.
દેસબી છોરા મુંહ સબસે મોરા
છાંડ ચલે સબ ખેસી--અરે દેશ.

રાગ પીલુ.

પીયા બીન કલ ન પડત મોએ નીશદીનુ.
મય નધરી નાર મેરો નયો બાલા જોબન.—પીયા.
નનંદ દેરાંણી જેઠાંણી સબ હીલમીલ
સબહી ગીત પનીઆં ભરનકો
અબહી જાઉંગી સુનાઉં ગારી ગીન ગીન.—પીયા.
એ નયના તુમ સબસે બુરે તુમસા બુરા ન કોય
આપહી પ્રીત લગાયકે આપંહી બયઠે રોય.--પીયા.

રાગ કાહાનરો-ખ્યાલ.

દ્રીગન નીંદ ન આવે પીયા બીન
નીશદીન તડપત બીહત જાત
ધડી ધડી પલ પલ છીન છીન ગીન ગીન.--દ્રીગન
કહાં જાનું કહાં બીરમ રહે--અતી બીચાર મોરે તન મનમે
ખાન પાન સબ બીસર ગયો--એકલ ભઇ મોહે કાયકુ લગાઇ
અયસી લગન જીન.--દ્રીગન.

રાગ બ્હાર-ગજલ.

ચમનમે આઇ હય કયા ખુશનુમાં બ્હાર બસંત
તરેહ તરેહકે કીએ હય અજબ સીણગાર બસંત-ચમનમે.
અબરમે પ્હેને હુવે કયા જર્દ ચંપાઇ પોશાક
ગલેમે ડાલે હુવે મોતીઓકાં હાર બસંત.-ચમનમે.
ચંબેલી મોધરા ઓર કેતકીકાં કયા હૈ મજકુર
હય આજ સદબી બોસતાંમેં ચોપદાર બસંત.-ચમનમે.
'રંગીલે' તુંને કહી કયા બ્હારકી ગજલ
દેખાયે હમકો ફેરબી ખુદા નઇ દોબારા બસંત-ચમનમે

રાગ દેશ—ચતરંગ.

ચતરંગ રશ સંગ મીલ સુરમેં ગાવે
કર ગ્યાન ધ્યાન મનમેં બીચાર
તબ સબ ગુનીઅનમે કર દેખાવે.—ચતરંગ.
નીત્રોમ તોમ તોમ તાના તોમ તદારેદાની
નાદીરદીર દીર તુમ દીરદીર તુમ દીરદીર
તાના તુમ દીર તદારે દાની.—ચતરંગ.
ગમપનીસારે પમગરેસા સાનીધપ
મ પ ધ પ મ ગ રે પ મ ગ રે સા.—ચતરંગ.
તાન તાલ બોલ લેકે અછર પતરી બીથાવત
ગાવત ગ્યાન સરસ નીત અતહી છબીલે
ધીનતર કીતતક નકતીક ધા કાનધા
કીધાન ધા કતીના કાન તારતા ધા.—ચતરંગ.

રાગ પરજ.

પીઅરવા મોરે ઘરે આવોરે
ગાન બજાના સુનો મોરી જાન
તબલા સારંગી તંબુરે સીતાર.—પીઅરવા.
આદરદાની તુમદરદાની ગડદુમ ગડદુમ કાનદુના
ગડદુમ ગડદુમ ગડદુમ દુમ છનનનનનન.—પીઅરવા.

રાગ શોરઠ.

મારે મેહેલમાં ફુલી કેસર કયારી–ચાલો તો બતા દેઉં બેહારીજી.–મારે
ચંપાબી ફુલાચંબેલીબી ફુલી–કેવરેકી છબ હય ન્યારી.–ચાલો.
પ્રીત કરેતો ઓર નીભાજો મત ન હસાઇઓ દુરજન લોગ
અબકે બીછરે કબ મીલેંગે નદીઆં નાવ સંજોગ.–ચાલો.
લાલ તેહારે બ્રહેકી લાગી અગન અપાર
સરસે બરસે નીરતો મીટે ન જર જંગાર.–ચાલો.

VICTORY MARCH—રાહ.

પૈસાના આજે સો પુંજારી–પૈસાને આપે સો માન
પૈસાએ ભોગવે સરદારી–પૈસો ઢાંકે પાપ મ્હાન.—
જરે બને ગુણવંત બદકાર–રચે નીચ યુક્તિ હજાર
ન ડરે લુટે પાપે યાર–એવો છે જરનો મ્હાર.—
ઠગાઇ લુચ્ચાઇ હીકમતે જમાવે દોલત તમામ
પૈસા બસ પૈસાએ જગમાં મલે એશઆરામ.—

રાગ ગોંડ મલ્લાહર—તીરાણાં.

નાદરદરદાની દીમદીમ તાદીમ તનનનન
તુમદરદર તનનનન દીમ તનદેરના.—નાદર.
તાદીમ દીમ તાદીમ તનનનનનન
ઓ દાનીદીમ તનનનન તુમદર દરદરનાં
તદારેદાની તદાની નાદરદરદાની.

રાગ આસાવરી.

આવો પ્રીતમ ગલે લાગું પ્યારે
મય જો ભઇ તોરે દરશ દેખ બીન
બાર બાર સમજાઉં સખીરી.--આવો.
મય જો મનાઊં તું નહીં માનત
કાહુ સાતનીઆંસે લાગો નેહા
મય જો ભઇ તોરે દરશ દેખ બીન
બાર બાર સમજાઊં સખીરી.--આવો.

રાગ ભૈરવી.

મારા પ્યારા વન મને ચયન નહીં આરામ નહીં નીશ રૈયન મને
નીત જીવરો ધડક રહે–અંગમાં અગન સુખ આરામ તન મને નહીં.–મારા.
હાય જીગર મારૂં થરથર કાંપે–મન કોણુ ધીરજ હયાં તું વન આપે
હાય હાય આફત ભારી હાય
તારો હાલ હું કોણુથી પામું–તુંજને શારૂં કહાં પુકારૂં
મન ફ્ડકે છે અંગ ધડકે છે
નગર નગર સારી દીનભર હું બા ફરતી પણ નહીં હું ડરતી રડતી
પલ પણ હું નહીં જપતી ધુંડતી સગરી નગરી નગરી.—

રાગ ભૈરવી--તીરાંણા.

દારાદીમ તનુમ તનનન દેરેનાદીમ તદારેદાની
દરાદરા દરાદરા નીતનીતનુમ નીતનીતનુમ
યલી યલાલે તદારેદાની તાદાની તાદાની.—દારાદીમ.
નાદરદરદીમ નાદરદરદીમ તનનનન
તદારે તદારે યલી યલાલુમ યલી યલાલે
તદારેદાની તાદાની તાદાની તાદાની.--દારાદીમ.
પ્રીતમ હમ તુમ એક હય કહેણુ સુનનકા હોય
મનસે મનકો તોલીએ તો મન કબી ન હોય--નીત.

રાગ ભૈરવી.

ગાવો ગીત ગાઇ સુર લઇ રંગ દઇ ખુશ થઇ રોજ મુબારક આજ.—ગાવો.
થાવો ખુશાલ—આ નવ શાલ—ફલો નેક ફાલ
આજ મલ્યાં મારાં—દોસ્તો જાંની પ્યારાં—પ્યારાં અતી વ્હાલાં
કરો ચમન લાલા—દુશમનનાં મુહ કાલાં—માલીક રાખે લાજ.—ગાવો.
પાક યજદાનનાં પાક ફરમાનથી કીના કપટને દુર કરો હલી મલી ફરો
રબને ભજીને બદીને તજીને પાપથી ડરને નેકીને હરીને
દુઃખને સહીને સતને વળગીને રીપન કીર્તીએ ગાજ.—ગાવો.

વીકાજીનું વસીયત!

અને

સુખલાજીને નસીયત!

હાસ્યજનક ગાયન યુક્ત નાટક ૩ અંકી.

રચનાર.

નશરવાનજી રુસતમજી વાચ્છા.

—:o:—

'નૌશીરવાને સમનગાન' 'ગાયને દીલખુશ' 'ફીડલ ગાઇડ'
'વેહેમાયલો ભરથાર' 'જેહાંગીર અને જર' 'માપી
પરીન' 'તેલીફોનનુ તોફાન' ઇત્યાદીના કર્તા.

—:o:—

મુંબઇ:

—:o:—

સરસવતી પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

કીંમત રૂ ૦।।.

દીબાચો.

શોકીન સદ્ગ્રહસ્થો સાથે નિતીમાન અને ચાનક આપનારા નાટકો તથા ફારસો મારફતે વરસમાં મારી કલબ તરફથી એકાદ બે વાર જાહેર મેલાપ કરવાને અમોને જે માન છે, તેમાં આ એક નવા નાટકથી અમારા વાંચનારાંઓ સાથની તેજ મજકુર પીછાંણ આગલ વધારવાને આ ટાંકણે અમોને વધારે ખુશી ઉપજેછે.

અમારા માલેકપણાં હેઠલ ચાલતી અત્રેની 'રીપન મ્યુઝીક કલબ' આજ લગભગ ચાદ વરસ થયાં લાગત વાર્ષીક મેલાવડાઓ કરેછે, કે જે વખતે સભાસદો પોતાનાં અને દોસ્ત આશનાવોનાં કુંટુંબોને ગાયન ફારસ યા નાટકની એક નીર્દોષ પ્રકારની ગમત પુરી પાડે છે. એ કલબના માલેક તેમજ ખેરખાહ તરીકે દર વર્ષે અમારી તરફનું સઘલું ઉત્તેજન આપવામાં હું મોજ લઉંછું; અને સભાસદો પણ મેલાવડાને બની શકે એટલો ફતેહમંદ કરવામાં પોતાની બનતી મદદ આપે છે એ સંતોષકારક તેમજ તેઓને માન ભરેલું છે.

આ અમારો નવો નાટક એક નવું આખું સંસારી ચીત્ર છે. તે અમોએ અંગ્રેજી ઉપરથી ઉપજાવી કાઢેલો છે, અને તેમાં ઘણોજ ફેર-ફાર કીધાથી તથા સુંદર રાગણીઓથી તેને સીણગાર આપ્યાથી કરી તે લગભગ નવા જેવોજ થયોછે. આજવેર અમારી કલબ તરફથી ભજી બતાવામાં આવેલા ખેલો જેમ શોકીન ગુજરાતી પ્રજાની એક અવાજે પ્રગટ પ્રસંસા પામ્યાછે, તેમજ આ સાલના જલસાનાં ગાયનો તથા નાટક પણ લોકપ્રીય થશે એવી અમોને ઉમેદ છે.

સેવટે વગર જાહેર ખબરે અમારા એકેક કાર્ડને માન આપીને બહાર ગામનાં રાજકીય અધીકારીઓએ તથા મુંબઇના જાણીતા શેઠીઆઓ તથા સદ્ગ્રહસ્થોએ અમોને જે અગાઉથી આ ચોપડી ખરીદી ઉત્તેજન આપ્યું છે, તેમના અમો આભારી છૈએ,

ન. રૂ. વાચ્છા.

બનાવનાર.

વીકાજીનું વસીયત!

અને

સુખલાજીને નસીયત!

હાસ્યકારક ગાયનયુક્ત નાટક ૩ અંકી.

રચનાર

નસરવાનજી રૂસતમજી વાચ્છા.

આ ખેલ રી. મ્યુ. કલબનાં નીચલા સભાસદો તરફથી

નૉવલટી નાટકશાલામાં.

તા. ૨૯ મી મે ૧૮૯૮ ને દને ભજી બતાવવામાં આવ્યો હતો.

નાટક પાત્ર.

સુખલાજી—એક માતબર શેઠયો—વીકાજીનો ત્રસ્ટી	મી૦ ધી. કા. હાજી.
માણેકશાહ—ધનનો મામો—વીકાજીનો ત્રસ્ટી	મી૦ ધ. હો. મોદી.
ફીરોઝ—વીકાજીનો કમનશીબ બેટો—ધનનો પીતા	મી૦ હો. શો. મીસ્ત્રી.
જમશેદ—સુખલાજીનો ભત્રીજો—ફીરોઝનો જમાઇ	મી૦ પી. મા. મારકર.
સ્યાવક્ષ—જમશેદનો મીત્ર—માણેકશાહનો સગો	મી૦ ફ. જા. મુકાતી.
પાલી—સુખલાજીનો વડો કારભારી	મી૦ ર. જમશેદજી.
કાલી—સુખલાજીનો કારભારી—પીલાંનો પીતા	મી૦ ફ. જા. મુકાતી.
ભાણયો—માણેકશાહનો લાલ્યો નોકર	મી૦ પે. ર. બાશા.
ધન—ફીરોઝની બેટી—જમશેદની મોહોરદાર	મી૦ હો. અ. કરાણી.
પીલાં—કાલીની બેટી—સુખલાજીની ધણીઆણી	મી૦ દેશાઇ યા રાંદેલ્યા.

સ્થલ—સુરત.

ખેલ ભજી બતાવવાનો વખત ત્રણ કલાક.

વીકાજીનું વસીયત!
અને
સુખલાજીને નસીયત!

અંક ૧ લો.—પ્રવેશ ૧ લો.

સ્થલ સુરત.

(વીકાજીનાં મેહેલનાં બાગનો દરવાજો—ફીરોઝ ગાયન ગાતો દાખલ થાયછે.)

રાગ બીલાવલ.

હજારો ફીક્રમાં છે જાન મ્હારી
દુવા ચાહું પરવરથી મ્હારી.—હજારો.
સામેલ થયો જામીન ઉપર નેક દોસ્તની વફા ખાતુર
ભોગ થયો તે કમોતનો બોજ પડયો શરપર
અર્જ ગુજારી પીતાને મારા બચાવો આ વખ્ત સર
ખોફ કરી દુર કીધો પરદેશ રહ્યો વર્ષ પંદર
આજ હયાં પાછો ફરી જોઇ સુરત નગરી મ્હારી.—હજારો.

(ગાયન પુરૂં થતાં ફીરોઝનો નોકર મેહેરવાન દાખલ થાય છે.)

મેહેરવાન—ફતેહ! શેઠ ફતેહ! ખુશી થાવો! ગમ દુર કરો! ભલે પધારો તમો એકવાર પાછા તમારા પીતાજી વીકાજીનાં મેહેલે! જુવો શેઠ, સુરત શેહેરમાં આજે આપણે પંદર વર્ષે પાછા ફરયા છૈયે, તોપણ તમારા પીતાજીનો મેહેલ અને આજુબાજુનાં દેખાવો જેવાને તેવાજ છે. શેઠ હું દરવાજો ઠોકું?

ફીરોઝ—હા. જલદીથી ઠોક! એક પલ હવે એક જમાના સરખી છે! (મેહેરવાન દરવાજો ઠોકેછે) આજ છેલ્લાં પાંચ વરસો થયાં મને કશો કાગજ મારા પીતાની તરફથી મલ્યો નથી,

તેમજ મારૂં વાહાલું ફરજંદ કેમ છે તે પણ હું જાણતો નથી.

મેહેરવાન—અચ્ચીતજ શેઠ, એ ઘણુંજ અજબ જેવું છે!

ફીરોઝ—અરેરે મેહેરવાન, વારંવાર કાગલો લખ્યાં છતાં તથા દર માસે મારી બેટી ધનને માટે રૂપ્યા પચાસનો લવાજમ મોકલવા છતાં, જ્યારે કશો જવાબ નહીં મલે, ત્યારે તેથી કેટલું દુઃખ મને દીલમાં થતું હશે તેનો વીચાર તુંજ કર! ચીનમાં મારા શેઠની પેહેડી ભાગવાથી આજે આપણે જેવા ખાખા વરખા અવતારે ગયા હતા તેવાજ પાછા ફરયા છૈયે! અરે દુન્યા—દુન્યા, તારા ઢંગ અજબ છે! (ગાયછે.)

રાગ ગોરી.

દુન્યા પાપી પાપી—સતને નાંખે છાપી છાપી.—દુન્યા.
દગાબાજી લુચ્છાઇ ખોટાઇની આજે છે બ્લીહારી
સત્યતાએ જે ચાલે જગમાં ભોગવે હાડમારી.—દુન્યા
સંગત જુઠની સદા જાંણુ ઇનશાં બુરી
વસે જીગરમાં હરદમ કપટની છુરી
રચે જર ખાતેર જુઠાં તરકટો ફરી ફરી
ન ડરે હટે પાપથી ન દીલે દયા ભરી.—દુન્યા.
સત્ય થકી નીત દુઃખો આફત જે કોઇ સેહવે ભારી
આખેરસ ફલ મીઠાં પામે સતવંત નર ને નારી.—દુન્યા.

મેહેરવાન—પણ શેઠ, જો તમે તમારા બેવફા મીત્ર મીનોચેહેરનાં કરજનાં જામીન થયા ન હતે તો આટલી હાડમારી આજે આપણુને ખમવી પડતે નહીં!

ફીરોઝ—મેહેરવાન, તું તે મારા મરહુમ ભલા દોસ્ત મીનોચેહેરને બેવફા કહેછે તેમાં તારી ભુલ છે! તે ખરેજ મારી મીત્રતાને લાયક હતો! તે જો જીવતો હતે તો પૈએ પૈ તેના માંગનારાઓની ચુકવ્યા વીના રહેતે નહીં, એવો તે નેક અને વચનનો એક હતો! ખુદા તેનાં રૂહને નેક જગા બક્ષો! (થોભીને) મેહેરવાન, એ મારા દોસ્તનો વડો ભાઇ સુખલાજી હજી કુંવારોજ છે, અને તેની પાસે ઠીક પુંજી છે. એને મારા મરહુમ દોસ્ત મીનુંના એકપુરા દીકરા જમશેદને પોતાનો દીકરો કરી લીધેલો છે. બેહેસ્તનશીન મીનોચેહેરે પોતાનાં એ વડા ભાઇ પાસેથી પણ કેટલુંક નાણું

બ્યાજે ઉછીનું લીધું હતું, અને તેનો પણ જામીન હુંજ છેઉં. એ સુખલાજીને મારા પીતાજી સાથે ઘણુંજ સારૂં છે. (વીચાર કરીને) અગરજો મેહેરવાન મારા સઘલા અસલનાં માંગનારાઓ મારી ઉપર આ વખતે પાછા ઉલટશે, અને મારા પીતાજી કાંઇ પણ મદદ આપવા ના પાડશે તો પછી મારૂં શું થશે?

મેહેરવાન—મારા નેક શેઠ, તમો ધીરજ રાખો તે સાહેબ આપણને મદદ કરશે. મને લાગેછ કે હવે તમારા પીતાજીનો ગુસ્સો નરમ પડયો હશે.

ફીરોઝ—ખુદા કરે ને તેમ હોય! મેહેરવાન, દરવાજો ઠોકયાને ઘણો વાર થઇ ગયો ને હજી કોઇ મલે કેમ નહીં?

મેહેરવાન—(ફરીથી જોરમાં દરવાજો ઠોકેછે) ખચ્ચીતજ કોઇ મલે નહીં. નખોદગીયાં બધાં બેહેરાં થયલાં કે ડુબી મુવેલાં!

ફીરોઝ—ચુપ! કોઇનાં પગલાં સંભલાયછ! (સામે જોઇને) કોણ? બુધ્ધો પાલી! મારા પીતાજીનો લોભી કારભારી! મેહેરવાન હવે કાંઇ ખબર આપણે મેલવી શકશું! (પાલી દાખલ થાયછે)

પાલી—(બાજુએ) નખોદગીયા કાલીએ ભુલમાં હુખલાજી હેઠનું કુતરૂં કોહલું હમજીને બંદુક ફોડી મારી લાખેલું તેથી હુખલાજીએ ગુહામાં આવી જઇ કાલીને પાણીચું આપેલું! પેલી તેની પોરી પીલાં રોજ મારે ઘેરે આવીને પોતાના બાપને પાછો ચાકરીએ રખાવવા માટે મને કાલાવાલા કયહા કરે તેથી મને દયા આવેલી ને મેં તેણીને હમજાવેલી કે તું એક અરજી કરીને લઇ આવ કે હું તુંને મારી હાથે હુખલાજી હેઠ આગલ લઇ જાઉં. એ પોરીને જોતાંજ હેઠ—

મેહેરવાન—(વચ્ચે પુરાઇને) કેમ પાલી કાકા, કેમ છેવો? અમે આજે ચીનથી પાછા તમુને ભેટવા આવેલા!

પાલી—(ચોંકીને) કોણ! મેહરવાન! (બાજુએ) એ નખોદગીઆએ, પાછા કાંથી ફુટી નિકલેલા! ફીરોઝને માટે વાર જોતાં જોતાં મારી આંખો તણાઈ આવેલી! હવે આજે મારા રૂપયા ખરા થાય ખરા! ખુહાલી! ભારી ખુહાલી! (તચાકડી ફોડેછે)

ફીરોઝ—(પાલી આગલ જઇને) પાલણજી તમને જોઇને હું ઘણો ખુશ છું.

પાલી—તેમજ મારા હેઠ, તમને જોઇને હું પણ ખુહી થીએલો. (બાજુએ) ચાલ બચ્ચા, હવે રૂપયા આપવાની જલદીથી તૈયારી કર નીતો મુવોજ છુટો !

મેહેરવાન—જોયું કેની શેઠ, મેં કહેલું તેજ થયું. હું ધારતોજ હતો કે આપણને સારો આવકાર મલશે. ચાલ પાલી દરવાજો ઉઘાડ અને જલદીથી દારૂ તથા ખાવાનું લાવ ! પેટમાં કુરકુરી લાગેલી !

પાલી—હા જેલના દરવાજા ખુલ્લા છે–અને હુકી રોટી ને પાણીનો કુંજો પણ તૈયાર છે. હમજેલો કે ? ફીરોઝહા હેઠ, હવે મેહેરબાની કરીને મારી પાહેથી ઉછીના લીધેલા રૂપ્યા બે હજાર તેનાં હેંકરે ચાર ટકાનાં બ્યાજ હાથે ભરી દેવો ! રાત ને દી તે રૂપ્યાની ફીકરે ફીકરે ઉં હુકાઇ ગીએલો !

મેહેરવાન—અરે ચાલ પાલી આએ કાંઇ રૂપ્યા માંગવાનો વખત નથી !

પાલી—અરે યાર ત્યારે હજી કયો વખત આવવાનો રીએલો ? (ફીરોઝને) હેઠ, મારા રૂપ્યા તોલી દેવો !

મેહેરવાન—છટ પાલી એટલો ઘઘેડો કેમ બનેછ ! તને બીલકુલ શરમ નથી ! ચાલ દરવાજો ઉઘાડ કે આપણે સઘલાં સાથે શેઠ વીકાજી આગલ જઇએ, તેવણ તને રૂપ્યા આપશે.

પાલી—ધીરે ભાઇ ધીરે ! તમે બેઉ જણાં હુખેથી તેવણને મલવા હીધારો, પણ ઉં તો આજે પાંચ વરહ થીએલાં તેવણને ની મલેલો !

ફીરોઝ—એટલે ! ત્યારે તેવણ હાલ કયાં છે ?

પાલી—કાં તે ઉં હું જાણું ! પણ તે ઉં ધારૂં કે જેમ અમે હુરતમાં અને તમો ચીનમાં ઉતા તેટલા દુર તેવણ હોવા જોઇએ !

ફીરોઝ—(બાજુએ) એ હન્નમ બકી શું, મરેછ ! (મોટે) અરે પણ પાલી ત્યારે શું તેવણું બાહારગામ સધાવ્યાછ ?

પાલી—નહી ! હા ! છટ ! અરે યાર તેમજ થીએલું ! (મોટે) અરે હાંભલો, તેવણ તો આજ પાંચ વરહ થીયાં ગુજરી ગીએલા !

ફીરોઝ—(દઘાઇને) શું ત્યારે મારા પીતાજી ગુજરી ગયા ?

પાલી—હાજ તો !

ફીરોઝ—ઓ ખુદા ! આ કેવો શીતમ ! (દચકાં ખાયછે)

મેહેરવાન—અરે ખુદા ! એ શું થઇ ગયું ! હાયરે મારા શેઠ ! ((રડેછે)

પાલી—(મેહેરવાનને બાજુ લઈ જઇને) અરે પણ તું હાનો ફોકેફોક

રડી મરે ? હેં ! તારૂં હું લુટાઇ ગીએલું ?

મેહેરવાન--અરે દોસ્ત હું એટલા માટે રડું છ કે વીકાજીનાં મરણથી મારા હેઠ ફીરોઝને હવે કેટલી બધી મેહેનત પડશે ! એનું કરજ ફીટાડવાને તથા બધી માલ મીલકતોનાં ભાડાંઓ ઉઘરાવવાને માટે તેમજ તુંને ચાકરીથી પાણીચું અપાવી તારી જગા મને મેલવવા માટે મને કેટલી બધી હાક જંજાલ અને મેહેનત પડશે તેનું મને રડવું આવેછે !

પાલી--(ટકોરથી) ખરેખર, ત્યારે દેખું એમ થીએલું ! તેથીજ તુને આએ બધો કુચો થી આવેલો ! અરે બચ્ચા હવે જલદીથી તારાં આંહુ લુછી નાંખ ને હાંભર કે તારા ફીરોઝ હેઠને તો વીલમાંથી મોટા હેઠે રદ બાતેલ કીધેલો ! હઉવે !

મેહેરવાન--(ચોંકીને) હાયરે મારા બાપ ! વીલમાંથી નામ છેકી નાંખેલું ! મારયા ઠાર !

પાલી--અરે પાઇબી ની આપેલી ! હેઠ, પોતાની હગલી દોલત એક બાઇને આપી ગીએલા !

મેહેરવાન--બાઇને ! કોણની બાઇને ? ત્યારે શું બુઘ્ઘાજી કોઇ સાથે પ્યારમાં પડેલા ?

પાલી--અરે છટ ! (ફીરોઝ આગલ જઇને) જોની ફીરોઝ હેઠ, મોટા હેઠે પોતાની હગલી મીલકતો તમારી દીકરીનાં નામપર કીધેલી !

ફીરોઝ--(અચરતીથી) મારી દીકરીનાં ! મારી વાહાલી ધનનાં !

પાલી--હા.

મેહેરવાન--(હસીને) હા ! હા ! ત્યારે તો બેવડી ખુશાલી ! એતો વલી સત્તાનાનું સુન્નું ! ત્યારે તો મારા ફીરોઝ શેઠજ સઘલી મીલકતનાં ધણી થશે, અને પછી--પછી શું જો પાલી તુંને પાણીચું આપી તારી જગા પર હું વડો કારભારી થવશ !

પાલી--(હસીને) લે વલી પાછું ભેજું ચકાહેલું ! અરે તે મીલકતોનુ તો તરહ કીધેલું ! મરનારે મારા હેઠ હુખલાજી તેમજ ધનબાઇનાં મામા માણેકહાને તરહતી નેમેલા માટે જ્યાં હુધી ધનબાઇ ઉમરમાં આવે ત્યાં હુધી તરહતીઓ જે કરે તે ખરૂં ! માણેકહા હેઠનો ધનબાઇ પર બહુ તરાહ ! અને તે જેમ કહે તેમ તેણી ચાલે ! હમજેલો ?

ફીરોઝ--કોણ ! માણેકશાહ માસતર ત્રસ્ટી !

પાલી—હા તેવણુ તો તમારી ઉપર ઘણુંજ ખીજવાયલા ! એક દીવહે મેં તેવણુને મારા હેઠને કેહેતાં હાંભલેલા કે તમે કાંઇબી નાણું યા કાગજ તમારી દીકરીને માટે મોકલતા નથી છે!

ફીરોઝ—તદ્દન જુઠું ! હું હમેશાં દર મેલે માણેકશાહપર કાગજ લખતો હતો, અને છેલ્લા ત્રણ ચાર માસ સીવાય દર મહીને હું મારી દીકરી ધનનાં ખરચ માટે રૂપ્યા પચાશ મોકલતો હતો.

પાલી—તેતો ખુદા જાંણે! માણેકહા તો હાફ ના કેહ! મરતી વખતે તમારા બાવાજીએ તમારી દીકરી ધનને પેટમાં ચાંપેલી ને પોતાની હઘલી ગંજાવર મીલકતો તથા દોલત તરહ કરીને ધનબાઇને આપી ગએલા! (બાલ ધવડીને) પણ હેઠ, ચીન વેરથી ઠીક પુંજી લઇને આયા હોહો, માટે મારા રૂપ્યાની કાંઇ તજવીજ કરહો તો મેહેરબાની ! ચાલો ઉં જઇને તમારે માટે બારણું ઉંઘાડુંછ! (જાયછે)

મેહેરવાન—શેઠ, સઘલું જણાઇ ગયું ! મને લાગેછ કે એમાં કાંઇ દગો છે! શું આપણાં કાગલો અને રૂપ્યા તેઓને મળ્યાજ નથી ? ઘણુંજ અજબ જેવું ! શેઠ, એ માણેકશાહ માસતર જબરો તરકટી છે, અને એવા એક લુચ્ચાની સંભાલમાં તમારાં બચ્ચાંને સોંપવામાં તમોએ મોટી ગફલતી કીધીછ!

ફીરોઝ—મેહેરવાન, માણેકશાહતો ધનનો મામો થાય–ત્યારે તે પણ શું મારીસે દગો રમેછ ! મારી પ્યારી ગુલ જો આજે જીવતી હતે તો હું આટલો હાડમાર થતે નહી ! અરેરે ત્યારે તો મારી દીકરી ધન પણ મને તેના મામાની શીખવણીથી ધિકકારતી હશે! અરે નશીબ, નશીબ, એ બદ નશીબ !

મેહેરવાન—પણ શેઠ આપણે પાલીનાં બોલ્વાઉપર બધો ભરૂસો રાખવો ન જોઇએ. ચાલો આપણે સુખલાજી શેઠને, યાતો તમારી મરજી હોય તો તે પેહેલાં તમારા મરહુમ મીત્ર મીનોચેહેરનાં દીકરા જમશેદને મળી, વધુ ખુલ્લાસો મેળવ્યે !

ફીરોઝ—(દુઃખથી) મારૂં ધક ઠેકાંણે નથી ! તારે ગમે ત્યાં મને લઇ ચાલ ! (થોભીને) વારૂં મેહેરવાન, આપણે ધનને એનાં મામાને સોંપી ગયા ત્યારે તેણી કેટલાં વર્ષની હતી ?

મેહેરવાન—આસરે ચાર કે પાંચ વર્ષની શેઠ !

ફીરોઝ—ત્યારે તો હમનાં તેણી આશરે અઢાર યા ઓગણીસ વ-

ષની સકોમલ નાર થયલી હોવી જોઇએ ! મેહેરવાન, સુરત શેહેર છોડતી વખ્તે હું તેણીને એવી આશામાં મુકી-ગયો હતો કે જ્યારે બી હું પાછો ફરશ તયારે એ મારી ગરીબ ગાય દીકરી મારી સારવાર કરી એની માયનો ખંગ વાલી આપશે ! પણ મારી તે સઘલી આશાઓ ભષ્ટ થઇ છે ! (ગાયછે.)

રાગ ભૈરવી.

કહાં જાઉં–સુનાઉં–હાલ કો'ને જણાઉં
છતી દોલત ફરજંદે–જગમે હીણાઉં.––કહાં.
સરખી સ્થિતી સદા ન રે'તી–કો'ની આ સંસારે માન
અસ્ત ઉદય છે પલપલમાં–ચેત પાપી ઇનશાન.––કહાં.
સગા સ્નેહી સૌ મતલબી–પાપી દુન્યા માયા જાંન
તેજ એક છે બીનમતલબી–ભજું નીત ભગવાન.––કહાં.
(ગાતો ગાતો મેહેરવાનનાં ખભાં ઉપર હાથ ટેકવીને જાયછે.)

પ્રવેશ ૨ જો.

સુખલાજીનું દીવાનખાનું.

(સુખલાજી ન્યુસ વાંચતા જણાયછે; પાલી ધીમે કદમે દાખલ થાયછે.)

પાલી––હાબ મેહેરબાન હેદ ! (આગલ જઇ મોટેથી) આએ આમણી કાલીની પોરી પીલાં કંઇ અરજી લાવેલી, ને તમને મલવા માંગે !

સુખલાજી––(રોબથી) અરે પણ બાઇ માણુસે મને મલવાનું શું કામ ? (બાજુએ) નખોદગીયાં બૈરાંઓને જોતાંજ મને ચીતરી આવી જાયછે ! (મોટે) પણ વારૂં એ પોરી કેહેવા શું માંગેછ ?

પાલી––અરે જુવોની હાબ, આએ પેલું હું જો–અરે હા તે પેલું ઓલું કોહલું કેની કોહોલું અરે નીરે હાબ––

સુખલાજી––(દમથી) એ આજે એમ શું કરી મરેછ ! કાંઇ ભેજું ખીસી ગયુંછ કે કેમ !

પાલી––અરે છટ ! હા. એતો કાલીએ જે ભુલમાં કોહલું અરે નીરે હુંજો ? હા (યાદ કરીને) કો કો કો કોહલું હમજીને

તમારૂં તોમી કુતરૂં મારી લાખેલું ને તેથી તમોએ કાલીને પાણીચું આપેલું તેને માટે મને લાગે કે એ પોરી પીલાં તમને હમજાવવા આવેલી.

સુખલાજી--હં: એમ છે ! પણ હું કાંઈ સમજવાનો નથી ! એ મારાં વાહાલાં ને માનીતાં તોમીનાં ખુનને માટે પેહેલાં હું તારો, પછી કાલીનો અને છેલ્લાં પીલાંનો મલી ત્રણદેનો સાથેજ જીવ લેવશ ! ચાલ નીકલ હયાંથી ! (પાલી જતો નથી) અરે હેમક, જોયા શું કરેછ ! (થોભીને) ધૂલ નાંખી ! વારૂં તું જા ને તે પોરીને અંદર મોકલ !

પાલી--(જતો જતો બાજુએ) વારૂં હાબ ! બુધ્ધો પીગળ્યો ખરો ! પોરીનું નામ હાંભરીને એને ચમક થીએલી ખરી ! હઉવે !

(હસતો હસતો જાયછે.—પીલાં બીહતી બીહતી દાખલ થાયછે)

સુખલાજી-- (ગુસ્સાથી) નહી બનશે-એ પોરી નહી બનશે ! હું તને સાફ કહુંછ કે આએ સઘલું ફોકટ છે ! આએ તારી અરજી બરજી તદ્દન નકામી છે ! (અરજી લઇને ફેંકી દેછે) તુંબી તદન નકામી છે-તારી બધી જાતજ તદન નકામી છે !

પીલાં--નહીંજી સુખલાજી શેઠ-

સુખલાજી--(ખીચ પાડીને) શું નહીજી શેઠ ! હું કહુંછ કે બઇરાંઓ કાંઇજ કામનાં નથી-જરાક પણ કામના નથી ! ફ્કત તે લોકો બચ્ચાંઓને રમાડવામાં, ભરવામાં, ગુંઠવામાં અને પુડીંગ બનાવવામાં-તેમજ વળી કેટલીકોતો પોતાનાં ધણી-ઓને પુડીંગ જમાડવામાંબી હુશીઆર છે !

પીલાં--જુવો શેઠ, તે કુતરૂં ભૂલમાં મારા બાવાજીને હાથે મારયું ગયુંછ ! એમાં તેવણનો જરાક પણ વાંક નથી. શેઠ, તમો મેહેરબાની કરીને મારા બાવાજીને પછા ચાકરીએ રાખશો તો મરૂં હું બધી ઓવરાઇ પોવરાઈ જવશ !

(ગુંઠણપર પડીને સુખલાજીનો હાથ પકડેછે)

સુખલાજી--(હાથ છટકાવી નાંખીને) અરરરરરર ! છોડ મારો હાથ ! દુર ઉભી રેહ ! નખોદ જાયરે તમો બૈરાંઓની જાત ઓલાદનું! જો એ પોરી, તારૂં જાદુ કાંઇ મારીપર ચાલવાનું નથી ! આજ છેલ્લાં વીશ વરશ થયાં હું બઇરાંઓની સંગતથી દુરજ રહેલો છઉં, અને વળી તું કહાં મને નડવા આવી ! અવારનવાર ફરવા જતાં મેં તને જોઇછ--તારા હસવાનાં

ઢોંગ અને ચેનચાલા મેં તપાસેલા છે-તારી આંખો મારી તરફ તીરની મીસાલ ટીકાતી મેં વારંવાર જોઇ છે. પણ તે મને પસંદ નથી-બસ મુદલ પસંદ નથી-વાસ્તે તું દુરજ ઊભી રેહ-હવે હું બીજીવાર સુખો બનવાનો નથી!

પીલાં--એટલે શેઠ! બીજીવાર તે શું?

સુખલાજી--એટલે એમ કે જેમ મજનું લેલી પર દીવાનો હતો, તેમ હું પણ અગાઉ એક સુંદર સુના પર દીવાનો હતો. તેણીંનાં નખરાં અને સુંદર સોહામનાં ચેહેરા પર હું એટલો તો ફીદા થઇ ગયો હતો કે બોલવાની વાત નહીં. સત્યાનાસ જાય નાટકવાલાઓનું તે એક તેઓની નાટકી કુંપની મુંબઇથી ત્યાં નાટકો કરવા આવી-તે એક દહાડે હું મારી વાહાલી સુનાને નાટક જોવા લઇ ગયો-ને ત્યાંથી સુનાનું દીલ એક ચદનચાઇ જેવા નાટકી પોરીઆપર લાગું-ને તેથી તેણી મને ગુપચુપ કહ્યા વગર તેની સાથે મુંબઇ નાસી ગઇ-બસ તે દહાડાથી તે આજની ઘડી સુધી હું ઐરાંઓથી દુરને દુરજ રહુંછું તેઓનાં નામનો મને અજબ ધિક્કાર છે.

પીલાં--(આગલ જઇ હાથ પકડીને) પણ શેઠ, પાંચ આંગલી કાંઇ સરખી નથી. એક તેવી બેવફા ઓરતને લીધે દરેકને તેવી ધારવામાં તમારી ભુલ છે.

સુખલાજી--અરે પણુ વલી કાંય મારો હાથ પકડયો હોશે--અરે છોડી દે મને કાંઇ થાયછ--અરરરરરર મારા દીલમાં વીજલી ચાલેછ! (બાજુએ) હા! હા! શું સરસ એનો ઘાટ ને ઠાઠ છે! છેતો ગરીબની દીકરી પણ જાણે નરો પુનમનો ચાંદ! હોઠ તો જાણે નરાં પરવાલાં!

પીલાં—સાહેબ, અગરજો તમો એક દહાડો મારી ગરીબ ઝુપડીમાં પધારો તો તમને માલમ પડશે કે અમારી હાલત કેટલી ગરીબ છે. તમારો નેક ભત્રીજો જમશેદ અવારનવાર અમારી મુલાકાતે પધારી અમને ઘટતી ચીજોની મદદ કરેછ—તેમ જો તમેબી કરશો તો મારી તેમજ મારી બીજી બેહેનોની ઉપર મોટો ઉપકાર થશે.

સુખલાજી—તારી બેહેનો! છટ નોનસ્નસ! બોલ હમબગ! મને તે પોરીઓ સાથે શું કામ છે? એવી જુવાન, નાદાન

છોકરીઓનો મને ઘણોજ કંટાલો છે! પણ વારૂં તારી બ્હેનો પણ સઘલી તારાજ જેવી બોલકણી અને ખુબસુરત છે કે?

પીલાં—શું હું ખુબસુરત છઉં? શેઠ તમો મારી મશકેરી કરોછ!

સુખલાજી—છટ જરાક પણ નહીં! હું ખરૂં કહુંછ કે તું ઘણીજ ખુબસુરત છે—અરે એટલુંજ નહીં પણ મારી એક વારની પ્યારી સુનાતો તારી આગલ કાંઇજિ નથી!

પીલાં—(સાંમે જોઇ) શેઠ, તમારા ભત્રીજા જમશેદ આવેછે!

સુખલાજી—હા. અરે એ કયાં કવાબમાં હાડકું આયું. વારૂં કાંઇ ફીકર નહીં. ચાલ હવે તું જા. આપણને સાથે વાત કરતા જોઈ કોઇનાં મનમાં ખાલી વેહેમ જશે. હું જરૂર સુરજ અસ્ત પામ્યા પછી તારા ઝુપડાંમાં આવશ–પણ યાદ રાખજે કે જો મારૂં કુતરૂં ખરેખરજ ભુલથી મારયું ગયું હશે તો શારૂં નહીંતોકે પછી હું શું કરશ?—પણ નહીં તું હવણાંતો જા પછી આપણે મલશું ત્યારે બધું થઇ રહેશે.

(પીલાં સુખલાજીને પગે લાગીને ચાલી જાયછે)

એનો હાથ જરાક લાગેછ કે દીલમાં વીજલી પેદા થાયછ! કયારે સુરજ અસ્ત પાંમશે? (જમશેદ અને ફીરોજ આવેછે) કેમ લુચ્ચા જમશેદ તું પેલા કાલી કારભારીનાં ઝુપડામાં શું કામ વારંવાર જાયછ; હં: મને એ બીલકુલ પસંદ નથી! તારા દરજજાથી તે ઊતરતું છે! જો ફરીને હું તને ત્યાં જતો જોવશ તો (ચોંકીને) પણ આએ કોણ?

જમશેદ—મી૰ ફીરોજશાહ વીકાજી.

સુખલાજી—(ચસ્મો ચઢાવીને) કોણ? ફીરોઝ! પેલો લુચ્છો ઉડાઉ કરજદાર ફીરોઝ! કેમ સાહેબ,, તમારૂં ચીનથી હયાં કેમ પાછું આવવું થયું? શું કાંઈ ત્યાંબી ઊલગબરડી રમાડી? તમારૂં મોહ મને દેખાડતાં શરમ નથી આવતી!

ફીરોજ—કેમ શાહેબ તમે પણ મારીસે ગુસ્સેછો! મેં તમારૂં શું બગાડયું?

સુખલાજી—(રોબથી) શું બગાડયું? તે તારા જીવને પુછ! શું તુંએ તારા એકપુરાં ફરઝંદને તજી નથી દીધું? બીચારો માણેકશાહ માસતર પોતાને ખરચે તારાં બચ્ચાને પાલતો હતો, અને તું તેવણુને એક અરધી પણ પુછતો ન હતો- એ શું તારી લુચ્છાઇ નથી?

ફીરોઝ--(ગુસ્સાથી) તદન ગલત ! સઘલું જુઠું ! મેં તેવણુપર વારંવાર કાગલો લખી રૂપ્યા મોકલેલા છે ! જ્યારે મારાં કાગલોનો કસો જવાબજ નહીં મળ્યો ત્યારેજ મારી ધીરજ રહી નહીં–અને તે સાથે ચીનમાં અમારી પેહેડીએ દીવાલું કાઢવાથી અંતે મને મુંબાઇ પાછો ફરવાની ફરજ પડી છે.

સુખલાજી—(હસીને) પેહેડીએ દીવાલું કાઢયું ? આજકાલ લોકો ઘરાઘર દીવાલાં કાઢવામાં બાહાધર થયાંછ ! પણ શાહેબ, તમે કાંઇ તમારા બાવાની દોલત મેલવવાની આશામાં આયા હોવો તો તેમાં તમો ફાવનાર નથી. બેહેસ્તીએ વીલ કરી પોતાની સઘલી દોલત તમારી દીકરી ધનને આપી છે–અને તમારી ખરાબ ચાલને માટે તમને એક અરધી પણ આપી નથી. આએ મેહેલની વારેસ તમારી દીકરી ધન છે–અને તેણી પણ તમને ધિકકારેછ ! હવે સાંભળો કે તમોએ જલદીથી મારા મરહુમ ભાઇ મીનોચેહેરનું દશ હજારનું કરજ મને ભરવું પડશે.

જમશેદ—કોણનું ? બેહેસ્તનશીન મીનોચેહેરનું ! મારા નેક પીતાજીનું !

સુખલાજી—હા, દીકરા એ મારા નાના ભાઇ મીનુના કરજનો જામીન ફીરોઝ છે. (ગુસ્સાથી) દીકરા જમશેદ, તારે એવા એક ઉડાઉ અને લુચ્ચાની સંગતથી દુર રેહેવું ઘટેછે. તારા બેહેસ્તી બાપનાં કરજને લીધે એને ઘણું ખમવું પડયુંછ, તોપણ તેને માટે તું કાંઇ જોખમદાર નથી. ચાલો સાહેબજી. (જતો જતો બાજુએ) ચાલ હવે પેહેલ્લાં દોડતો જઇ માણેકશાહા માસતરને મલું–પછી કાલીની ઝુપડી–અને ત્યાર પછી ત્યાંર પછી (હસીને) હા ! હા ! હા ! લયલા મજનુનો પ્યાર ! (ટચાકરી ફોડતો ફોડતો ચાલી જાય છે)

ફીરોઝ—(દુ:ખથી) સઘલું રંધાઇ ચુકું ! હવે મને કશી આશા રહી નથી ! આ દુન્યામાં હવે મારૂં કોઇ રહયું નહી ! હવે શું કરૂં ! કયાં જાઉં ? મારા જેવા કમબખ્તને કોણ આશરો આપશે ! દુશમનો મારી પુઠે છે–બાપે તજી દીધોછ–બેટીએ વીશારી મેળ્યોછ–ત્યારે એવા એક કમતાલેનાં સખ્સનો મીત્ર કોણ થનાર છે ?

જમશેદ—(આગલ ધસીને) હું છઉં મી૦ ફીરોઝ—હું છઉં !

ફીરોઝ—(અજાયબાથી) કોણ ! તું ?

જમશેદ—હા. શું હું તમને ભુલી જવશ ! ના કદી નહીં ! મી૦ ફીરોઝ, મારા કાકાજી તરફથી તમને થયલાં અપમાનથી મારૂં જીગર બલી ગયું છ !

ફીરોઝ—શું, ખરેખર ! હા—તેમજ છે ! આ તારો ઉમદા ખવાસ મને તારા મરહુમ પીતાની મીત્રતાની યાદ આપે છે ! પણ જમશેદ મને જવા દે. તારા કાકાજીએ તને હવણાં નથી કહયું કે મારી દોસતીથી તારે દુર રેહેવું ! મારે લીધે તું તારા કાકાને અકારો થઇ પડે તે જોવાને હું બીલકુલ રાજી નથી !

જમશેદ—(જુસ્સાથી) નહીં તેમ નહીં બનશે. શું મારા બેહેસ્ત-નશીન પીતાજીને લીધે તમો કરજદાર નથી થયા ? જોકે મારી પાસે પુરતી દોલત તેના બદલામાં આપવાની નથી, તોપણ જે હેશાન તમોએ મારા મરહુમ પીતાજીપર કીધુ છે તે હું કદી વીસરનાર નથી. આએ ઘડીથી હું તમારો ગુલામ છું. મારી જે પણ મદદ તમે માંગશો તે હું મોટી ખુશીથી આપશ. મારા કાકાજીની મોટી દોલતનું સુખ ભોગવવા કરતાં હું તમારાં દુ:ખમાં ભાગ લેવા ખરાં અંતકરણથી રાજી છું.

ફીરોઝ—જમશેદ, તારા મારી તરફના માન અને ચાહને માટે હું ખરેજ તારો આભારી છું—પણ દલગીરી સાથે તારી દોસ્તીનો હાથ હું કબુલ રાખી શકતો નથી.

જમશેદ—નહીં મી૦ ફીરોઝ, તે તમને કબુલ રાખવોજ પડશે. તમે નીરાશ ના થાવો. માણેકશાહ માસતરનોજ ફકત તમારી દીકરીપર કાબુ છે એમ નથી—પણ બીજાનોબી છે !

ફીરોઝ—એટલે વળી, બીજા કોણનો ?

જમશેદ—તમારા સેવકનો.

ફીરોઝ—તે કેવી રીતે ?

જમશેદ—તે હું કહુ. જ્યારે છેલાં છ માસની વાત ઉપર હું મારા દોસ્ત સ્યાવક્ષ સાથે માથેરાન હતો, ત્યારે ત્યાં મી૦ માણેકશાહ તમારી દીકરી ધનને લઇ પધારયા હતા. સ્યાવક્ષ માસતર માણેકશાહનો અતલગનો બેસી હોવાથી અમો વારંવાર માણેકશાહ અને ધનની મુલાકાતે જતા હતા. ટુંકમાં તે મીત્રાચારીપરથી ધન અને મારા વચ્ચે પ્રીતી

બાઝી, અને અમો એકમેકને પરણવા માટે છુપા પાક કોલથી બંધાયાં. જ્યારે માણેકશાહને એ વાતની ખબર પડી ત્યારે તેવણે મને પોતાને મકાને બોલાવતો બંધ કીધો. તેમ કરવાનું કારણ ફક્ત એજ કે તેવણનો વીચાર ધનને મારા દોસ્ત સ્યાવક્ષ માસતર સાથે પરણાવવાનો છે.

ફીરોઝ—પણ ના, હું તે લગન અટકાવશ-પણ સબર મારૂં શું ચાલવાનું છે? (થોભીને) વારૂં, કોઇ પણ વખતે ધને મારે માટે કશું તને કહ્યું હતું? તેણી મને યાદ કરતી હતી?

જમશેદ—હા તેણીનાં કુમલાં ભેજામાં માણેકશાહે તમારે માટે એવા તો ખરાબ વીચાર ઠસાવેલા છે કે જેથી તેણી હમેશાં માણેકશાહનેજ પોતાના બાપ તરીકે ચાહેછ, અને તમને એક દુશમન સમજેછ. તોપણ તમારે નીરાશ થવું નહીં. તેણી એટલીતો ભોલી અને વફાદાર છે કે આપણે જો એકવાર મલશું તો જરૂર સઘલો ખુલાશો સાંભલી તેણી તમને સુખી કરશે. ચાલો આપણે સાથે જઇ ધનને મળ્યે. (ગાયછે)

રાગ કલ્યાણ.

ધીર ધર ના કર ગમ પ્રીય મીત્ર તું—તું
તું ના બન ગમખાર—રાખ રબપે ઇતબાર
તે મુશકેલી કરશે આશાન એવો છે મ્હા બલવાન—ધીર
સુની દુ:ખી વાતો તારી—ધ્રુજે છાતી મારી
રહી તુંજને વફાદાર—બની તુંજનો ખાકસાર
ધન તન જાન સૌ સદકે કરૂં વચન લે આ મજનું ખરૂં—પ્રીય.

રાગ કમોદ.

ફીરોઝ—મન મારૂં વફાઈ જોઇ તારી હરખાઇ છલકાઇ જાયરે
છલકાઇ જાયરે— મન મલકાઇ જાયરે.—મન.
પ્રીત તુંજની ખરી—મન લીધું હરી
હર્વે કબુલું તુંજ હાથ—મુજ છાતી ઉભાઇ જાયરે.—મન.

પ્રવેશ ૩ જો.

વીકાજીનો મેહેલ.

(માણેકશાહ તથા સ્યાવક્ષ સાથે વાત કરતા દાખલ થાયછે)

માણેકશાહ--હા સ્યાવક્ષ, ધન મારો દરેક પડતો બોલ ઉંચકી લે છે, અને હવે જલદીથી તેણી તારો હાથ કબુલ રાખશે !

સ્યાવક્ષ--પણ મારા દોસ્ત જમશેદનું શું કીધું ? શું ત્યારે ધન હવે જમશેદને ચાહાતી નથી !

માણેકશાહ--નહીં ધન હવે તેને આગલનાં કરતાં અરધોબી ચાહાતી નથી. વળી સુખલાજી શેઠ પણ હવે ખુશી નથી કે ધન સાથે જમશેદ પરણે ! જમશેદ વારંવાર પેલા ગરીબ કાલી કારભારીનાં ઝુપડામાં જાવ આવ કરેછ, તે સુખલાજીને મુદલ પસંદ નથી. તેવણે એક દીવસે ધનની હાજરીમાં જમશેદની ફરીઆદ કીધી કે તે પેલા કાલીની પોરી પીલાંનાં પ્યારમાં પડેલો છે, અને તેવણનાં બોલવાથી ધનપર શારી અસર થઇ છે ! તેણી હવે જમશેદને બેવફા સમજેછ !

સ્યાવક્ષ--(હરખાઇને) હેં ! ખરેખર !

માણેકશાહ--હા સ્યાવક્ષ હવે જ્યારે જમશેદે ધન તરફનો પ્યાર ખોહયોછે

સ્યાવક્ષ--(વચ્ચે પુરાઇને) ત્યારે તે હવે હું જલદીથી મેલવી શકશ. શાબાશ સ્યાવક્ષ શાબાશ ત્યારે તો હવે હું ધનનો ધણી થવશ એટલુંજ નહીં પણ સાથે લાગો તેણીની મોટી દશ લાખની દોલતનો પણ ધણી થવશ.

માણેકશાહ--(અજાયબીથી) દસ લાખ ! દસ લાખ કેમ ? શું એટલી વારમાંજ આપણી કબુલાત ભુલી ગયો ? અરે ગધેડા, જરા વીચારીને તો બોલ ! જો સાંભલ જે દીવસે તારાં લગન ધનની સાથે થશે તેજ દીવસે એ મીલકતનો અરધો ભાગ રૂપ્યા પાંચ લાખ મને મલવા જોઇએ !

સ્યાવક્ષ--(ચોંકીને) અરધો ભાગ ! રૂપ્યા પાંચ લાખ !

માણેકશાહ--હા ખચીતજ ! ત્યારે ધનનાં બાપ ફીરોઝને વારસ હીસ્સામાંથી રદ કરાવાની મારી બીજી શું મતલબ હોય ? શું મેં બેહેસ્તી વીકાજીને ફીરોઝને માટો ઉધુંચતું સમજાવીને વીલ બધુ ધનનાં નામપર નથી

કરાવ્યું ? અરે હેમક ત્યારે તેમ કરાવવાની મારી મતલબ શું ? ફક્ત પૈસા—અરે મુર્ખા ફક્ત એટલુંજ કે હું પણ એ મીલકતમાંથી અરધી મીલકતનો ધણી થાઉં !

સ્યાવક્ષ—(બેદરકાર રૂપે) હં એમ છે ! ત્યારે ચાલો મારે કબુલ છે !

માણેકશાહ—પણ સબર સામેથી ધન આવેછ ! ચાલ સ્યાવક્ષ, તુ હવે મારા ખાનગી ઓરડામાં આવીને મને પેલાં લખત પર હવણાંજ તારી સહી કરી આપ કે પછી મારા જીવને નીરાંત થાય !

સ્યાવક્ષ—ચાલો માણેકશાહ, મારે કબુલ છે.

(બેઉ જાય છે—ધન ફુલની બારાકીટ હાથમાં લઇ ગાતી દાખલ થાયછે.)

રાગ બ્હાર.

ધન—બુલબુલ કલી સંગ કરે રંગ રલીઆં
ભમર ગુંજારે ફુલી ફુલવારી પપઇ મોર બોલે
કોયલની કુક સુની દીલે હુક ઉઠી–બુલબુલ.
સુગંધી લ્હેર લ્હેર ફુલે ગાજી રહી
ખુશ બ્હારે રંગમાં ડોલે હાલે મેહક રહી કલીઆં
ગાજે વાજે સુભ દંન આજે નવરંગ બ્હારે.-બુલબુલ.

(માણેકશાહ સ્યાવક્ષને લઇ દાખલ થાયછે.)

ધન—પ્યારા મામાજી હું બાગમાંથી તમારે વાસ્તે ઘણાં સરસ સુગંધી ફુલો (સ્યાવક્ષપર નજર પડતાં બોલતી અચકી જાયછે.)

માણેકશાહ—કાંઇ નહીં બોલ દીકરી બોલ ! એતો મી૦ સ્યાવક્ષ માસ્તર છે, જેવણુને તુંએ માથેરાનમાં જોયા હતા !

ધન—હા મામાજી એવણુ મી૦ જમશેદની સાથે આપણુને મલવા આવતા હતા (નમીને) શાહેબ, હું તમને જોઇને ઘણી ખુશી છું.

સ્યાવક્ષ—ઠેંક્યુ ! (બાજુએ) ખરેજ એ મને ચાહેછ ! ગરીબ જમશેદ, તને થોડીજ ખબર છે કે તારોજ મીત્ર તને બેવફા થઇ તારી વાહાલી સાથે પરણુવા તૈયાર થયોછ !

ધન—(મોટેથી) અને સાહેબ વધારે તમને અમારે ત્યાં પધારેલા જોઇને હું ખુશ એટલા માટે છું કે તમો મને કાંઈ મી૦ જમશેદની ખબર આપશો. વારૂં માસતર, હજુર તે જેવો અગાઉ હતો તેવોજ બોલકનો અને ખુબસુરત છે ?

માણેકશાહ—શરમ છે ધન તને ! સુખલાજી શેઠ તરફથી જમશેદને માટે આટલું બધું સાંભલવા પછી પણ તું તેનું નામ લેછ ! શું સુખલાજીએ આપણને કહયું નથી કે તે કાલીની છોકરી પીલાંનાં પ્યારમાં પડેલો છે અને હમેશાં ત્યાં ધકેલા ખાયા કરેછ !

ધન—હાજી (અચકીને) પણ તે તે તે—

માણેકશાહ—પણ તે શું ?

ધન—કદાચ તે વાત ખોટી હોય ! સુખલાજી શેઠનો એવો કદાચ ખોટો વેહેમ પણ હોય !

માણેકશાહ—બસ ધન તું હવે વધુ ના બોલ ! જો ફરીથી તું એ લુચ્છા જમશેદનું નામ લેશે તો પાછી હું તને પેલા સામેનાં ઓરડામાં બંધ રાખશ અને કેઠે પણ ફરવા હરવા જવા દેવશ નહી.

ધન—ચાલો વલી પાછું એજ કે ? હું ધારતી હતી કે તમે વલી મને પાછી કેદ કરવાની ધમકી આપશો ! ત્યારે શું મારા બેહેસ્તનશીન બપાવાજીએ તમોને ત્રસ્ટી બનાવ્યા તે મને કેદ કરવા કે સુખ દેખડાવવા ?

માણેકશાહ—(હસીને) ચાલ બસ કર ધન ! હવે ઘણું થયું ! હવે તું માસતર સ્યાવક્ષને લઇને આપણાં બગીચામાં ફેરવી સઘલો બાગ દેખડાવ ! એવણની હાજરીથી તને સોહવાઇ જશે !

ધન—મારે કબુલ છે મામાજી ! હવે કેવા ડાહયા લાગોછ ! ચાલો માસતર આપણે સાથે બાગમાં ફરવા જઇએ ! હું તમને બધા નવા ગુલાબો અને ક્રોટન્સો જે અમોએ પુણાથી મંગાવેલા છે તે દેખાડું.

સ્યાવક્ષ—ચાલોજી (બેઉ જાયછે—સુખલાજી ઉતાવલમાં દાખલ થાયછે.)

માણેકશાહ—કેમ સુખલાજી શેઠ કાંઇ હોકમ ? કાંઇ હાંફતા હાંફતા આવ્યા છો ! શું છે ? કાંઇ માઠા સમાચારતો નથી ?

સુખલાજી—અરે દોસ્ત મેં તેને જોયો—તે લાંબે વખ્તે પાછો આયોછ !

માણેકશાહ—પણ તેને તે કોણને ? જરા ખુલાસાથી બોલો !

સુખલાજી—વળી કોણને પેલા ફીરોઝને ! તે ચીનથી પાછો ફરયોછ ! તે મને હવણાંજ અરધો કલાક અગાઉ મલી ગયો ! તે પોતાની દીકરીની શોધમાં છે ! તે ધનને મળવાને તલપી રહેલો છે !

માણેકશાહ--(ફગલાયલો) શું ફીરોઝ પાછો આયો? યા ખુદા, હવે આપણે શું કરશું? તે જો ધનને મલશે તો તેણીને પોતાનું કરજ આપવા સમજાવશે, અને તેમ કરતાં આએ બધી મોટી મીલકતો અને જાગીરોની ધુલધાણી કરી નાખશે !.

સુખલાજી—હા માણેકશાહ, તેનીજ મને મોટી ફીકર છે. હું જાણું છ એ જબરો ઉડાઉ છે. જો ધનનો એની સાથે મેલાપ થશે તો એ લુચ્છો તેણીને પટાવી સતાવીને સઘલી દોલત હાઉ કરી જશે અને મારાથી મારા મરહુમ દોસ્ત વીકાજીનો સુખન એક ત્રસ્ટી તરીકે બરાબર પાલેલો કેહેવાશે નહીં. અરે બેહેસ્તી મને બેહેસ્તમાંથી પણ કદુવા દેશે. (થોભીને) હવે તો ફક્ત એકજ ઉપાય છે ! હું એ લુચ્છા ફીરોઝને બંદીખાને નખાઉં, તે અગાઉ તમોએ ધનને ખુબ જાપટામાં રાખવી, આપણે એ બેઉ બાપ દીકરીનો જ્યાં સુધી ધન પરણી જાય ત્યાં સુધી મેલાપ થવા દઇશુંજ નહીં. હું હવણાં દોડતો જઇ મારા કારભારી પાલીને હોકમ કરૂંછ કે ફીરોઝને પકડવાનું એકદમ વારંટ કાઢે.

માણેકશાહ--(બાજુએ) ચાલો એતો સતાનાનું સુન્નું ! (મોટે) ત્યારે શું તમો તમારા માંગતા રૂપ્યાના પેટામાં ફીરોઝને બંદીખાને નખાવા તઇયાર થયા છ ? (બાજુએ) કાલે પકડાવતો હોય તેનાં કરતાં આજેજ પકડાવે તો મારા જીવને નીરાંત થાય ! એ જો ધનને મલ્યો તો ખાનાખરાબીનાં પારાવાર!

સુખલાજી—હા ખચ્ચીતજ ! તે વગર છુટકો નથી ! આવતી કાલે ધનને ઓગણીસમું વરસ બેસશે અને વીલ પ્રમાણે પછી સઘલી દોલતની તેણી એકલીજ વારેશ ઠડશે ! ભાઇ માણેકશાહ તમારો જે વીચાર ધનને સ્યાવક્ષ માસતર સાથે પરણાવવા નોછે તે ઠીકજ છે. એ છોકરો પણ સારો છે. મને મનપસંદ છે. બસ તમે આજને આજ એ લગન ગોઠવી નાંખો. મારો વીચાર ધનને મારા જમશેદ સાથે પરણાવવાનો હતો પણ એ દુકતો પેલા મારા કાલી કારભારીની દુકતી પીલાંપર પ્યારમાં પડેલો જણાયછ, તેથી એવા નાલાયક દુકતાને હું ધન સાથે પરણાવવાને ખુશી નથી. વલી બીજું વધારે નહીં પરણાવવાનું કારણ તો એ છે જે

જમશેદ આજકાલ તો પેલા લુચ્છા ફીરોઝનો દોસ્ત થઇ રહયોછ, ને મારૂં કહયું બીલકુલ માનતો નથી; એટલે એ જો જમાઇ થાય તો બેઉ સસરા જમાઇ મલીને આએ ગંજાવર દોલત અને માલમીલકતોનો એક માસ માંજ આંકો લાવી નાંખે! (ગુસ્સાથી) પણ છટ, એક ત્રસ્ટી તેમજ જશટીશ ઓફ્ ધી પીસ અને મ્યુનીસીપલ કારપોરેશનનાં મેમબર તરીકે હું તેમ થવા દેનાર નથી! બસ માણેકશાહ તમો જલદીથી ધનને બોલાવીને કાંઇ પણ ખુલાશો કરયા વગર એકદમ એક ઓરડામાં બંધ કરો!

માણેકશાહ--(બાજુએ) દરદીને જોઇતું વૈદે ફરમાવ્યું! અરે યાર એવું તો મને જોઇતુંજ હતું! (મોટે) જુવોની સુખલાજી શેઠ મારી તો મુદલ ખુશી નથી, પણ જ્યારે તમારી મરજી છે તો તે પ્રમાણે હું હવણાં ધનને બોલાવીને ઠગાઇથી કેદ કરૂંછ! હવે તમો મેહેરબાની કરી જલદીથી જઇ ફીરોઝને વારંટથી પકડાવવાની ગોઠવણ કરો!

સુખલાજી—યશ માઇ ફ્રેન્ડ! ગુડ ડે! (ઝડપમાં ચાલી જાયછે.)

રાગ ભૈરવી-દાદરો.

માણેકશાહ--પૈસાનો અજબ બ્હાર-બ્હાર મારા પ્યારા.—પૈસાનો.

શાધુ શોદાગર સૌ પૈસાના પ્યાસા,
પૈસાએ ચાલે સંસાર-સંસાર મારા પ્યારા.—પૈસાનો.
મતલબ લુચ્છાઇની છે આજે આ દુન્યા,
ભલાઇ કરે ખાય માર-માર મારા પ્યારા.--પૈસાનો.
નર નારી મીત્રો બેસી ને દુશમન,
કરે સૌ પૈસાએ પ્યાર- પ્યાર મારા પ્યારા —પૈસાનો.
જુઠાઇ ઠગાઇએ મેં દોલત જમાવી,
ન કીધો ગુનાહનો વીચાર-વીચાર મારા પ્યારા--પૈસાનો.

(જાયછે)

પ્રવેશ ૪ થો.

બાગ.

(સ્યાવક્ષ અને ધન ફરતાં જણાયછે.)

સ્યાવક્ષ—આ બાગનો સુંદર દેખાવ મનને રાહાત સાથ ખુશ કરેછ એટલુંજ નહીં પણ તેમાં તમો જેવાં નેક નાજનીનની મીઠી નીરદોષ વાતોથી આ બાગનો દેખાવ મારી આંખોને વધુને વધુ રમણ્ય લાગેછ!

ધન—ભાઇ સ્યાવક્ષ, તમો એમ બોલીને મને શરમાવોછ! હું મારો ઘણો ખરો સાંજનો વખ્ત આ બાગની અંદરજ વાંચવામાં તથા ફરવામાં ગુજારૂંછ!

સ્યાવક્ષ—(બાજુએ) ભાઇ સ્યાવક્ષ! ત્યાં તો હજી ભાઇથીજ વાત ચાલેછ! (મોટે) વારૂં બેહેન, આપણો વખ્ત પસાર કરવા કાંઇ મીઠું ગાયન લલકારસો?

ધન—હા મોટી ખુશી સાથે. પણ હું ગાઇ રહ્યા પછી માસતર એક તમને પણ ગાવું પડશે.

સ્યાવક્ષ—(નમીને) મારે કબુલ છે! (ધન ગાયછે)

રાગ જિંઝોટી.

પ્રીત પાક મનની લાગે પ્યારી
મુરખ શું જાણે પ્રીતની બ્લીહારી–પ્રીત
પાપી પ્રીતથી – જગે થાય હસી
રાજી ન તેમાં કીરતાર–મુરખ
ભોલાં દીલની – નેક વચનની
પ્રીતમાં સુખી સંસાર.–મુરખ

સ્યાવક્ષ—શાબાશ ધન શાબાશ! ધન છે તારી માતાને! (બાજુએ) શું સરસ હલક છે! યા ખુદા એવું ધન કોણને ન ગમે! હવે હું પણ એક પ્યારનું ગાયન ગાઇ ત્યાંથી મારા પ્યારની શરૂઆત કરૂં!

ધન—કેમ માસતર શું વીચારમાં છો? તમારી કબુલાત પ્રમાણે તમારે ગાવું તો પડશેજ!

સ્યાવક્ષ—ચાલો જ્યારે તમારી મરજી છે તો હું તમને દલગીર કરવાને રાજી નથી! (ગાયછે.)

Good Luck Polka–રાહ.

પ્યારી સ્યાણી મનહરનાર––રૂપે ગુણે બુધ્ધીએ અપાર
મને તને પાક વફાદાર––રૂડી એવી સ્ત્રી ન કોણુને ગમે યાર ?––
એવી એક હું જો પામું પ્યારી નાર––રાખું બનાવી મુજ હૈડાંનો હાર
નિત્ય આપું માન––શીદા તન મન જાંન––પુંજું નીશદીન બસ ચંદ્ર સમાન.–

કોરશ.

સ્ત્રી વન છે ઉજ્જડ મેહેલો ઘરબાર–ધન ભાગ્ય જે નરનાં પામે નેક નાર
સુખે દુઃખે સંપે સંભારે સંસાર–એવી નારી–પ્યારી સારી–બક્ષ મને કીરતાર.

(ગાઇ રહયા પછી.)

ધન––(બાજુએ) એનાં ગાયને મારા દીલમાં કાંઇ અજબજ અસર કીધી છ ! એજ પ્યારનું ગાયન એકવાર મારા વાહાલા જમશેદે માથેરાનમાં મારી આગલ ગાયું હતું, અને તે મેં આજે પાછું સાંભલવાથી મારા જમશેદ માટેનો પ્યાર મારા દીલમાં ફરીને ઉભરી આયોછ ! ઓ જમશેદ–– જમશેદ !

સ્યાવક્ષ––(બાજુએ) ફત્તેહ ! ખુશાલી ! મારાં ગાયને ધનપર અસર કીધેલી લાગેછ ખરી ! હા તે કેવી શરમથી લાલચોલ બની ગઈ છ ! ચાલ હવે એની આગલ બેસીને મારા પ્યારને લગતી વાત શરૂં કરૂં. (સાંમે જોઇને) નખોદ ! સાંમેથી માણેકશાહ ધસ્યો આવેછ ! જ્યારે વાત રસપર ચઢેલી અને એકમકનાં દીલ એક થવાનો વખત નજદીક આવેલો તેવેજ સમે એ હાડકું વચમાં કયાંથી ફુટી નીકલ્યું.

માણેકશાહ—સ્યાવક્ષ જલદીથી એમ આવો ! (બાજુ લઇ જઇને) સાંભળ. ફીરોઝ ચીનથી પાછો ફરયોછ. તે અને તારો દોસ્ત જમસેદ ધનની શોધમાં નીકલ્યાછ–અને જો તેઓની સાથે ધનને મુલાકાત થઇ તો એમ જાંણુ કે આપણે મુવા ! ચાલ તું તાકીદે હાલ તો હ્યાંથી નીકલી જા ! જો રસ્તામાં તને ફીરોઝ જણાય તો તું જલદીથી દોડી પોંહોચી પાલીને ખબર કરજે અને તે તેને વારંટથી પકડાવશે !

સ્યાવક્ષ—કોણુ ? પાલી !

માણેકશાહ––હા એ એમ ઘુવડની માફક મને ટીકયા શાંનો કરેછ. શું પાલી ફીરોઝને પકડે તેમાં કાંઇ તને અડચણ છે ?

સ્યાવક્ષ––નહીં. જ્યારે ફીરોઝ ઘણે વરસે પાછો ફરયોછ–

માણેકશાહ--(વચ્ચે પુરાઇને) ત્યારે તેનું તું કેહેવા શું માંગેછ ?

સ્યાવક્ષ--તેથી એમ કે તેને એકદમ જણાવ્યા વગર તેનાં આગલાં કરજોને માટે પકડાવવો એ હીચકારાઓનું કામ છે.

માણેકશાહ--(ચીરડાઇને) ત્યારે શું તું આપણાં કામને વાસ્તે પસતાયછ ? અરે યાદ કર આપણું વચન ! અરે હજામ, પાંચ લાખ રૂપ્યા અને આવી સુંદર નાર તને કોણ આપનાર છે ? બોલ તારો વીચાર નહીં હોય તો ના કહે, ગામમાં બીજા ઘણા મલી આવશે.

સ્યાવક્ષ--તમો મેહેરબાની કરીને ઉસકેરાઇ ના જાવો. ચાલો મારે કબુલ છે. હું મારાં વચનને વલગી રેહેવશ. સાહેબજી. (ધનને નમીને) બાનું તમારો તાબેદાર ! (ચાલી જાયછે)

ધન--કાંય મામાજી માસતરને જલદીથી મોકલી કેમ દીધા ?

માણેકશાહ--દીકરી, જરા મારા ખાનગી કામસર બ્હાર મોકલ્યાછ ! પણ ધન મારી તને અરજ છે કે હાલતરત તારે તારા ખાનગી ઓરડામાંથી બાહાર નિકલ્વુંજ નહીં-તેમજ કોઇને મુલાકાત આપવી યા લેવી નહીં.

ધન--(દધાઇને) ઓ ખુદા, એ શું આફ્ત ! વલી તમારા દીલમાં શાનો ભુત ભરાગો ? મામાજી હું તમારૂં કારણ સમજી ગઇછ ! તમારી મરજી એમ છે કે મારે જમશેદની મુલાકાત લેવી નહીં ! હં: ખરૂં કેની ? હું જમશેદને ચાહુંછ એ વાત ખરી છે, પણ જ્યારે તે મને નથી ચાહાતો ત્યારે હું શું કરી શકવાની છું ? નહીં મામાજી બસ હું તેને નહીજ મલશ-અને હવેથી તેનો વીચારજ છોડી દેવશ ! ચાલો હવે ખુસી થયા !

માણેકશાહ--હવે કેવી ડાહી લાગેછ ! (બાજુએ) ચાલ હવે મારી ધાસ્તી જરા ઓછી થઇ ! (જમશેદ ધસ્યો આવેછ)

જમશેદ--સાહેબજી માણેકશાહ શેઠ ! (ધનને નમીને) બાનું તમારો તાબેદાર ! માણુસો તરફથી ખબર મલી કે તમો બાગમાં છેવો, તેથી ધસ્યો હયાંજ તમારી મુલાકાતે પધારવા માટે દરગુજર ચાહુંછ !

માણેકશાહ--મી૦ જમશેદ, મારે તમને જણાવવું જોઇએ કે ધન તમો સાથે વાત કરવાને બીલકુલ ખુસી નથી. ફરીને આજ પછી અમારા મકાનમાં પધારવું નહીં.

જમશેદ—(ગુસ્સાથી) શું એ ખરૂં છે બાનુ ? (ધન બોલતી નથી)

માણેકશાહ—બોલ દીકરા ! બોલ ! બીહેછ શાની ! તું જે બોલો એને માટે હવણાં મારી આગલ બોલી હતી તેજ બોલો આએ ઘડીએ એને પાછા બોલી સમજાવ !

ધન—(નીચું જોઇને) તેમ નહીં બનશે મામાજી !

માણેકશાહ—નહીં તેમ બનશે ! બસ એને કેહે કે તું એની દરકાર કરતી નથી-અને એના વગર તું સુખી અને ખુશી છે.

ધન—(અચકી અચકીને) સાહેબ ! સસસ સાહેબ હું સુખી અને ખખખ ખુશીછું ! હું એટલી તો ખુશ છું કે ઓઓઓ-ઓઓ (રડી પડેછે) કે હવે વધારે બોલતાં મમમમ મારી છાતી ફફફ ફાટી જશે !

જમશેદ—(હસીને) હાહાહા ! આએ વળી સુખી અને ખુસી થવાની નવી રીત છે !

માણેકશાહ—(ગુસ્સાથી) ધન, તું ઘેલી કેમ બનેછ ! એને હરકાટી કાહડ ! તું કોણ ! તારૂં ખાનદાન શું ! તારો દરજ્જો શું ! તારી દોલત—

ધન—દોલત ? છટ ! જ્યારે જમશેદના પ્યારની હરીફ બીજીજ છે ત્યારે મને એ દોલતની શું ગરજ છે ! જો પેલી કાલીની દીકરી પીલાં મને તેણીનું જીગર આપે તો તેના બદલામાં મારી સઘલી દોલત હું તેણીને આપી દઉં ! ઓ મારા અરે મીસ્તર જમશેદ ! (જમશેદ આગલ જવા કરેછે.)

માણેકશાહ—(ધનને હડસેલીને) હવે વધુવાર હું એ છાન પુતલાંનો નાચ જોવાને રાજી નથી; બસ આએ ઘડીએ તુ મારી સાથે ચાલ ! (જમશેદને) ચાલો સાહેબ ! વચમાંથી રસ્તો મુકો ! ચાલ ધન, હું તને હોકમ કરૂંછ કે એકદમ ચાલ !

જમશેદ—(ધનને અટકાવીને) આ પ્રમાણે નફટાઇથી હું કાંઇ તમોને મારા જાતી લાભને વાસ્તે અટકાવતો નથી. પણ ફકત તમારા નેક પીતાજીને ખાતર તમોને થોભવાને અરજ કરૂંછ !

ધન—(ચોંકીને) મારા પીતાજી !

જમશેદ—હા ! તેવણ ચીનથી આજે પંદર વર્ષે પાછા ફરયાછ અને પાસેનાં ગામડાંમાં ઉતારો કીધોછ !

ધન—(અચરતીથી) શું ખરેખર ? ત્યારે તો ચાલો જમશેદ આ

પણે તરત તેવણુને જઇને મલીએ ! ચાલો મામાજી, તમો પણ સાથે ચાલો !

માણેકશાહ--(અણુકાથી) કહાં ચાલે ? ધન, તું શું દીવાની થઇછ અરે એ તારો બાપ મોટો કરજદાર છે, અને એ પોતાનું સઘલું કરજ તને તારા વારસામાંથી પગાર કરવાને સમજાવશે.

ધન--છટ ! તેવણુ તેમ કરશેજ નહીં. તેવણુ રૂપ્યા માંગે તે અગાઉ હુંજ તેવણુને મદદને માટે પુછશ. ચાલો મામાજી જલદીથી ચાલો ! મારો જીવ તેવણુને જોવામાં ભરાઇ રહ્યોછ !

માણેકશાહ—નહીં ધન તારેથી નહીં જવાશે. અરે તે ઘણોજ પાજી સ્વભાવનો માણુસ છે. અગર જો તું તેને નાણુંની મદદ કરવા ના પાડશે તો તે તુંને ધમકી આપશે—અરે એટલુંજ નહીં પણ તારો જીવ લેવા તૈયાર થશે.

ધન—ચીંતા નહીં ! એ જીવ મને તેવણેજ બખશેલો છે, અને તેની ઉપર તેવણુનોજ હક છે. મામાજી હું તમને કોઇ દહાડે નાફરમાન થઇ નથી અને થવશ પણ નહીં. મી૦ જમશેદ તેવણુને મલીને કેહેશે કે મારી તો મલવાની ઘણી ખુશી છે, પણ તમો મને મલવા દેતા નથી તેથી નાચાર છું. (થોભીને) પણુ પૈસાની બાબદમાં ઓ ખુદા ! તે તેવણુનો માલછે અને જેમ ગમે તેમ આવીને લઇ જાય !

માણેકશાહ—(ખીચ પાડીને) ગમે તેમ આવીને લઇ જાય ! શું આવીને લઇ જાય ? પૈસા કાંઇ રસ્તામાં પડયાછ ? ત્રે નરમ ઘી જેવી વાત લાવીછ !

ધન—અરે પણ હું કયાં બધી દોલત આપી દેવા કહુંછ ! હાલ તુરત એવણુના કરજદારોને આપવા માટે હું ધારૂંછ કે રૂપ્યા પચાશ હજાર બસ થશે—અને જો તેટલાંથી કરજ નહીં ફીટી શકે તો બીજા પચાશ-

જમશેદ--બસ બાનુ બસ ! પચાશ હજાર સારી રકમ છે-એટલાથી એવણુનાં માંગનારાઓ સંતોષ પામશે ! કેમ તમે શું ધાર્યું મી૦ માણેકશાહ ?

માણેકશાહ--ધન, મને સાંભલી લે ! તું શું મને નાફરમાન બની તજી જવા માંગેછ ? મેં તને પાલીને પેટની દીકરી કરતાં વધુ પ્યાર અને લાડથી કાંઇ પણુ પૈસાની વાનતાન કરયા વગર ઉછેરીને મોટી કીધીં તેનો આએ બદલો ? અરેરે, જ્યારે

તારો કરજદાર બાપ તને નાની ત્રણ વર્ષની મુકીને નાસી ગયો ત્યારે તેની જગાએ એક સગા બાપ કરતાં વધુ પ્યારથી તને ઉધારી તેનો આએ જશ ? જા, અએ નીમકહરામ દુકતી જા અને તારી સઘલી દોલત જેને તારી દરકાર કીધી નથી તેને આપ, અને મેં જે તારી પાછલ રંજ અને ગંજ ખરચી જેહેમત ખેંચી તેને તેના બદલામાં બંદીખાને સબડીને ભુખે મરવા દે !

ધન—બંદીખાને સબડીને તમને ભુખે મરવા દેઉં ! કાંય, શાંને માટે? મારા વાહાલા મામાજી, તેમ કદી બનશે નહીં. તમારા આભારો શું મારીપર થોડા છે ? (માણેકશાહ રડેછે) જાવો મામા, એમ ઘેલાં શું કાઢોછ ! રડોછ શાના ? ખુદાને ખાતર મને માફ કરો, અને મારી સાથે બોલો ! (ધન માણેકશાહને પટાવેછ—માણેકશાહ કાંઇ મનમાં બબડેછ) વારૂં મી૦ જમશેદ હવણાં એવણ શું બબડયા ?

જમશેદ—એવણ એમ કહેછ બાનું કે તમો મને જલદીથી એક પચાશ હજારનો ચેક લખી આપો !

માણેકશાહ—(જુસ્સાથી) છટ નોનસ્નસ ! લખો રૂપ્યા ફીરોઝ જેવા લુચ્છા અને ઉડાઉ માટે થોડા છે, એવું તારા બપાવાનું મત હતું, અને તેથીજ બેહેસ્તીએ પોતાની સઘલી દોલત એ લુચ્છો ફીરોઝ ગુમાવી નહીં નાખે, તેટલા માટે તેનું વીલ કરીને તારા નામપર કરી ગયા, અને તે હવે તું ઉડાવી દેવા માંગેછ ! અને શાને માટે ? ફકત આએ તારો બેવફા આશક તારા બેકદર બાપની બાજુએ થયોછ તેટલા માટે— કે જે બાપે જુદાઇએ પણ તારી તરફ માયા દેખાડી નથી.

ધન—તે સઘલું ખરૂં મામાજી, પણ—

જમશેદ—નહીં તદન ખોટું-સઘલું જુંઠું.

ધન—બસ સાહેબ, તમારા કરતાં હું વધારે જાણુંછ ! (માણેકશાહને) મારા વાહાલા મામાજી, હું પોતે ભુખે મરશ, પણ તમને કદી ભુખે મરવા દેવાની નથી. હું મારા બપાવાના બોલને સદા માન આપવાને બંધાયલી છું અને તેથી હું તમારીજ શીખામણ પ્રમાણે ચાલશ. (જમશેદને) ચાલો મી૦ જમશેદ, તમે સીધારો ! મને મારા પ્યારા મામાજી જેમ ફરમાવશે તેમ હું ચાલશ.

જમશેદ—(અણુકાથી) હં: હં: ત્યારે એમ થયું !

ધન—હા. હું તમારા વીચાર સાથે મલતી થતી નથી સાહેબ. હું હમેશાં મારા મામાજીને માન આપતી આવીછ અને આપશ. તમારૂં હું કાંઇ પણ સાંભલવાની નથી.

જમશેદ—આનું ધન, એ તમારા નાદાનીયત વીચારો તમે છોડી દેવો, અને મારી સાથે કાલી કારભારીનાં ઝુપડાંમાં પધારો.

ધન—(ચોંકીને) કાલીનાં ઝુપડાંમાં !

જમશેદ—(ધનનો હાથ પકડીને) હા તમારા પીતાજીને મેં ત્ય છુપાવેલાછે. તેવણુને મેં કાલીની દીકરી પીલાંની સંભાલ હેઠલ રાખેલા છે કે જે છોકરી ઘણીજ માયાલુ, મીલનસાર, ગરીબ, સ્વભાવે રાંક–

ધન—(જમશેદનો હાથ છટકાવીને) બસ બસ તમે જાવો હયાંથી ! હવે મારી ખાત્રી થઇ ચુકી ! આજથી હું તમને ધિકકારૂંછ ! જેટલા પ્યારથી મેં તમને ચાહયા હતા તેનાં કરતાં દશ હજાર વધુ બલતાં જીગરથી હું તમને હવે ધિકકારૂંછ. ચાલો મામાજી.

જમશેદ—(ફ્રગલાયલો) કાંય ધન, એમ કાંય ? આવુંજ તારૂં વચન !

ધન—બસ એમજ ! મને પણ મારી આબરૂ તમારાજ જેવી વાહાલી છે અને જ્યારે તમોએ મારી સાથે એવી ગેરવર્તણુક ચલાવીછ ત્યારે તેના બદલામાં હું તમને ધિકકારવા સીવાય બીજું કશું કરી શક્તિ નથી. ચાલો સાહેબજી.

જમશેદ—અરે પણ મેં એવી તે શું ગેરવર્તણુક ચલાવી ? મને આવી રીતે વીના કારણે અપમાન આપવાનું કાંઇ કારણ ?

માણેકશાહ—(ચીરડાઇનૅ) બસ ઘણું થયું સાહેબ ! ચાલો જાવો તમારી ગામડેની ગોરી આગલ—અને જાવો તમારા વાહાલા ફીરોઝ આગલ, અને તેવણુને દીલાસો આપીને કેહેજો કે કોઇ કાલે પણ તમને વારસો મલવાનો નથી.

જમશેદ—(જુસ્સાથી) તે બીચારાને વારસાની દરકારજ નથી. તે ફકત તેની પ્યારી બેટીનાં દીદાર જોવાને ઇનતેજાર છે. હવે જ્યારે તેની નીરદોષ બેટી તમારા જેવા હાઉ કરનારા હીચકારાના સમજાવ્યાથી પોતાના પીતા તરફની ખરી ફરજ ભુલી જઇ એક તમારી તાબેદાર ગુલામડી થઈ રહી છે ત્યારે હું એક પારકો મીસ્તર ફીરોઝને મારા મોતની

છેલી ઘડી સુધી એક ખરા વફાદાર બેટા તરીકે વલગી રહી તેનો સંકટમાં મારાં તન મન અને ધનથી મદદ કરશ.

(ધન શરમાઇને નીચું જુવેછ.)

માણેકશાહ—(દમથી) શું ત્યારે તમોએ ફીરોઝને મદદ કરવાનો પકકો ઠેડાવજ રાખેલો છે?

જમશેદ--(ઉસકેરાયલો) હા, અને હું દરેક પવીત્ર ચીજોનાં કસમ લઇ કહું છ કે મારા તે ઠેડાવથી હું હરગેજ ફરનાર નથી.

(ગાયછે)

રાગ પીલુ.

નહીં હટું નહીં ડરૂં નહીં ફરૂં મુજ વચને--નેક મને
ધરી સબર, કસી કમર, લડી ટકકર, સત્યનેસર હફાઉં દુશમનને–નહી
(ધનને) જુઠ સીખ રીત પ્રીત તજી કહેણુ માન ધરી ધ્યાન
તન મન ધન અર્પણ પ્રાણ સમાન પીતાને કરી
ઝટપટ સમજ ફરજ છોડી ખટપટ--નહીં

(ગુસ્સામાં ચાલી જાયછે)

માણેકશાહ--(બાજુએ) ચાલ પીડા પટી. હું જો હયાં વખતશર આવી લાગો નહીં હતે તો જરૂર એ દુકતીનું માથું ફેરવી નાખતે. (મોટે) મારી પ્યારી દીકરી ધન, તારી ઉંચી કેલવણીથી તુંએ આજે મને મગરૂર બનાવ્યોછ! પેલા લુચ્ચા જમશેદની ગોલ ગોલ સમજાવતથી તું લોભાઇ ગઇ નથી તે જોઇ હું ખરેજ ખુશ છું. હમેશાં તું એવી ડાહી અને તાબેદાર રહશે તો મને ઘણીજ વાહાલી લાગશે.

ધન--હું સદાનીજ તમને નમતી આવીછ, પણ પ્યારા મામાજી મારા પર દયા કરી--

માણેકશાહ--શાની દયા? બોલ જલદી!

ધન—મામાજી, હવે તમારી ખાત્રી તો થઈ ચુકીછ કે હું એક ઘણીજ તાબેદાર અને સારી છોકરી છું; પણ જો મારી ખાત્રી થાય કે જમસેદનો પ્યાર મારીપર ખોટો છે અને તે બેવફા થયોછ તો હું હજી વધારે તાબેદાર અને ડાહી છોકરી આ દુન્યામાં નિવડું!

માણેકશાહ—ત્યારે શું તને હજી જમશેદ માટે શક છે?

ધન—હા! હું કેમ તેને બેવફા ધારૂં? જ્યાં સુધી મારી નજરે

નજર ખાત્રી કરૂં નહીં ત્યાં સુધી હું કેમ તેને માટે ખોટો વિચાર બાંધી શકું ? મામાજી બસ મને એની પછવાડે જવા દેવો.

માણેકશાહ—એની પછવાડે જવા દેઊં !

ધન—હા કાંય નહીં ? તમે અને શેઠ સુખલાજી કહોછ કે એ લુચ્છો અને બેવફા છે, પણ મારી ખાત્રી કેમ થાય ? હા જો મારી ખાત્રી થાય કે એ ગુનેહગાહર છે તો પછી હું તમને વચન આપુંછ કે તમો મને એક સુથાર યા બબરચી યા તમારે ગમે તેની સાથે પરણાવશો તો હું મોટી ખુસી સાથે પરણુશ.

માણેકશાહ—(બાજુએ) સુખલાજીનીતો પુરેપુરી ખાત્રી છે કે એ દુકતો પેલા કાલીની પોરી પીલાંનાં પ્યારમાં પડેલો છે, વાસ્તે એને છુપા વેશમાં ત્યાં લઇ જઇને દેખાડું તો એની ખાત્રી બરાબર થશે—અને પછી હું મારી નેમમાં સેહેલથી ફાવી શકશ ! (મોટે) ચાલ તારી અરજ મારે કબુલ છે, પણ તું તે ઝુપડાંમાં જઇ કેમ શકસે ?

ધન—હા મામાજી તેનાંજ હું વિચારમાં છું !

માણેકશાહ—(વીચાર કરીને) જો હું તને કાલીનાં ઝુપડાંમાં મર્દનાં પોશાકમાં લઇ જઇને જમશેદને ત્યાં બેઠેલો બતલાઉં તો કેમ ? બોલ પછી તારી ખાત્રી થશે ? આએ વીચાર તને પસંદ છે ?

ધન—(હસીને) હા મામાજી ઠીક તાલ સોધી કાઢી ! ત્યારે તો હવે હું મર્દનાં પોશાકમાં જમસેદનાં પ્યારની પરીક્ષા લેવા માંગુંછ ! હું જાણે ધનની માસીનો છોકરો થતો હોઉં તેવું ખોટું ડોલ ઘાલી એની સાથે મને અપમાન કરવા માટે પંચાતી કરશ, અને તેમ કરતાં જો એ મને બેવફા જણાશે તો હું ફરીને એનું નામ પણ લેવશ નહીં—પણ જો એ મારા પ્યારની પરીક્ષામાં ખરેજ વફાદાર જણાશે તો પછી હું મારી દોલતનો અરધો ભાગ તમુને અને અરધો ભાગ મારા કમનશીબ પીતાજીને આપી દઇ, હું અને મારો ગરીબ જમશેદ તેજ ઝુપડાંમાં રહી ગરીબાઈ અને પ્રમાણીકપણાંથી અમારૂં ગુજરાણ કરી સુખથી રહીશું.

(ધન માણેકશાહનો હાથ પકડી માયાભરી ચસ્મો સાથે ગુંઠણપર પડેછે. ડ્રોપ ધીમે ધીમે ઉતરેછે.)

અંક ૨ જો.–પ્રવેશ ૧ લો.

(નદી કીનારે ફીરોઝ ખુદાની બંદગી કરતો જણાયછે.)

રાગ કલ્યાણ.

તુંઇ તાર – તુંઇ માર – તુંઇ રક્ષનહાર
સરતાજ – જગરાજ – કરસાજ – મ્હારાજ. —તુંઇ.
સુર્ય ચંદ્ર પૃથ્વી ગગન—જલ ઝાડ પર્વત પવન
સંધાં એ તુરેને કરૂં નમન—ભજું નીશદીન તારૂં ભજન.–તુંઇ
કૃત્ય અદભૂત ન્યારા ન્યારા—જગમા તુંજનાં પ્યારા પ્યારા
એ સર્વમાં તુંજનો હાથ–તુંઇ એકજ અમરો નાથ.–તુંઇ.

ફીરોઝ—હજી જમશેદ આવ્યો કેમ નહીં ? (જમશેદ ધસ્યો આવેછે.)

જમશેદ—પ્યારા ફીરોઝ, મારા કાલાવાલા તથા આજીજી છતાં પણ તમારી બેટી હજી માણેકશાહનીજ પક્ષ ખેંચી રહીછ ! હું નહીં ધારતો હતો કે ધન એટલી બેકદર અને ધાટકી બનશે !

ફીરોઝ—નહીં નહીં જમશેદ, તું મારી ધનનો વાંક ના કાઢ ! એ સઘલાં કાવત્રાં પેલા દગાખોર માણેકશાહનાજ છે !

જમશેદ—હા. તે ખરૂં. પણ ધનને ઘણો ઠપકો ઘટેછે ! જ્યારે તમને વારંટથી પકડવાની ધરપકડ ચાલી રહી છે, ત્યારે મારા સમજાવ્યા છતાં છતે પૈસે એ બેકદર બેટી તમને મદદ નહીં કરે, ત્યારે બીજું કોણ કરનાર છે ? મારા કાકા સુખલાજીએ તમોને પકડવાનું વારંટ કાઢેલું છે ! પેલો લોભી કારભારી પાલી બેલીફ તથા સીપાઇઓ સાથે તમારી સોધમાં નિકલેલો છે ! અગરજો તમો રૂપ્યા વીસ હજાર હાલ તરત આપો તો એ લોકો તમને છોડશે, નહીં તો જરૂર બંદીખાને લઇ જયા વગર રેહેનાર નથી !

ફીરોઝ—(ચોંકીને) વીસ હજાર રૂપ્યા ! અરે દોસ્ત, મારા ગજવામાં વીસ રૂપ્યા પણ નથી રહયા તો એટલી મોટી રકમ હું ક્યાંથી ભરી શકશ ? એ લોકોને તાબે થયા સીવાય હવે બીજો છુટકજ નથી !

જમશેદ—(ગુસ્સાથી) પણ ના હું તેમ થવા દેનાર નથી ! મને જેલને માટે ઘણો ધિઃકાર છે. જ્યારે મેં તમોને સદા વળગી રેહેવાને વચન આપ્યો છે, ત્યારે તો જેમ બને તેમ

આપણે ખુલ્લી હવામાં રહીએ તેમ સારૂં. જે વખ્ત જાયછે તેમાં આપણને તમારા માંગનારાઓ પકડયા વગર રેહેનાર નથી. (થોભીને) મારો વીચાર છે કે આપણે દમણ નાસી જઇએ ત્યાં આપણને કોઇની ધાસ્તી રેહેશે નહીં--પણ તમારી પાસે હાલ કેટલા રૂપ્યા છે?

ફીરોઝ—(દુઃખથી) ફકત આઠ આના સીવાય કશું રહ્યું નથી!

જમશેદ--અફ્સોસ. સદ હઝાર અફ્સોસ! મારી પાસે પણ હાલ કાંઈ મળે નહીં! દમણ જવા રૂપ્યા તો જોઇએ! તે વગર ત્યાં જઇ કેમ શકાય? હવે કરવું કેમ? (વીચારીને) મારા કાકાજી કાંઈ આપશે? છટ, એક રૂપ્યો પણ નહીં! વારૂં મારો દોસ્ત સ્યાવક્ષ કાંઇ મદદ કરશે? નહીં તે પણ મારા જેવોજ લુખ્ખો છે! અરે શબર, મારો કારભારી પાલી કાંઇ મદદ કરે ખરો!

ફીરોઝ--કોણ? પાલી! અરે એ મુવો આપતો!

જમશેદ--નહીં મી૦ ફીરોઝ તમે ભુલોછો! એ મને જરૂર મદદ કરશે!

ફીરોઝ--પણ તેનું કાંઇ કારણ-શું તે કાંઇ તમારા આભારમાં છે?

જમશેદ--નહીં તેમ નથી! એનો જાતી લાભ છે! સુખલાજીશેઠની સઘલી મીલકતોનો કારભાર એજ કરે છે. અવારનવાર એ મને નાણાંની મદદ કરે છે, અને તે હું સધ્ધર વ્યાજ સાથે પાછા ભરૂંછ. બીજું એની ખાત્રી છે કે હુંજ સુખલાજી શેઠની સઘલી મીલકતોનો પાંચે દહાડે ધણી થવાથી એની સઘલી લોભી આશાએ પાર પાડી શકશ. એ હમેશાં મારી સારી તંદરોસ્તીના સમાચાર પુછયા કરેછ! (સામે જોઇ) ઓ! લે તેવણુજ સાંમેથી આવેછ! હવે મારે એની પાસેથી આપણી મુસાફરીના ખરચનું કાંઇ ઓકાવવું જોઇએ—

ફીરોઝ—અને ત્યારે હું તેટલો વાર સામેની ઝાડીમાં છુપાઇ જાઊંછ.

જમશેદ--હા જલદી કરો (ફીરોજ ભરાઇ જાયછે—પાલી આવેછે)

પાલી--અંતે હુખલાજી હેઠે પેલ્લા લુચ્છા ફીરોઝને પકડવાનું વારંટ કઢાવેલું અને તેને પકડવાને હારૂં પાંચ હાત હીપાઇઓને રોકેલા! એને હામેની ઝાડીમાં હુપાવેલા—

એને રહતાની જમની બાજુએ રાખેલા--એને ગામની પાદરે છોરેલા--અને બીજા એકને (અચકીને) ઓ ! ઓ ! કોણ ? મારો નાલો હેઠ જમહેદ ? કેમ હેઠ, કેમ છેવો ? તબીયત હારીછેની ? (જમશેદ જોરમાં થાંસે છે) લે એ વરી તને હું થીયેલું ? અરે બાપુ આએ થાંહો તો ઘણોજ ખરાબ દીહે !

જમશેદ--(થાંસીને) અરે પાલી કાકા એ થાંસો ઘણો ખરાબ છે-એટલુંજ નહીં પણ ડાકટરે ધાસ્તી આપેલી છે ! (થાંસીને) ઓ ! ઓ ! મારા પાલી હું ઘણોજ શીક થઇ ગયોછ !

પાલી—હીક ! અરે પણ ગઈ કાલે તો તું હારી પખે ઉતો અને પરમદહાડે અને તેની અગાઉના દીવહેબી તું ઠીક હતો ને વળી આજે એમ કેમ ? હજીતો તને માથેરાનથી આવ્યાને મહીનો ની થીએલો !

જમશેદ--હા. તે બધું ખરૂં-તમે ધાસ્તી ખાવો તેથી મેં તમોને અગાઉથી જણાવેલું નહીં-પણ માથેરાનથી પાછો ફરતાં (ખુબ થાંસેછે) હું ત્રેન ચુકી ગયો ને તેથી રાતનાં સ્ટેશન પરજ બીછાનું પાંથરીને ભોંયપર સુતો (થાંસેછે) સરદીની ભોંય હોવાથી સહવારે ઉઠયો ત્યારે મારી કમર ખુબ દુઃખવા લાગી ને મારાં આંતરડાંપર સોજો આયો અને તેથી બધી આએ છાતી ફાટ ફાટ (થાંસેછે) ઓ ! ઓ ! ઓ ! અરે હું મરી જવશ ! (ખુબ જોરમાં થાંસેછે.)

પીલાં--(બાજુએ) મરી જહે-હાયરે મારા બાપ ! એની જીંદગીપર તો મારી ચાકરી લટકેલી ને એ એમ હું કરી મરે ? અરે તારાં માથેરાનને આગ લાગે ને તાંનું ઠેહન બરીને ભહમ થી જાય કે ફરીને તારા જેવો 'ખરાબ રોગ કોઇને ની થાય ! અરરરર હવે કેમ કરૂં ?

જમશેદ--એ બધો વાંક મારા કાકાનો છે. જો તેવણ મને ડાકટરની સલાહ પ્રમાણે ચાલવા દે તો હું મરતો બચી શકુ ! પણ એવણને તો પૈસાનો ઘણોજ લોભ છે (થાંસેછે) અરરરર હવે તો મારી છાતી બેસી જવાની !

પાલી--(ઘભરાયલો) અરે જમહેદ, તું એમ હું કરે ? હીંમત રાખ ! અરે તારે ખાતર ની તો મારે ખાતર તો જીવ ! તું જો જીવતો રેહે તો મારી ઉપર મોટો ઉપકાર થહે ! અરે મારા

લાડકા હેઠ, બોલ ઊ તારે માટે હું કરૂં ? અરે ડાકટરે હું દવા ફરમાવેલી ?

જમશેદ—તે તો કેહેજે કે બસ એકદમ માહાબ્લેશ્વર નિકલી જાવો. ત્યાંની સુકી હવાથી થાંસો તરત નરમ પડી જશે, નહીં તો કે જીવથી જશે. ઓ ! ઓ ! અરે ! (થાંસેછે.)

પાલી—મામલેહરની હવા !

જમશેદ—હા. પણ કાકાજી રૂપ્યા તોલતા નથી અને થાંસો તો વધ્યોજ જાયછે ! (ખુબ થાંસેછે.)

પાલી—(બાજુએ) નખોદ જાયરે હુખલાજીનું ! એના પૈહાપર હાંપ બેહે ! હવે કેમ કરૂં ? મારા જાતી લાભ ખાતર રૂપ્યા આપવા હીવાય છુટકજ ની તો ! (મોટે) જો જમહેદ, મારો જીવતો હદાનો દયાલુ ને ભોલો તે તો તું હારી પેઠે જાણે, વાહતે લે આએ (પાકીટ ઉઘાડીને) ત્રણુ હો રૂપ્યાનાં ત્રણુ નોટના કટકા અને બોલ તારી ખાત્રી છે કે મામલેહરની હવાથી જરૂરજ થાંહો હારો થહે ?

જમશેદ—ખચ્ચીતજ, પાલી કાકા ! બેશક શારો થશે ! હા ! હા ! ત્યાંની સુકી હવા–ફરવા હરવાનું સુખ–દોસ્તોની ગમત અને હોટલનાં રીચ ખાણાંથી મારી તબીયતમાં જરૂરજ (અચકીને) અરે મને જરા પકડો તો મારો થાંસો પાછો ઉભરી આયો (ખુબ થાંસેછે–અને થાંસતો થાંસતો પાલીનાં હાથમાંથી એક નોટો લઇને પોતાનાં ગજવામાં સેરવી દઇને) બસ બસ હવે મને જવા દેવો ! હું શારી પખે છું ! ઉપકાર થયો !

પાલી—હું એટલાવારમાં હારોબી થી ગયો ? એ પણુ નખોદગયો તાંબાંનોજ તાપ ! એ હાથમાં આવતાંજ દુઃખ પોતાની મેરેજ નાહી જાય ! વારૂં ચાલ હીધાર, પણુ હબર જો રહતામાં તને ફીરોઝ મલે તો તેને જણાવતો રખે કે મેં તેને પકડાવાને વારંટ કાઢેલું ! હમજેલો ?

જમશેદ—અરે ખુદા ખુદા કરો, એમ કાંઇ મારાથી કેહેવાય. (થાંસેછે) ચાલો શાહેબજી. હું ઇચ્છુંચ કે કોઇને ખાતર નહીં પણુ ફકત તમારે ખાતર જલદીથી શારો થઇ પાછો ફરૂં.

પાલી—ઠીક ! હીધાર ને વેહેલો પાછો આવજે ! (જાયછે.)

જમશેદ—(હસીને) અરે ખુદા આ પણુ પૈસા ઓકાવવાની અજબ રીત ! હવે મારો થાંસો સારો થયો ! ચાલો બહાર આવો મી૰ ફીરોઝ ! (ફીરોઝ આવેછે) ચાલો ફીરોઝ, હવે તમારા મીત્રને તેનો ખરાબ થાંસો સારો થવા માટે મુબારકબાદી

આપો ! (નોટો દેખાડી) જુવો આ બેંક નોટો ! બોલો હવે તમો કયાં જવા માંગોછ ?

ફીરોઝ—મુંબઇ !

જમશેદ—નહીં હવણાં નહીં. દુશમનોએ આપણી પુઠ હજી છોડી નથી. ફક્ત એકજ ભરાવાની જગા ધાસ્તી વગરની છે—અને તે કાલી કારભારીની ઝુપડી છે ! ચાલો આપણે ત્યાં જઇને તમારી બેકદર દીકરી ધન તથા તેના મામા માણેકશાહનું શું કરવું તે વીશે ગોઠવણ કરીએ !

ફીરોઝ—નહીં જમશેદ તું ધનને બેકદર ના કહે ! ગમે તે પણ એ મારૂં ફરઝંદ છે ! હજી પણ મને આશા છે કે વખતનાં વેહેવા સાથ દીકરી ધન તેણીની બેહેસ્તન માતાના જેવીજ નેક અને ભલી નિવડશે ! મારી બેહેસ્તનશીન ગુલનું જીગર પણ તારાજ જેવું ભલું, ભોલું અને સખી હતું. તારીજ માફક તેણીએ પણ મારા જેવા કમનશીબને માટે સઘલુ પોતાનું ખોહી દેવા ઉપરાંત.—

જમશેદ—બસ બસ ફીરોઝ, હવે ગઇ ગુજરીને યાદ કરવામાં શું સાર ? હું એમ પુછું કે જ્યારે એક માણશ એક મીનીટમાં ૩૦૦) રૂપ્યા મેલવી શકે ત્યારે તે દુઃખની વાતજ કેમ કરી શકે ? એક જરાક સ્હેજ ગુંચ સાથનાં થાંસાથી આપણે જ્યારે ચાહીશું ત્યારે બેંક નોટો મેલવી શકશું ! ચાલો હવે આપણે કાલીની ઝુપડીમાં જઇ આસાએશ લઇએ અને પાલીના રૂપ્યાની સલામતી ચાહીએ !

ફીરોઝ—જમશેદ હું ખરેજ તારો આભારી છું ! (ગાયછે.)

રાગ કલ્યાણ.

જીગર હરખે જાય હરખાઇ, જોઈ ભાઇ
સઘલી ભલાઇ તારી સત્યની સાદાઇ શારી.—હરખે.
હરદમ હરપલ ગાઉં બસ તુંજ ગુણ.—હરખે.
રહેમી રબ રહેમ કરી આપે જો તક મને
વળી ફીરોઝ આપે કરજ તેનું ઓ તને.
ગમના ભારમાં બસ હાય—જીવ ઘભરાય
છુટક તેથી કેમ પાય—ધનસે મેલાપ કયારે થાય
ચીત બસ ફીકરમંદ રહે—ઓ ભાઇ દીલ દર્દમંદ રહે
પ્રેમ પ્રીતી તારી ન્યારી ઓ ભાઇરે.—જીગર.

(જમશેદનો હાથ બગલમાં લઇને ગાતો ગાતો જાયછે.)

પ્રવેશ ૨ જો.

રસ્તો.

(પાલી, માણેકશાહ અને ધન (મર્દના પોશાકમાં) વાત કરતા દાખલ થાયછે.)

માણેકશાહ—પાલી અમો તને ઘણીવાર ખોટી નહીં કરશું-બસ ફક્ત અમોને કાલી કારભારીની ઝુપડી બતાવી તું તારે એલીફ અને સીપાઇઓ સાથે ફીરોઝની પુઠે જા. આએ જુવાન ગ્રહસ્થ મી૦ કેકોબાદ-

પાલી—(ચોંકીને) કોણ ? કેકોબાદ ! કયો કેકોબાદ ?

ધન--શાહેબ, હું ધનની માસીનો દીકરો થાઉં ? હું હવણાંજ મુબાઇથી આવેલોછું અને મારે એટલાંતો અગત્યનાં કામો કરવાનાં છે કે મને સમજ નથી પડતી કે હું જીવતો છઉં કે મુવેલો ?

પાલી--(બાજુએ) એ બફી હુ મરે ?

માણેકશાહ--ચાલ ધન તું પાલીની મશકેરી ના કર ! એ આપણાં કુટુંબનાં સઘલાંને બરાબર ઓલખેછ ! એને આપણાં વિશ્વાસમાં લેવામાં કાંઇ ખોટું નથી ! પાલી, એતો મારી દીકરી ધન છે. હાલ ગામમાં જે ચર્ચા ઉડેલી છે કે જમશેદ કાલીની પોરી પીલાંનાં પ્યારમાં પડેલો છે તે વાત ખરી છે કે ખોટી તે નજરે નજર જોવા માટે ધને આજે મર્દનો પોશાક લીધેલો છે.

ધન--હા પાલી એ વાત ખરી છે કે ખોટી તે હું આજને આજ સોધી કાઢવા માગુંછ કે જેથી ભવિષ્યમાં જમશેદ સાથે કેવી રીતે વર્તવું તેની મને સમજણ પડે. ચાલો પાલી કાકા મને જલદીથી કાલીની ઝુપડી બતલાવો, કારણ કે જમશેદ હવણાં ત્યાંજ છે એમ હું જાણુંછ !

પાલી--(હસીને) ખરેખર ! બાપના હમ ! તમે હાચું બોલો ? અરે ઉંતો ની ધારતો કે તેમ હોય ! એ પોયરો એટલો ખરાબ નથી છે ! હઉવે ! ચાલો જોઉં તમારૂં બોલેલું હાબેત કરી આપો

ધન--કાંય નહીં. શું નહીં શાબેત થશે ?

પાલી—(દમથી) અરે નીજ તો ! તે પોયરો ત્યાં હોહે તો હાબેત કરહો કે ? અરે બાઇ હાબ એ પોયરો હાલ પ્યાર કરી હકે

તેવી હાલતમાં નથીની !

ધન--એટલે ?

પાલી---એટલે ઓટલો ને રાંડી રાંડનો ચોટલો ! અરે જમહેદને તો ખરાબ થાંહો થીએલો ને પાધરૂં બોલી હકતો નથી તે પ્યાર તે હું કરી મરે ? અરે એનેતો ખહીનો મરજ થીએલો ! તેતો મારી પાહેથી ઉછીકા રૂપ્યા લઇને મામલેહરની હવા ખાવા ગીએલો !

માણેકશાહ--માહાબ્લેશ્વર ગયો ! કયારે ?

પાલી--કયારે ! વરી આજેજ ! થોડા કલાક અગાઉ !

ધન--કયે રસ્તે ગયો ?

માણેકશાહ--છટ એ સદનતર ખોટું છે ! એ બધી જમશેદની લુચ્છાઇ છે ! એનું પાપ પકડાય નહીં તેની તું ખોટી યુક્તિ રચેછ !

પાલી-અરે નીરે હેઠ, હું જે બોયલો તે મારા બાપના હમ ખાઇને કહું કે હાચુંજ બોલેલો !

માણેકશાહ--અરે પણ હેમક મેં એને આજે શહવારે જોયો ત્યારે તો એ ઘણો શારી હાલતમાં હતો ને એટલાવારમાં ખહી કયાંથી થઇ આયો ? લુચ્છા, એ બધા તારા ઢોંગ છે !

પાલી--ચાલો જ્યારે મારી વાત ખોટી લાગે ત્યારે તમારે ગમે તેમ જઇને જોઇ લેવો ! કદાચ જમહેદને બદલે ત્યાં કોઇ બીજાને તમે જુવો ખરા !

ધન--એટલે ! વલી બીજો કોણ ?

પાલી--(હસીને) વળી કોણ-જમહેદના કાકા હુખલાજી હેઠ ! અરે હવણાં પા કલાક અગાઉ મેં તેવણને ઝુપડાંની આગલ જેમ એક ભમરો ચાંપાના ફુલ ઉપર ભમ્યા કરે તેમ તેવણને તે ઝુપડાંની આહપાહ ભટકતા જુવેલા ! હઉવે !

માણેકશાહ--અરે જા જા પાલી એમ કદી બને ! સુખલાજી શેઠને બૈરાં-ઓને નામનો અજબ ધિક્કાર છે ! એવણ કદાચ જમશેદ કાલીની ઝુપડીમાં ચોરી છુપીથી જાવ આવ કરેછ તેની છુપી તલાસ ચલાવતા હશે; યાતો પોતાનાં ખેતરોમાં ખાલી લટાર મારવા નિકળી પડયા હશે. પાલી તુંબી કેંડો અકક લનો ઓઠમીજ દેખું !

પાલી--વારૂં માનેકહા હેઠ જે હોહે તે આપોઆપ જણાહે ! ચાલો હું તમને તે ઝુપડી દુરથી બતલાવીને મારે કામે ચાયલે જાઉં !

ધન—હા ચાલો મામાજી તમો પાલી સાથે વાત કરતા કરતા આગલ ચાલો અને હું તમારી પાછલ જરાક દુરથી ચાલશ, એટલે કોઇ પણ આપણને રસ્તામાં પીછાણી શકશે નહીં! (માણેકશાહ તથા પાલી જાયછે) હું ઇચ્છુંછ કે મારો જમસેદ વફાદાર હોય! યા ખુદા તુ જાણેછ તો ખરો કે હું એ મારા જસીને કેવા પાક પ્યારથી ચાહુંછ! (ગાયછે)

રાગ સારંગ.

તનની રગેરગ મુજ દીલબર સમાયો—તનની.
જસી વના નીસદીન નહીં ચયન
પ્રીતનો છાપ લગાયો--તનની.
મન ભમે નીત પ્યારાને ધ્યાને
તે વન નહી કોઈ ચાહ્યા
ભોલા પ્યારા જસી વન દીવાની
જોઉં જઇ કાં છુપાયો--તનની

પ્રવેશ ૩ જો.

કાલીની ઝુપડી.

(સુખલાજી દારૂનુ ગ્લાસ હાથમાં લઈ હસી હસીને પીલા સાથે વાત કરતા બેઠેલા જણાયછે.)

સુખલાજી--પીલાં અંતે તુંએ મને વટલાવ્યો ખરો! જ્યારે હું સઘલી ઓરતોને ધિકકારતો હતો ત્યારે મેં તને જોયલી પણ ન હતી! તારાં નખરાં અને મનહરન ઘાટે મારૂં દીલ હરી લીધુંછ! વારૂં પીલાં, તને કાંઇ ગાયણનો શોખ ખરો કે? એકાદ આવડતું હોય તો લલકાર કે જેથી મારા થાકેલાં બદનને આરામ મલે!

પીલાં--(શરમાઇને) જી મને કાંઇ બરાબર આવડતું નથી. જ્યારે તમારી મરજીજ છે તો હું તમારો સુખન ના પાડી શકિત નથી!

સુખલાજી—ઠેંકયુ માઇ ડીયર! ચાલ લલકાર! (પીલાં ગાયછે.)

રાગ જિંઝોટી.

પીલાં—નમી નીશદીન પલ પલ છીન–હરના ગુણ ગાઉં
દુઃખ સુખ સહુ ધીરથી ખમી–રબને ચરણ જાઉં.—
જુઠી છે માયા ખોટી છે કાયા–હઇડે હર સમાઉં
તન મન જાંન અર્પણ પરસન–તરસન દર્સન પાઉં.—

સુખલાજી—ફેંકયું માઇ લવ ! ઘણુંજ સરસ ગાયું ! તારાં ગાયણે કાંઇ મારી ઉપર જાદુઇ અસર કીધીછ ! ચાલ સાંભલ, હુંભી એક લલકારૂંછ ! (ગાયછે)

ઈંગ્રેજી રાહ.

એક બસ એક ફકત એક લીએ જાંમ
થાય હુસીઆર હોય જો કોઇ બરો તે બેફામ
તો પીઓ મારા લાલ – પીઓ બેમીસાલ
રંગીન રંગન આબ પી ખુશ તન તમામ.
જે નર દારૂ ન પીએ તે મરદ નહીં મુદદામ
મરદ નહીં પણ ઘાંચીનો એક બલદ તેનું નામ
એવા નરા બેલ – આ દુન્યાથી ગાફેલ
તેવાઓનું જીવતર છે આ દુન્યામાં હરામ.
પીઓ પ્યારા બેધડક તમ ઢીચો બેલગામ
રંગ રાગથી પીતાં શરાબ ગજાવો આ ધામ
નહીં પીએ શરાબ – થાય ખાતું ખરાબ
ચાવવો નથી પડતો યારો દારૂં જેનું નામ.

(ગાઇ રહી પીલાં આગલ જઇ ગુંઠણપર પડીને)

મારા પ્યારની પુતલી ને જીગરનાં હાર
મારા મનની મુર્તીને ઘરનાં સણગાર
ફીદા તુંજપે છે મુજ દોલત ને જાંન
કદમો તુંજ ચુમવામાં સમજુંછ હું માન.
હસ અને બોલ અએ બુલબુલી નાર.
લાજ તુંજ છોડીને કર મુજસે પ્યાર.
બસ પી અને પા મને સરાબની જાંમ
કે બનું તું મોબતમાં મસ્ત અએ દીલજાંન.

પીલાં–(હાથ છટકાવીને) ખસો સાહેબ, મુજ નાદાનની તમો મસકેરી ના કરો. તમો ઓરતોને ધિકકારનારા તે મારીસે

પ્યારજ કેમ કરી શકો? તમારા એવા જુઠા ઢોંગ અને મશકેરી છોડી દેવો! મુજ ગરીબની મસકેરી કરવામાં કદાચ તમને રમુજ ઉપજતી હશે!

સુખલાજી—નહીં મારી વાહાલી હું મસકેરી નથી કરતો! હું સાચ્ચુંજ કહુંછ! મારા જાંન જ્યારથી મેં તને જોઇછ ત્યારથી મારૂ દીલ તારી ઉપર ફીદા ફીદા થઇ ગયુંછ! હું તારી પાસે ગુંઠણુપર પડી કરગરીને સોગંદ ખાઇ અર્જ કરૂંછ કે હું તને ખરાં અંતઃકરણથી ચાહુંછ! એકતો એમ મને ગુંઠણુપર પડવાનો અનુભવ નથી અને તે છતાં એ વખ્ત તું ખુબસુરત નાર આગલ ગુંઠણુપર પડતાં પડતાં મારાં ગુંઠણો પણ છોલાઇ ગયાંછ તોપણ તને મારી કાંઇજ દયા લાગતી નથી!

પીલાં—(હસીને) સુખલાજી શેઠ તમો એટલા બધા બાહાદુર છો તેતો મેં આજેજ જાણ્યું!

સુખલાજી—અરે તું મારી બાહાદુરીની વાત સાંભલશે તો બેસુધ્ધ થઇ જશે! ખરો પ્યાર શું છે તે નખોદગયું આ દુન્યામાં મારા સીવાય કોઇજ સમજતું નથી! હું લખવામાં, વાંચવામાં, ગાવામાં, જુઠું બોલવામાં (સુધારીને) અરે નહીંરે શું જો સાચું બોલવામાં, નાચવામાં (નખોદગીયા ગુરાનું તો ઠેકાણું નહીં મલે) વજાડવામાં, ખાવામાં, અને પીવામાં બધાંને એક બાજુએ બેસાડું એવો બાહાદુર છું! કેમ પ્યારી ખરૂ કેની? તુંને કેમ લાગેછ?

પીલાં—વારૂં તે હશે. પણ શાહેબ, મારા ગરીબ બાવાજીને તમેં પાછા તેવણુની ચાકરીએ રાખશો તો મોટો ઉપકાર થશે. હું તે દીવસ પછીની ઘણીજ બેચેનછું.

સુખલાજી—હા, તે હું સારી પેઠે સમજુંછ, અને તેનું કારણ પણ મને ખબર છે. ધીરજ ધર હું તારા બાપને પાછી ચાકરી આપશ એટલુંજ નહીં પણ પગારબી વધારી આ-પશ. (આગલ જઇને) પપપપ પણ બોલ પ્યારી આપણે મલશું કેમ? આપણો પ્યાર કેવી રીતે ચલાવી શકશું? અરે જો મને કોઇ હ્યાં આવતો જતો જોશે તો મારે માટે શું ધારશે? આએ આપણી છુપી મુલાકાત—

પીલાં—શું સાહેબ? છુપી મુલાકાત સાંની?

સુખલાજી—અરે છુપી નહીં તો શુ દેખીતી? જો સુતરો રસ્તો એ

છે કે ચાલ આપણે સાથે મુંબઇ જઇ રહીએ. ત્યાં આપણે ચોરી છુપીથી કોઇનાં જોયા જાંણ્યા વગર પ્યાર કરી શકશું અને ત્યાં આપણુને કોઇ ઓલખી શકશે નહીં.

પીલાં—(ગુસ્સાથી) તમો શું બોલ્યા શાહેબ ? હું તમારૂં બોલવું કશું સમજી શકિત નથી !

સુખલાજી—તો ચાલ હું તને સમજાઉં. જો મુંબઇમાં તો એવો ઘોંટાલો ઘણોજ ચાલેછ, પણ આપણાં શેહેરમાં તે ચાલી શકતો નથી. હાં જો કોઇ ચોરી છુપીથી એક ચુંમી લેછ તો તેનો અવાજ આખા ગામમાં સંભલાયછ—તેથી મુંબઇ શેહેર એ કામને વાસ્તે એક લાયક જગા છે—ત્યાં એક મોટો બંગલો લેવશ—જોડીની ગાડી રખાવશ— પેનાફોર્ટ—હારમોનીયમ—શીતાર—તાઉસ—તબલા—સાંરગી—ઉંચું ફરનીચર—કુંતરાં—બીલાડાં—પોપટ—મેના—મરઘાં—બટકાં વગેરેથી આખો બંગલો ભરી નાંખશ—અને તું કલેજાંને અમન ચમનમાં રાખશ ! મુંબઇમાં તુંને બીજેજ નામે ઓલખાવવું પડશે.

પીલાં—(બાજુએ) ઓ ખુદા એવાં કાં મારાં ધન ભાયગ કે હું એ શેઠયાની બૈરી થાઉં ! ત્યારે શું તમો મને ખરેખરજ ચાહોછ ? મારૂં નામ મને બદલવું પડશે ?

સુખલાજી—ખચ્ચીતજ ડીયર ! નામ તો બદલવુંજ પડશે ! આજથી તુંને કોઇ પીરોજબાઇ કાવસજી કરીને કહેશે નહીં !

પીલાં—(ખુશાલીથી) ત્યારે શું સાહેબ, તમે મને ખરેજ તમારી ધણીઆણી બનાવવાનું માન આપોછ ? ઓ ખુદા, હું આ શું સાંભલુંછ !

સુખલાજી—(અચરતીથી) મારી ધણીઆણી !

પીલાં—(નીચું જોઇને) હાજી ત્યારે હશે આજથી હું પીરોજા સુખલાજીને નામથી ઓલખાવશ !

સુખલાજી—(ધભરાઇને) તું તું તું પી પી પીરોજા સુ સુ સુખલાજી ! તુ મ મ મ મારી (હસીને) હા ! હા ! હા! ધણીઆણી ! અરે મારી વાહાલી પોરી, તું મને બરાબર સમજતી નથી. અરે હું તો ફકત તારી સાથે કોઇ જુવે જાંણે નહીં તેમ પ્યાર કરવા માગુંછ—બાકી તારી સાથે પરણું ? ઓ ખુદા ! એવી તો છુટ હું તારી સાથે લઇ શકશજ

નહીં ! પરણવાની વાત તો તું કરતીજ ના ! પરણવાને નામે તો મને ધધરીને તાપજ આવેછ ! (જોરમાં બાહારથી બારણું ઠોકાય છે) અરે એ અવાજ શાંનો ? એ બારણું કોણ ઠોકેછે ?

પીલાં--ખુદા જાંણે કોણ હશે ! કદાચ મારા બાવાજી યા ભાઇ જમશેદ અથવા તો મારી બ્હેન-

સુખલાજી--(ચીરડાઇને) અરે જાહનમમાં ગઇ તું અને તારી બ્હેન ! રાંડ ડાકણ, તુંએ તો મને ફસાવ્યો ! હું સુરત શેહેરનો મોટો શેઠયો કેહેવાઉં ને તુંએ મારી આબરૂની ધૂળધાણી કીધી ! અરે બોલ પોરી, હવે શું કરૂં ? (ધભરાટમાં અહીંથી તહીં દોડધામ કરી મેલેછ.)

જમશેદ—(બાહારથી) પીરોજા-પીલાં-કાલી-સુના

સુખલાજી—(ચોંકીને) અરે નખોદ ! એતો જમશેદનો શાદ ! મુવા છુટા જો પીલાં, તું મને નહીં બચાવશે તો હું તારા બાપને ફાંસીને લાકડે લટકાવશ ! અરરરરરર ! શું કરૂં ! આએ ઓરડામાં ભરાઇ જાઉં ! (ફસડાઇ પડેછે.)

પીલાં--(આગલ દોડી જઇને) શબર કરો એનો મારો સુવાનો ઓરડોછે. એમાં તમારાથી નહીં જવાશે, તમે હયાં આવી આએ ઠેકાણે ભરાઇ જાવો અને હું પરડો આડો કરશ. ચાલો વેકો ! જલદી કરો ! ઉઠો જાવો ! (જેમ તેમ ઉઠાડેછે.)

સુખલાજી--(કમર દાબતો) નખોદજાય વીસ વરસ પછી પાછો પ્યાર કરવા નિકલ્યો તેનાં આએ ફલ ! હવે કોઇ દહાડો ઓરત જાતનું નામજ નહીં લેઉં ! અરરરર હયાં તો બધું ધાસ પાંથરેલુંછે !

પીલાં--(દમથી) જે છે તે એ છે. બસ તમે હયાંજ ભરાઇ જાવો (બારણું જોરમાં ઠોકાયછે)

સુખલાજી--અરે વારૂં મારી બાઇ ! મારી મા ! મેહેરબાની થઇ ! અરરરર ! હવે તું જા ! પણ શબર આએ પરડો ઢાંકતી જજે. (ધાસપર ફસડાઇ પડેછે)

પીલાં--(ધભરાયલી) અરે હવે શું કરૂં ? એતો ઢંકાશે નહીં-ફાટી ગયલો છે ! ઓ ખુદા, હવે કેમ કરૂં ?

સુખલાજી—(ઊઠીને) અરે લે પોરી આએ મારી લાકડી લઇને આએ ફરટનમાં નાકું છે તેમાં ખોસીને એને ટેકાવ અને જો તેમ

નહીં બને તો આ લાકડી મારા પેટમાં ભોકી દે કે મારા પ્યારનો આંકો આવી જાય ! હા ! ઓરત ! ઓરત ! ઠગારી, લુચ્છી, નખરાંબાજ ઓરત !

જમશેદ—કેમ પીલાં, બારણું ઉઘાડતાં કેટલો વાર ? (સાંમે જોઇને) પણ શબર પીલાં, સાંમેથી કોણ આવેછ ? જુવો ફીરોઝ, એતો પાલી છે–અને વળી તેની સાથે તમારી ધનનો પેલો લુચ્છો મામો માણેકશાહ પણ છે.

ફીરોઝ--હા. પણ તેઓની સાથે બીજો જુવાન છોકરો કોણ છે !

પીલાં--મને તો એ કોઇ સરકારી એલીફ જેવો લાગેછ !

જમશેદ--હા તેમજ છે ફીરોઝ. ચાલો આપણે પેલા કરઠનની પછવાડે ભરાઇ જઇએ–તેઓ આવી લાગા !

પીલાં--(અટકાવીને) નહીં ભાઇ જમશેદ ત્યાં ના જાવો, ત્યાં બાવાજીએ બધો ઘાસ દાણો ભરેલો છે. તમે લોકો આ મારા સુવાના ઓરડામાં ભરાઇ જાવો. (બેઉ જણા ભરાઇ જાય છે–ધન મર્દના પોશાકમાં દાખલ થાયછે)

ધન--(આજુબાજુ જોઇને) મારો પ્યારો જમશેદ તો હઇઆં જણાતો નથી ! (કરટન આગલ જઇને) એ કદાચ હયાં ભરાયલો હોવો જોઇએ !

પીલાં--(ધનને હડસેલીને) તમે શું માંગોછ સાહેબ ? ત્યાં કોઇ નથી ! ત્યાં ફકત અમારાં ગાય ઢોરોને માટે ઘાસ દાણો ભરેલો છે ! શાહેબ, એમ એક ગરીબનાં મકાનમાં વગર પુછવે યા બોલાવવે દાખલ થવું એ એક ખરા ગ્રહસ્થની રીત નહીં !

ધન--(હસીને) હા ! હા ! હા ! બાઇ સાહેબ, તમે ઘણાં ચબરાક દીશોછ ! તમે જાણોછ કે હું કોણ છઉં ?

પીલાં—નહીં, અને તે જાંણુવાની હું દરકાર પણ કરતી નથી ! હાલ મારા બાવાજી બાહાર સધાવેલા છે, માટે તેવણ આવે ત્યારે આવજો, અને તમે કોણ છેવો તે તેવણને જણાવજો. મને તમો સાથ કશું કામ નથી. મેહેરબાની કરીને આએ મકાન તમારે છોડી જવું, કારણકે હુંબાઇ માણશ હયાં એકલીજછું.

ધન—(અણુકાથી) હંઃ હંઃ એટલું બધું ! હું બધું સમજુછ પોરી બધું સમજુછ ! તારા ઘેરમાં તુંએ એક ચોરને સંતાડેલો છે, તેને પકડવા આયોછ ! જોયું આ સરકારી વારંટ ! ચાલ

પેલું સામેનું બારણું ઉઘાડ !

પીલાં--પણ હયાં કોઇ નથી ! ચોરબી નથી અને સાહુકારબી નથી ! હું કાંઈ તમારા દબરાવ્યાથી બીહ જવાની નથી !

ધન--(ફાટમાંથી જોઇને) આએ બારણુંની ફાટમાંથી હું બરાબર જોઇ શકુંછ કે અંદર કોઇ છે !

પીલાં--(ધનને હડસેલીને) ચાલો, ખસો હયાંથી !

ધન--(દમથી) ખસસે કેમ ! શબર છોકરી, જો ફરીને તું મારા દીલને હાથ લગાડશે તો આ લાકડીથી તારૂં ભેજું કાઢી નાંખશ ! (ફાટમાંથી જોઇને) હા-તેજ છે ! (મોટે) બાહાર આવો મી૦ જમશેદ ! તમુને મેં બરાબર જોયા !

પીલાં--સાહેબ હું તમને કાલાવાલા કરીને કહુંછ કે--

ધન--(ચીરડાઇને) બસ તારા કાલાવાલાથી કાંઇ વળવાનું નથી ! તું બાઇ માણુસ એકલી હતી ત્યારે એ હવે હયાં કયાંથી નિકલી આયો ? ચાલ ખસ, તારાં બી ચરીત્ર મારી આગલ નથી ચાલવાના ! મી૦ જમશેદ તમે બાહાર આવોછ યા નહીં ? એકદમ બાહાર આવો, નહીં તો હું લાત મારીને બારણું ભાંજી નાંખસ ! (બારણું જોરમાં ઠોકેછે-જમશેદ બાહાર ધસી આવેછે)

જમશેદ--(ખીજાજથી) કેમ સાહેબ તમારે શું કહેવાનું છે ?

ધન--શું કહેવાનું છે ! એટલુંજ કે તમારાં આતરડાં કેમ છે ? તમારો ખરાબ થાંસો નરમ પડયો ?

જમશેદ--(અચરતીથી) ખરાબ થાંસો ? (બાજુએ) મારા થાંસાની વાત એ કયાંથી જાણે ! (મોટે) સાહેબ, અગરજો તમે મી૦ ફીરોઝને પકડવા આવ્યા હોવો તો-

ધન—નહીં સાહેબ, હું તો તમનેજ મલવા આવ્યોછ ! મારૂં નામ કેકોબાદ છે. હું ધનબાઇ ફીરોઝશાહ વીકાજીના માસીનો દીકરો થાઉંછ. (દમામથી) સાહેબ, આ ઘડીએ જો તમે તમારાં ગુંઠણપર પડીને મારી માસીની દીકરી ધનને અપમાન કરવાને માટે મારી આગલ માફી નહી ચાહશો તો હું તમને તેનો સ્વાદ આ લાકડીથી ભાંજ દેખાડશ ! લુચ્છા, ચોર, મારી બેહેન ધનને અપમાન કરતાં તને શરમ નહીં આવી ? મેં તો તમને આજેજ જોયાછ, પણ હું જોઇને અજબ છું કે મારી બ્હેને

ક્યાંથી તમારા જેવા મકકાઇ બુઠઠાને પંસદ કીધા !

જમશેદ--(બાજુએ) એ શું ચાહે પીએછ ! હું તો ધારતો હતો કે એ કોઇ બેવીફ હશે અને ફીરોઝને પકડવા આયો હશે. સાહેબ, તમારૂં બોલવું તદન બેવકુફી ભરેલું છે ! તમે જો ધનની માસીના દીકરા થતા હોવો તો ભલે, પણ મારે તમને જણાવવું જોઇએ કે તેણી એક ભાઇ તરીકેના તમારા પ્યારને તેમજ એક ખાવંદ તરીકેની મારી દયાને બીલકુલ લાયક નથી ! તેણી નથી પોતાનાં આસક તરફ વફાદાર રહી કે નથી પોતાનાં બાપને માન અને પ્યારથી ચાહયો ત્યારે એવી એક નાદાન, હુલડ અને ટચાક છોકરીને માટે તમે મને અપમાન આપોછો તે માટે સાંમી તમોએ માફી ચાહવી ઘટેછ !

ધન--(ગુસ્સાથી) શું બોલ્યા તમે ? શું ધન નાદાન, હુલડ અને ટચાક છે ?

જમશેદ--હા તેમજ છે, જ્યાં સુધી તેણી પોતાની ચાલ સુધારશે નહીં ત્યાં સુધી હું મારૂં મત હરગેજ ફેરવનાર નથી.

ધન--હીચકારા તારી જબાંને થાંમ ! (લાકડી ઉંચકીને) ચાખ તારી તુંદાઇનો સ્વાદ !

પીલાં--(વચ્ચે ધસીને) શબર કરો સાહેબ ! હું તમને કરગરીને અરજ કરૂંછ કે મારાં ગરીબડાં મકાનમાં નાહકનો ફેસાદ ના ઉઠાવો ! આએ મારામારી કરવાનું કારણ શું ?

ધન--(ગુસ્સાથી) કારણ ! કારણ તો તું પોતેજ છે ! જમશેદનો તારી ઉપરનો પ્યાર એનું કારણ છે ! સુખલાજી શેઠે, મને તારી સાથના જમશેદને લગતા પ્યારની સઘલી વાત કહીછે !

પીલાં--(જુસ્સાથી) કોણે કહ્યું ? સુખલાજી શેઠે કહ્યું ? એ લુચ્છા, નીચ, નીંદાખોર માણશ ! અરે સાહેબ, એ વાત તદન ગલત છે ! જુઠી નીંદા છે ! પ્યારે કદી પણ ભાઇ જમશેદને અમારાં ગરીબ ઝુપડાં તરફ ખેંચ્યો નથી ! મારે હેશાન સાથ જણાવવું જોઇએ કે જ્યારથી સુખલાજી શેઠે મારા બાવાજીને વીના કારણે ચાકરીએથી રજા આપી છે, ત્યારથી અમારૂં ગુજરાણ એ ભાઇનાજ પૈસાથી ચાલુ છે - અને ખરેજ ભાઇ જમશેદે અમને ભુખમરામાંથી બચાવ્યાં છે !

ધન--શું ત્યારે તું આએ સઘલું ખરૂં કહેછ ?

પીલાં—હા. એવણુને માટે અમારે। જીવ આપવો પડતો હોય તો તે પણુ અમે આપ્યે તોપણુ તે થોડોજ ગણાય ! વારંવાર મારા પીતાજી આગલ મેં એવણુને બોલતાં સાંભલ્યાછ કે એવણુની જીંદગીની જોટ અને ભવીષ્યની મોહોરદાર કોઇજ નહીં પણુ બાનું ધનબાઇ ફીરોઝશાહ છે.

ધન—(હસીને) શું, ખરેખર ! મી૦ જમશેદ તમે શું એમ બોલ્યા હતા ?

જમશેદ—સાહેબ, તમોએ મારો ઠેડાવ એક વખતે સાંભલી લીધોછે, માટે એમ વારંવાર મને પુછીને કંટાલો ના આપો !

ધન—નહીં મી૦ જમશેદ એટલા ઉતાવલા ના થાવો ! અગરજો સુખલાજી શેઠે મને ઠગ્યો હોય તો એમાં કાંઇ મારો વાંક—

જમશેદ—બસ સાહેબ બસ કરો ! તમારી અપમાનભરી મુલાકાત, ધનનો તેણીનાં ઠગારા મામા તરફનો પ્યાર અને પોતાના જીવતા જાગતા ફીરેસ્તા ખસલતનાં સગા બાપ તરફનો ધિકકાર એ સઘલું એટલુંતો શરમભરેલું છે કે અગરજો હવે ફરીથી હું કોઇને ચાહાવશ તો તમે યાદ રાખજો કે તે ધનતો નહીંજ હોય !

ધન—(ઝડપથી) શું ધન નહીં ! ત્યારે કોણુને ચાહાશો સાહેબ ?

જમશેદ—કોણુને એટલે ?

ધન—એટલે એમ કે આએ પીલાંને ચાહાશો ? આએ વગર અકલની કારભારીની છોકરી સાથે પરણુશો ?

જમશેદ—(ઉસકેરાઇને) નીચ તારી જબાં સંભાલ ! એ જોકે એક ગરીબ કારભારીની દીકરી છે, તોપણુ જ્ઞાન રૂપ અને કેળવણીમાં ધન કરતાં કાંઇ ઉતરતી નથી ! હંઇ આવ પીલાં (હાથ પકડીને) તું એવણુની સાંમે જો અને કેહ કે જ્યારે તું તારા બાપની ચાકરી કરવાને માટે તારો જીવ આપવા તૈયાર છે, ત્યારે પુછ કે ધન પોતાનાં બાપને માટે એક આસુંનું ટીપું પણુ આપવાને ખુશી થશે ?

ધન—(બાજુએ) યા ખુદા, એને પીલાંનો હાથ પોતાનાં હાથમાં લીધો ! અરે હું એ કેમ જોઇ શકું ! (મોટે) છોડી દેવો સાહેબ, એકદમ પીલાંનો હાથ છોડી દેવો !

જમશેદ—કાંય ! શાને માટે ! ખચીતજ પીલાં પણુ તમારી માસીની દીકરી ધનની માફક મારાં ખરાં અંતઃકરણુનાં માનને લાયકનીછે !

ધન—(ગુસ્સાથી) હું એ સાંખી શકવાનો નથી ! બસ મુકી દેવો–એકદમ હાથ છોડી દેવો ! (લાકડી સાથે આંગપર ધસેછે.)

જમશેદ—દુર થાવો સાહેબ–દુર થાવો ! તમે જુવોછ કે મારી પાસે લાકડી નથી !

ધન—લાકડી નથી ! એતો ખાલી બાહાણું છે - હીચકારા, હીંમત હોય તો સાંમે આવ !

જમશેદ—શું હું હીચકારો ! અગરજો મને એકાદ લાકડી યા હથીઆર મલી જાય તો તને બરાબર સ્વાદ ચખાડું ! પીલાં, શું તારા ઝુપડાંમાં કાંઇજ નથી ? (કરટન ગમ જોઇને) યા પરવર, હું આ શું જોઉંછ ! (ખુશાલીથી) ત્યાં એક લાકડીછે ! શબર કર ઠગારા, હવે તારી કમબખ્તી !

પીલાં—(વચ્ચે પડીને) મને સાંભલી લેવો ભાઇ જમશેદ–ખુદાને ખાતર તેને હાથ ના લગાડો !

ધન—ચાલ પોરી તું વચમાંથી ખીસીજા ! હું જોઉં તો ખરો કે એનામાં કેટલું પાણી છે ! હીચકારા ચાલ વેકી જા !

જમશેદ—(છેડાઇને) બસ તું ખસી જા ! છોડ મને ! (ઝડપમાં દોડી જઇ) હવે કોણ હીચકારો છે તે એને હવણાં આપો-આપ જણાઇ આવશે !

(કરટનમાં ખોસેલી લાકડી જોરમાં ખેંચી કાઢવાથી કરટન ફાટીને ઉઘડી જાયછે અને બહાદુર સુખલાજી શેઠ ઘાસની પુરીપર ફીકાફચ ધ્રૂજતા નજરે પડેછે—જમસેદ અને ધન હસી પડેછે–પીલાં શરમાઇ નીચું જુવેછે.)

ધન—(ખુબ હસીને) હા ! હા ! હા ! બોલ મી૦ જમસેદ હવે કોણ હીચકારો–તું–હું–કે તારો કાકો ?

જમશેદ—કોણ કાકાજી ! (બાજુએ) મારયા ઠાર ! ઘરડે ઘડપણ કાકાજી શું ઢોંગ લઇ બેઠાછ ! ઓરત જાતને ધિક્કારનારા અને હયાં કેમ ? શું કાંઇ ઘાસ દાણો ખાવાનો સોખ થઇ આવેલો ! (હસેછે)

ધન—(બાજુએ) મારો જમશેદ ખરેજ નિરદોષ છે ! અંતે મારા પ્યારની પરીક્ષામાં હું ફતેહ પામી ! આજથી એજ મારો ખુદા અને એજ મારો ખાવંદ ! પીલાંપર ખરી રીતે પ્યારમાં પડેલા તો નખોદગીયા સુખલાજી પોતેજ દેખું ! શું આ દુન્યા

ફરેબી અને જુઠી છે ! તે ફીરતારની ગેબી લાકડીનો અવાજ હયાંજ છે ! (ઑડીઅન્સને) જુઠું બોલનારા અને કોઇની નાહકની નીંદા કરનારાં ઇનશાનની ફજેતી આકેબત કેવી થાયછ તેનો જીવતો જાગતો દાખલો જુવો હોય તો આ સુખલાજીનો છે ! (સુખલાજીની આગલ જઇને) કાલીનાં ગાય ઢોરોના રખેવાલ સાહેબ કેમ છેવો ? કેમ પીલાં, આએ તારો બુધ્ધો બકરો ખાઇ ખાઇને કેવો માતેલો બન્યોછ હું ! નવરોઝપર કપાવા લાયક છે ! (હસીને) ચાલો આવો શેઠ બાહાર આવો ! ઘભરાવો ના ! (સુખલાજીને હાથ આપીને ઉઠાડે છે–સુખલાજી કમર દાબતા દાબતા ઉઠીને બાહાર આવેછે)

સુખલાજી--(પસ્તાઇને બાજુએ) ભત્રીજાની નીંદા કરવા જતાં, સાંમી મારીજ હસી થઇછ ! કુદરતે મને વાજબી શીક્ષા કીધીછ ! (ઓડીઅન્સને) નીંદાખોર માણસોએ આજના મારા ચાનક આપનારા દાખલાપરથી ચેતી ચોંકીને ચાલવું નહીંતર આકેબત તેઓનો પણ હાલ કોઈ દી મારાજ જેવો જાંણવો ? એનું સત્યાનાશ જાય તે દુકતી સાથે પ્યાર કરવા જતાં મારી લખો રૂપ્યાની આબરૂનાં કાંકરા કીધા અને ભત્રીજાની નજરમાં હલકા પડયા !

ધન—(આગલ જઇને) કેમ શેઠ, શું વીચારમાં છો ?

સુખલાજી–(કંટાલેલા અવાજે) કાંઇજ નહીં ! બસ ભાઇ હવે મને જવા દેવો (બાજુએ) નખોદગીયા ગોદાઉનમાં ઘાસ દાણા અને બકરાનાં ચામડાંનાં વાસથી કરી મારૂં નાક ફાટી ગયુંછ ! હા–ઓરત ! ઓરત ! કમબખ્ત ઓરત ! અંતે તારે હાથે હું વેચાયો ખરો !

જમશેદ—કેમ મી૦ કેકોબાદ હવે તમો શું કહેવા માંગોછ ?

ધન—(નમીને) સાહેબ, હું ખરેજ શરમીનદા છું, અને તમો પાસે મારાં ખરાં જીગરથી માફી ચાહુંછ !

માણેકશાહ—(બાહારથી) કેકોબાદ ! મી૦ કેકોબાદ !

ધન--જોયું સાહેબ મને બાહારથી બોલાવેછ ! ત્યારે હવે આપણે મીત્ર તરીકેજ છુટા પડીએછ કે ?

જમશેદ--હા હું તમારેથી સંતોષ પાંમ્યોછ ! (બેઉ શેકહેન્ડ કરેછે ;

ધન--તમારો ઉપકાર થયો. સાહેબજી આપણે જલદીથી પાછા

મલશું. (બાજુએ) બસ આજથી એજ મારો સાચ્ચો અને વફાદાર ખાવંદ મારા હઇડામાં ઠડી ચુકોછ ! (મોટે) પીલાં તું નિરદોષ છે અને તારીપર ખોટો શક લઇ જવા માટે હું શરમીનદો છું ! (પાકીટ કાઢીને) આજનાં બનાવની ખુશાલીની યાદ તરીકે આએ રૂપ્યાથી ભરેલી પાકીટ તું કબુલ રાખ કે જે તને તથા તારા ગરીબ બાપને ઘણીજ કીંમતી થઇ પડશે. સાહેબજી. (સુખલાજી આગળ જઇને) શેઠ સુખલાજી જો હવે પછી કોઇ વખ્તે ભુલમાં તમારા કારભારી યા નોકરથી કાંઈ ગુનાહ થઇ જાય તો તેનાં બદલામાં તેની દીકરીને છટકામાં ઉતારવાની તથા તેના કુટુંબ ઉપર ભુખમરો પાડવાની હેવાન્યત ચાલ ચલાવતા ના ! તે સાથ તમારા પાપનું ઢાંકણુ કરવા જતાં એક નિરદોષ ગ્રહસ્થની જે ઘાટકી નીંદા કીધી છે તે પ્રમાણે હવેથી કરશો ના ! (ઓડીઅન્સને)

નીંદાખોર ઇનશાંનને ન રહેજબી કરાર
બસ જીભ તેની ચાલે જેમ કાતરની ધાર
આખેરસ તેનીજ છે હાંસીને હાર
નીંદાખોરનો દ્વાર છે દોજખને દ્વાર !

(જતાં જતાં હસીને) સાહેબજી સુખલાજી ભગત સાહેબજી !

સુખલાજી–(જમશેદને) હસો શાહેબ હસો, અને તમારી ફત્તેહને માટે ખુસી થાવો ! મને આવી રીતે ઉંઘાડો પાડવા માટે હું તારી પર તેમજ ફીરોઝપર કીનો લેવશ ! મેં ફીરોઝને પેલા સાંમેનાં ઓરડામાં ભરાતો જોયલો છે. જ્યારે એનીગમ પાલી એને વારંટથી પકડશે, ત્યારે પેલી ગમ તારો દોસ્ત સ્યાવક્ષ તારી ધન સાથ પરણશે. હું હવણાં જઇને માણેકશાહને સમજાવીને આજેજ રાતનાં લગન કરાવી દઉંછ !

જમશેદ–કાકાજી માફ કરો ! હું શું જાણું તમો હયાં ભરાયલા છો ! હવે જે બની તે બની. ઉસકેરાઇ ના જાઓ.

સુખલાજી–(ગુસ્સાથી) નહીં બસ હવે તે બનસે નહીં ! હું માણેકશાહને મલવાને તલપી રહયોછ ! ચાલ નાપાક દુકતી વચમાંથી ખસ ! રાંડ ડાકણ, તારે લીધે મારી ફજેતી કાંઇ ઓછી થઈછ કે હજી વચમાં ભેંસની માફક આડી પડેછ ! ચાલ દુર થા ! હા ! ઓરત ! ઓરત ! નાપાક દગલબાજ જાદુગર ઓરત!

જમશેદ--ગયા ! કાંઈ નહીં પીલાં જવા દે !

ફીરોઝ--(અંદરથી) બધું સમાધાન થયું ?

જમશેદ--હા. હવે તમે જલદીથી બાહાર આવો !

ફીરોઝ--(બાહાર આવીને) જમશેદ, હવે આ મકાનમાં વધુ વાર રેહેવામાં સાર નથી ! તારો કાકો ફજેત અને ઉંઘાડો પડવાથી હયાંથી ગુસકેરાઇને ગયલો છે, તે હવણાં પાલી તથા બેલીફને મોકલી આપશે. વળી તે સાથે આજને આજ મારી બેટી ધનનાં લગન પેલા તારા દોસ્ત સ્યાવક્ષ સાથે કરાવા કહી ગયો છે (થોભીને) શું એ લગન આપણે અટકાવી ન શકીએ ? વીચાર કર જમશેદ, તારે ખાતર, મારે ખાતર, દીકરી ધનને ખાતર આપણાથી બની શકે તેટલું કરીને એ લગન અટકાવવાં જોઇએ !

જમશેદ--અટકાવવાં તો જોઇએ ! પણ તે બનશે કેમ ?

ફીરોઝ--શું તારા મીત્ર સ્યાવક્ષનો તારી પર ચાહ નથી ? શું તેને દુન્યાનો ડર નથી ? અરેરે શું તેને પોતાની આબરૂ વાહાલી નથી ?

જમશેદ--અગરજો દારૂથી માણસનું જીગર પાક થતું હોય એ જો ખરી વાત હોય તો મારા સ્યાવક્ષ માસતરમાં હું થોડી ઘણી નેકી સમાયલી સમજુંછ. જ્યારે પણ એ બાટલી અરધી બાટલીનું માથું ભાંજેછ, ત્યારે સઘળું સાચ્ચે સાચ્ચું કબુલ કરી દઇ, કોઇને ગેર ઇનસાફ કીધો હોય તો તેને માટે માફી માંગી પોતાનાં પાપનો પસ્તાવો કરેછે. ચાલો ત્યારે હું હવણાં જઇને તેને મલું- અને કાંઇ પણ કરીને એ લગન જો ભાંજી નહીં નખાય તોપણ આજને આજ થતાં અટકે એટલુ પણ હું કરી શકશ - તેટલાં તમે આપણી ધનનાં મેહેલમાં એક નાનો ઓરડો ખાલીછે ત્યાં જઇને ભરાઇ રેહેવો.

ફીરોઝ--કેમ તેજ ઓરડામાં કાંય ?

જમશેદ--કારણ કે લોક કહેછ કે તે ઓરડામાં ભુત છે, અને તેથી એ વેહેમી પાલી અને તેના સોબતીઓ તે મકાનમાં તમને પકડવા હરગેજ આવનાર નથી. ચાલો હું સ્યાવક્ષ આગલ જાઉંછ અને પીલાં તમોને તે જગાએ લઇ જઇને છુપા-

નરી. એકાદ કલાકમાં હું તમને આવી મલશ. (હસીને) પીલાં તુંએ પણ એક સધર શેકાર આજે પકડયો ખરો ! બુધ્ધાજી ગમે એટલા સ્ત્રી જાતને ધિક્કારતા હતા, પણ આખરે એક ઓરતથીજ માહાત થયા ! (ઑડીઅન્સને)

ધિક્કાર યા બેવફા કહે ઓરતને સૌ નર
વસે આખેર તેનીજ સાથ તે વન ઉજ્જડ ઘર.

(ટેબલો—ડ્રોપ ધીમે ધીમે ઉતરેછે)

અંક ૩ જો.—પ્રવેશ ૧ લો.

મેહેલ.

(સ્યાવક્ષ અને જમશેદ શરાબની જાંમો ઉઠલાવતા તથા ગાયન ગાતા દેખાય છે.)

રાગ પાહારી જિંઝોટી.

પીલે શરાબી જામ—પીને મસ્ત બન જાંની,
પીલે જાંની પીલે જાંની પીલે જાંની પીલે જાંનીરે.—પીલે.
સ્યાવક્ષ—લે આ સલામતી તારી ને મારી પીને બન્યે બેઉ સ્યાણા
જમશેદ—મંજુર મુજને સુખન તારો
પ્યારા તું પીલે તું પીલે તું પીલેરે જાંમ.—પીને.
સ્યાવક્ષ—શરાબે તન મન ધોઇ મારૂં કીધો મને પાક પ્યારા
જમશેદ—પીને બીજી જાંમ બની જા સાધુ
પ્યારા તું પીલે તું પીલે તું પીલેરે જાંમ.—પીને.

જમશેદ—(ગાઇ રહીને) દોસ્ત સ્યાવક્ષ, લેની બીજો ! બસ એક બાટલીમાં ધરાઇ ગયો ? લે આ તારી ને મારી સલામતી.

સ્યાવક્ષ—બસ દોસ્ત હવે બસ કર ! તું જાંણેછ તો ખરો કે આજે મારાં લગન છે, અને લગનની ક્રીયા પુરી થવા અગાઉ તું શું મને વધારે પાઇને ટાઇટ કરવા માંગેછ ?

જમશેદ—હા. તેમાં શું શક ! અરે યાર કોઇ પરણુતો હશે તે શું પોતાની હુસીઆરીમાં પરણુતો હશે ? લે દોસ્ત, એમ ચેડાં ના કાઢ ! જો કે આએ લગનમાં આપણે એકમેકનાં હરીપ છૈયે, તોપણ તારે માટે મારા દીલમાં કશો દગો નથી !

બસ આએ છેલ્લીજ બાટલી !

સ્યાવક્ષ—વારૂં મારે કબુલ છે. દોસ્ત તું જાંણેછ તો ખરો કે ઘણો દારૂ પીધાથી હું એક ખરેજ પહરેજગાર સાધુ જેવો થઇ જાઉંછ ! મારૂં જીગર ધોવાઇને સાફ થઇ જાયછ ! મારી આંખોમાં દયાનાં પાણીનાં ઝરાઓ ઉભાઇ જાયછ ! અને જ્યારે હું તદનજ રોશનબાસદ થઇ જાઉંછ, ત્યારે તો હું એક ખરેજ પ્રમાણીક, વફાદાર અને નેક ઇનશાન બની જાઉંછ !

જમશેદ—હા દોસ્ત, સઘલું ખરૂં છે. જ્યારે તું તારી સુદ્ધિમાં રહેતો નથી, ત્યારે તું ખરેજ એક ફીરેસ્તા જેવો દીશેછ !

સ્યાવક્ષ—(ઉભો થઇને) જમસેદ, જ્યારે હું ઘણો દારૂ પીધાથી મારા પગપર ઉભો રહી શકતો નથી (લપેરા ખાતો) ત્યારે તું માનતો હોય તો માનજે કે હું તદનજ સુધરી જાઉંછ ! શરાબ મને હમેંશાં સાચ્ચુંજ બોલાવેછ. જો આજે હું તને સાચુંજ કહુંછ કે હું એક ખરેજ લુચ્છો માણુસ છું, અને ધનનો મામો માણેકશાહ મારા કરતાં ડબલ લુચ્છો છે. પણ દોસ્ત હવે બસ કર, મારાં લગન થઇ રહ્યા પછી તું કહેશે તો એકને બદલે છ બાટલી પીવશ, પણ હાલ મને માફ કર ! મારીપર દયા કર !

જમશેદ—દયા કરૂં ! શાની દયા ?

સ્યાવક્ષ—(જમશેદને ભેટીને) કારણકે દોસ્ત, આજે હું એક લુચ્છા-પોશાગીરનો ભાગ ભજી બતાવનારછું.

જમશેદ—નહીં દોસ્ત તું તેમ નહીં કરશે ! હું તને તેમ કરતાં અટકાવશ !

સ્યાવક્ષ—પણ જમશેદ, હવે ઘણું મોડું થઇ ગયું ! તે બુરૂં કામ આજેજ રાતનાં એક કલાકની અંદર થનાર છે ! ધનને તેના મામાએ પેલા ભુતવાલા ઓરડામાં કેદ કીધેલી છે ! વકીલોએ લખત તૈયાર કરી રાખેલું છે ! મોબેદો આશીરવાદનાં લાઇસન્સ સાથે તૈયાર છે ! જે વખત જાયછ તેમાં ધનને જબરીથી મારી સાથે (અચકીને બાજુએ) અરે પણ હું એ શું કાચું કાપુંચ ! (મોટે) પ પ પ પણ દોસ્ત એ મારા પ પ પ પગ ઠરતા કેમ નથી ? દોસ્ત હું સઘલું સ.ચ્ચે-સાચું તારી આગલ કબુલ કરી દેવશ, પણ હાલતો મને જવા દે.

જમશેદ—દોસ્ત સાવધ થા ! સાંમેથી મારા કાકા સુખલાજી અને માણેકશાહ આવેછ ! દોસ્ત સ્યાવક્ષ મને તારીપર વીશ્વાસછે અને હું જાણુંછ કે તું તારા પાપોને માટે પસતાવો કરવા તઇયાર છે !

સ્યાવક્ષ—હા ખરેખર-તેમાં શું શક ? અત્યારથીજ શરાએ મને પાછો સુધારી નાખ્યોછ ! હું તદન પ્રમાણીક માણુશ થયોછ ! તો પણ હું ધનને ખોહવાને રાજી નથી ! તેણીની ખુબસુરતીએ મારૂં દીલ લુટી લીધુંછ !

જમશેદ—છટ બીરાદર, હજીતો તુંએ એકજ બાટલી પીધેલી છે અને અને તેથી તારી આંખે તને એકલી એકજ ધન પ્યારી જણાયછ પણ જ્યારે તું બીજી પીસે ત્યારે તને હજારો સુંદર ધનો નજરે આવશે ! ચાલ મારા દોસ્ત જ્યારે ફકત એકજ બાટલી પીધાથી તારા દીલમાં સચ્ચાઇ અને પ્રમાણીકપણાનાં ગુણો ધાઈ આયાછ, ત્યારે જો તું વધુ બાટલી પીસે તો તું ખરેજ ફ્રેસ્તો બની જશે !

સ્યાવક્ષ—ખચ્ચીત દોસ્ત, તારૂં બોલવું રાસ્ત વ દરૂસ્ત છે ! પપપ પણ મારા ટટટટ ટાંટીઆ જજજ જમીનપર ઠઠઠઠ ઠરતા કેમ નથી ? (સુખલાજી દાખલ થાયછે)

જમશેદ—(આગલ જઇને) કેમ છેવો કાકાજી ? આએ મારા પ્રમાણીક અને પોતાનાં પાપનો ખરાં દીલથી પશ્ચાતાપ કરનાર મીત્ર સ્યાવક્ષ સાથે મને તમોને ઓલખાણ કરાવા દેવો !

સુખલાજી—(દમથી) કેમ જમશેદ તું હયાં કયાંથી ? તને હયાં કોણે બોલાવ્યો ? તારી આએ મકાનમાં વગર રજાએ આવવાની તાકાત શું ?

જમશેદ—મને આએ મારો દોસ્ત લઇ આયો ! બોલ મારા ફીરેસ્તા, જવાબ આપ !

સુખલાજી—ચાલો મુગા મુગા હયાંથી બાહાર જાવો ! હું એવા છાકટાઓ સાથે વાત કરવાને રાજી નથી ! મી૦ સ્યાવક્ષ માસતર મને તમારો હાથ આપો !

સ્યાવક્ષ—લેવો શાહેબ !

સુખલાજી—અને ચાલ હવે એ તારો હાથ હું ધનનાં હાથમાં આપશ. (જમશેદને) કેમ અએ બેવકુફ ગધેડા, હવે આએ લગન તું તારી નજરે નજર જોઇ શકશે કે ? બોલ હવે આએ તારા

દોસ્તને તારા મનની મુર્તીનો તેમજ તેણીની દશ લાખની દોલતનો ધણી થયલો જોઇ તું જળશે કે ?

સ્યાવક્ષ—સસસસ સાંભલો શેઠ સુખલાજી !

જમશેદ—કાકાજી મને તાંણો મારવા પેહેલાં જરા તમો મારા દોસ્તને સાંભલો તો વધારે સારૂં !

સ્યાવક્ષ—સુખલાજી શેઠ, જો ધન મને ખરાં પ્યારથી ચાહીને પરણુવા માંગતી હોય તો હું મોટી ખુશી સાથે મારો હાથ નેકાહમાં આપું-અને એવી એક રાંક તથા ભલી અબલાને મારો સાથી બનાવવા માટે મગરૂરી લઈ શકું—પણ જો તેણી મને ચાહાતી ન હોય અને જબરદસ્તીથી તેણીને મારી સાથે પરણાવવામાં આવે તો તેવા કામને હું એક નીચ અને લુચ્છાઇ ભરેલુ પગલું માની શકું ! જો તમો શેઠ અને મી૦ માણેકશાહ મારી માફક દારૂ પીઓ તો તમને પણ તમારી ભુલ જણાઇ આવે અને મારી માફક પસતાવો કરી શરમાવું પડે ! માટે સુખલાજી શેઠ બસ પીઓ અને તમારાં દીલ ધોઇને સાફ કરો !

સુખલાજી—(ગુસ્સાથી) એ બકી શું મરેછ ? શું મને દારૂ પાઇ છાકટો કરવા માંગેછ ?

જમશેદ—હાં કાકાજી, અને તેમાં શું છે ? જેટલી એક ઓરતમાં નેકી ને નીતી સમાયલીછે તેટલીજ દારૂમાં પણ છે. (સુખલાજી લાકડીથી જમશેદને મારવા જાયછ—તેવાંમાં વચમાં સ્યાવક્ષ આંડો પડી ઉભો રહેછે) શું કાકાજી એ લાકડીને સ્વાદ તમને પેલા કાલીનાં ઝુપડાંમાં પરડો ખસી જતાં ઓછે પડયોછ કે ફરીને હ્યાં મારીપર અજમાવવાને તૈયાર થયાછ ? છટ હું એક ઘાસના તનખાં બરાબરબી તેની દરકાર કરતો નથી ! ચાલ મારા દોસ્ત, હવે તું ચાલ ! બસ તારૂં ભાષણ હવે ખલાસ થયું ? (માણેકશાહ ઝડપમાં દાખલ થાયછે)

માણેકશાહ—સુખલાજી શેઠ સઘલું તૈયાર છે ! (ચોંકીને) કોણ જમસેદ ! એ હયાં કેમ ? (સ્યાવક્ષને) કેમ સ્યાવક્ષ તું હયાં શું કરેછ ?

જમશેદ—(વચ્ચે પુરાઇને) માણેકશાહ શેઠ, તમે મારા દોસ્ત સાથે મેહેરબાની કરીને હવણાં વાત ના કરતા ! એ ઘણો સારો છોકરો છે અને કદાચ તમારી વાતચીતથી પાછો બગડી જશે માટે તમે એનેથી દુરજ રેહેવો !

માણેકશાહ—(બાજુએ) નખોદગીયા બેઉએ ધુમ પીપેલો લાગેછ ! (મોટે) કેમ સ્યાવક્ષ આવી તારી છાકટી હાલતમાં તને શરમ નથી આવતી ?

સ્યાવક્ષ—છટ ! શરમ શાંની ? છાકટપણામાં કીધેલા ગુનાહની તો થોડી બી માફી છે, પણ સાધુ જેવો દેખાવ રાખી ખરી સુધ્ધીમાં લુચ્છાઇ વાપડવાની તો માફીજ નથી ! માટે પીવો શેઠીઆ ઓ બસ પીઓ અને તમારા ગુનાહની માફી માગો !

માણેકશાહ—ત્યારે શું તું મને આવા જીવ સટોસટ વખતે છોડી જાયછ ! તારે લીધે તો ધનને કેદ કીધેલી છે ! દશતુરો આશીરવાદ સારવાને માટે ખોટી થઇ રહયાછ ! (મોટે) બોલ હવે શું કરૂં ?

જમશેદ—(આગલ જઇને) હું કહું તેમ કરો ! મારા દોસ્ત સ્યાવક્ષનું નામ છેકી નાખીને તેની જગાએ વરરાજા તરીકે મારૂં નામ રેજીશટરમાં લખાવો, અને હું હમણાં અરધા કલાકમાં તૈયાર થઇ આવી ધન સાથે પરણવા બેસશ ! (વીચાર કરીને) પણ છટ, નહીં શબર ! હું ધન સાથે પરણી શકશ નહીં. જ્યાં સુધી તેણીને હું એક સારી અને તાબેદાર છોકરી તરીકે જાંણુશ નહીં ત્યાં સુધી હું તેણીને પરણી શકનાર નથી ! ચાલ સ્યાવક્ષ આપણે હવે કલબમાં જઇએ, અને થોડોક શરાબ પીને આપણાં થાકેલા મગજને રાહત આપ્યે !

સ્યાવક્ષ—(ખુશાલીથી) ખચ્ચીત દોસ્ત ચાલ ! જયારે એક મગમ માણુસ પીવાપર આવેછ-ત્યારે તે કાંઇ બાટલી પીતો નથી પણ પીપનાં પીપ ગટાવી જાયછ ! ચાલો સાહેબજી માણેકશાહ ભગત શાહેબજી ! (બેઉ ગાતા ગાતા જાયછે.)

માણેકશાહ—ઘણુંજ અજબ જેવું ! સુખલાજી શેઠ આપણી બધી ગોઠવણો ધૂલ મલી ગઈ ! આએ તમારા ભત્રીજાએ સ્યાવક્ષને દારૂ પાઇને ખરાબ કીધો ! (બાજુએ) ભત્રીજા અને કાકા બેઉ સાથે મરે તો મારો દહાડો ફરે.

સુખલાજી—ખરે તેમજ છે ! હવે હું કદીબી એ દુકતાને મારી ઓસરીએ ચહડવા દેનાર નથી ! પેલા લુચ્છા ફીરોઝને મેં એક ઠેકાણે છુપાયલો જોયો છે, માટે હું હમણાં જતાંનેવાર તેને પકડવાનું વારંટ કહાવી તે બજાવવાનું કામ પાલીને સોંપી દઉંછ ! તમો ધનને હજી નજર કેદજ રાખજો ! કેડે બાહાર જાય આવે નહીં !

માણેકસાહ—તે વીશે તમે બેશીકર રેહેવો મેં ધનપર તકેદારી શારૂં મારા જુના અને વીશ્વાસુ લાલીઆ નોકર ભાણ્યાને રાખેલો છે ! હવે ધનને માટે જ્યાં સુધી બીજો વર સોધી કાઢયે ત્યાં સુધી તેણીને પેલા ભુતવાલા ઓરડામાંજ બંધ રાખશું ! હું નહીં ધારતો હતો કે છેલ્લી ઘડીએ મને સ્યાવક્ષ દગો દેશે !

સુખલાજી—ચાલો શું કરશું-દુન્યાજ એવી ઠગારી છે ! (જતાં જતાં બાજુએ) રાંડ પેલી દુકતીને લીધે મારો થોડો રકાસ થયો ! તેની સાથે સરખાવતાં તો આ લુચ્છાઇ કાંઇજ નથી. (બેઉ જાયછે.)

અંક ૩ જો—પ્રવેશ ૨ જો.

ભુતવાલું દીવાનખાનું

(ધન ' મર્દનાં પોશાકમાં ' ગાયન ગાતી જણાયછે. ભાણ્યો સામાન નું છતો ઉભેલોછે.)

રાગ ભૈરવી

રસે ભરાયો મુજનો જાંની—લાયો ન દયા કીધી અકારી—રસે.
તું જનાં ચરણુ પર શર નમાઉં-નીસ દીન યાદે બની દીવાની—લાયો.
દીલ મારૂં રહે સદા બેકરારમે
પીયા વન જલે જોબન તન મન ગમખારમે
જાય જુવાની જલી બલી પીઉ વીન અંધકારમે
મલે જાંની તો લગાઉં ગલે સમાઉં દીદારમે
જોઉં કહાં તને જીગર વીસારી કાં દીલબર.—રસે.

ચાલ હવે મારા વાહાલા જસીપર પેલું કાગજ લખી કાઢું ! (લખવા બેસેછે) ભાણ્યા, તારો હાથ ટેબલ આગલથી ખસાડ ! તું ટેબલ એટલી તો હીલવેછ કે મારાથી બરાબર લખાઇ શકાતું નથી ! (લખેછે) મારા પ્યારા જમશેદ—

ભાણ્યો—બાઇ છાબ, મધરાત થવા આવેલી ને છું તમને ખબરની કે આપણે બેઊ એકલાં આ ભુતવાલા ઓરડામાં સીએ ?

ધન—શું ? ભુતવાલો ઓરડો ! છટ, મુર્ખા બીહેછ શાંનો ? એવી ભુત ભમરડાની વાતો બચ્ચાં હોય તેજ કરે ! તારા ને મારા જેવા ઉમરે પુગેલાંને તે છાજે નહીં ! હજુર જીવતાં માણુ-શોથી આપણને બીહવું પડેછ પણ સુવેલાં કશું કરી શકતાં

નથી ! જા તું તારે ત્યાં મુગો મુગો બેસ ! (ભાણ્યો બાજુએ જઇને બેસેછે) ચાલ હવે પેલું કાગલ આગલ લખું. મારા પ્યારા જમશેદ—મને હયાં કીલ્લાવાલા એક વેહેમી લોકોથી કહેવાતા ભુતવાલા ઓરડામાં નજર કેદ રાખેલી છે. (કીલ્લાનાં ઘડીઆલમાં એક વાગેછે.)

ભાણ્યો—(જગાપરથી ઉછલીને) હાયરે મારા બાપ, તેનો આવવાનો વખત થીએલો ! ઓ મારી માઆઆ (ધ્રુજેછે)

ધન—શું છે ભાણ્યા ? કોણ આયું ?

ભાણ્યો—પેલો ગુછતાદ છેઠનો ભુત !

ધન—ગુસતાદ શેઠ કોણ ?

ભાણ્યો—અરે બાઇ તે વાત તમે ની જાંણો ! આજથી વીછ વરછની વાતપર તમારા બપાવાના દોછદાર ગુછતાદજી છેઠ મુંબઇથી આવેલા તેને તમારા બપાવાએ આએ ઓરડામાં ઉતારો આપેલો—ને હાયરે મારા બાપ તેવણનું આજ ઓરડામાં કોઇએ પૈછાવાલા છમજીને ખુન કીધેલું ! હવે આજે ખાચ્છાં વીછ વરછ થીએલાં એ ગુછતાદજી છેઠનો ભુત રોજ રાતનાં ૧ વાગે હયાં કીલ્લાની વાડીની આછપાછ ભમ્યા કરે ! બાપના છમ ઉં છાચુંજ બોલું ! મેં તેને બે વાર દીઠેલો ને બાપરે મારીતો સાતીજ બેછી ગીએલી ! (ઘભરાયલો) જુવો બાઇ તે ઓલા બારણામાંથી આવતો દેખાયસ !

ધન—શું ખરેખર ત્યારે તે આવેછ ? ચાલ હું તેને જોઇને ઘણી ખુશી થવશ ! હવે તું પેલી બે મીણબતીઓ સલગાવ કે તે આવે તો તેને આપણે બરાબર જોઇ શકીએ !

ભાણ્યો—(બાજુએ) એ મારી છછરીની કરવા છું બેઠેલી ! મીણબતીઓ છાંની છલગાવી મરતી હોછે !

ધન—ચાલ જલદી કર, આપણે જોઇએ તો ખરા કે ભુત કેવોક છે?

ભાણ્યો—(બીહતો બીહતો મીણબતી સલગાવીને) બાઇ છાબ પેલી છબીને મેં હાલતી જુએલી ! હવે એ ખચ્ચીતજ નજદીક આવેલો ! હાયરે મારી માદી !

ધન—ચુપ ! હું મારી બનતી હીંમતે તે ભુતને નહસાડશ ! પણ વારૂં તુંને હમનાં કાંઇ અવાજ સંભલાયો ?

ભાણ્યો—હા બાઇ છાબ !

ધન—(બાજુએ) હવે મારે ભાણ્યાને જરા બીધરાવવો જોઇએ. (મોટે) ભાણ્યા હવણાં તુંને કાંઇ બીલાડી, ઉંદર, કુતરો વગેરે બોલતાં હોય એવો અવાજ સંભલાયો? શાંભલેછકે ભાણ્યા?

ભાણ્યો—(ધ્રૂજીને) હારે બાઇ છાબ ! (બાજુએ) મારેથી બા કાંઇ એવી સાકરી ની થાય. જોઇએતો માણેકછા છેઠ આવીને પોતેજ ધનબાઇની તકેદારી રાખે ! કાંઇ એને લીધે ઉં મારો જીવ ની આપવાનો ! અરે મારી ફીકલી ! ઓ મારી મા ! (રડેછે.)

ધન—ચુપ ! રડી શાંનો મરેછ ! જો પેલું બારણું ઉઘડયું ! હા તે આવેછ ! તદન કાલો છે ! અરે ખુદા હવે શું કરૂં ! જા ભાણ્યા તું એની આગલ જા અને એ તુંને ખાવા માંડશે તેટલાં હું હયાંથી નાશી જવશ ! ઓ ભાણ્યા મને બચાવ! અરરરરર !

ભાણ્યો—છું આવેલો કે ? અરે ત્યારે છું તારે લીધે ઉં મારો જીવ આલું કે ? ખુદા તને બસાવે ! ઉંતો આ એને જોયા વગરજ સાયલો ! (આંખ વીચેછે) રખે પાસલથી આવીને ખાઇ જાય ! એ કાલી માતા ! એ ભવાની માતા ! મને બસાવો ! અરે મારી ફીકલી ને સોકરાં રવડી મરવાના રે મારા બાપ ! ઓ ! ઓ ! ઓ ! (બીહતો બીહતો પાછલે પગે નાહશી જાયછે.)

ધન—(હસીને) કેટલો હીચકારો ! ચાલ એ પણ ઠીકજ થયું ! હવે મારાથી જમશેદપર બરાબર કાગજ લખી શકાશે ! (બેસીને લખેછે) મને કેદ કરવાનું કારણ એજ કે મેં સ્યાવક્ષ માસતર સાથે પરણવાને ના પાડી ! (પીસતલનો અવાજ) શું છે ? આવી મોડી રાત્રે અને કીલ્લાની નજદીકમાં પીસતલનો અવાજ કયાંથી ? ઓ ખુદા મને બચાવ ! એ કોણ હશે ? (દરવાજો હીલેછે) અરે કોઇ બાહારથી જોરથી બારણું ઊંઘાડવા માંગેછ ! ખરેજ ત્યારે એ ભુતજ હોવો જોઇએ ! અરે હવે શું કરૂં ? નાહાસી જાઉં ? (બીજું બારણું ઉઘાડવા જાયછ પણ તે બંધ હોવાથી) કમબખ્તી ! નખોદગીયો ભાણ્યો બાહર જતી વખ્તે પછવાડેથી ઓરડાનું બારણું બંધ કરીને કુંચી સાથે લઇ ગયલો જણાયછ! (મોટે) ભાણ્યા ! ઓ ભાણ્યા ! (પલંગની પછવાડે ભરાઇ જાયછ—દરવાજો જોરથી ઉંઘડી જાયછ—ફીરોઝ ધભરાયલો

હાથમાં પીસતલ સાથ દાખલ થાયછે.)

ફીરોઝ—જમશેદના કહેવા પ્રમાણે પીલાં મને કીલ્લાના પાછલા ભાગમાં મુકીને ગયા પછી આસરે અરધે કલાકે પાલી તેનાં માણસો સાથે ત્યાં મને પકડવાને ધસી આયો ! મેં તેઓને ઘણા સમજાવ્યા છતાં મારૂં જરાએ માન્યું નહીં—અને મારા બચાવ ખાતર પીસતલ હવામાં છોડી કે જેનાં અવાજથી તે હીચકારાઓ મને પડતો મેલીને નાસી ગયા ! ઓ પરવરદેગાર ક્યારે મારી આ સઘલી હાડમારીઓનો છેડો આઆવશે ? (ગુંઠણુ પર પડીને ગાય છે.)

રાગ ભૈરવી ગજલ.

દુઃખી દીલે દાતા ઓ તને કર જોડી અર્જ કરૂં
મુજ દુઃખીની તું દાદ લે દુશમનથી હું ડરૂં.
તું સમ ન કો રહેમી ઓ વાલી ! સર તુંજ કદમપે ધરૂં
આપ યારી લઈ તું પાંખે જેથી સુખમાં ઠરૂં.

(ગાઇ રહીને બેસેછે.) હ્યાં બતી ક્યાંથી ! મારા સાંભલવા પ્રમાણે આ ભુતવાલો ઓરડો ખાલી હોવો જોઇએ ! પણ સબર, પેલી કુરતની હીલેછે કેમ ? રખે પેલા લુચ્છાઓમાંથી કોઇ મારી અગાઉ હ્યાં દોડી આવી ભરાઇ બેઠો હોય ! (કુરતની પાછલથી ધનને બાહાર ધસડી લાવેછે) શાહેબ ! એકદમ આએ જગા છોડી જાવો નહીં તો આ પીસતલ તમારા માથામાં ફોડી—

ધન—(ઘભરાઇને) ઓ ખુદા ! ભાણ્યા ! ઓ ભાણ્યા !

ફીરોઝ—(ગુસ્સાથી) હ્યાં કોઇ ભાણ્યાબી નથી ને વાણ્યાબી નથી ! ચુપ ! એકદમ ચુપ ! ચાલ હયાંથી સીધો ચાલ્યો જા ! (ધન જાયછે તેને અટકાવીને) સબર ! પાછો આવ ! કદાચ તું હયાંથી જઇને મને ફસાવી દેશે, માટે તું હયાંજ રહે ! બેસ હયાં ! (જોરથી ખુરસીમાં બેસાડે છે) જરા હીલતોબી ના ! જરા જોતોબી ના ! નહીંતો કે મુવોજ જાંણુ !

ધન—નહીં શાહેબ નહીં ! ઓ ભાણ્યા !

ફીરોઝ—મુગો મર ! (મીણબતી લઇ આગલ જઇને) પણ આએ ચેહેરો તો મેં અગાઉ જોયલો દેખાયછ ! બોલો સાહેબ, શું તમે મને ઓલખોછ ?

ધન—નહીં સાહેબ મેં તમને આજેજ જોયાછ ! પણ હવેથી હું તમને ભુલશ નહીં !

ફીરોઝ—(બાજુએ) એતો પેલો કેકોબાદ દેખું, જે જમશેદને બેવફા ધારી ધન તરફથી લડવા આયો હતો તે ! કદાચ એને માણેકશાહે આએ ઓરડામાં ઉતારો આપેલો હોવો જોઇએ ! એની સાથે બીગાડ કરવામાં કાંઇ સાર નથી ! (આગલ જઇ) સાહેબ, મેહેરબાની કરીને મને માફ કરશો—

ધન—(ઝપકીને) ત્યારે શું તમે ભુત નથી ? હુંતો અત્યાર સુધી તમને ભુતજ સમજતો હતો, પણ હવે મને લાગેછ કે તમો કોઇ ચોર છેવો !

ફીરોઝ—(ગુસ્સાથી) ચોર ! છટ ! તે વીશે તમોએ બેફીકર રેહેવું. કરજને લીધે મારા કેટલાક વેપારી માંગનારાઓએ સાથે મલીને મને પકડવાનું વારંટ કાઢેલું છે. પોલીસના સીપાઇઓ સાથે પેલો પાલી કારભારી મને પકડાવા આયો હતો, પણ તેઓનાં હાથમાંથી બચવા ખાતર મેં મારી પીસતોલ હવામાં છોડી, જેથી તેઓ હયાંથી ધભરાઇને નાસી ગયા છે. તેઓને નાસી જતાં જોઇ, મારા બચાવ ખાતર, હું પેલો સાંમેનો દરવાજો માહા મુશકેલે જબરીથી ઉઘાડી અંદર દાખલ થયો ! શાહેબ, એમ વગર રજાએ દરવાજો ભાંજી તમારા ઓરડામાં ધુસવા માટે હું માફ માગુંછ ! (હાય મારીને) આજે જો વીકાજી જીવતા હતે તો હું આટલી હાડમારી ભોગવવા પાંમતે નહીં !

ધન—(અજાયબીથી) ત્યારે શું તમો વીકાજીને ઓલખતા હતાં ?

ફીરોઝ—હા, કાંય નહીં ઓલખું ?

ધન—સાહેબ તમો ઉશકેરાયલા દીશોછ ! જ્યારે તમો બેહેસ્તનશીન વીકાજીને ઓલખતા હોવો તો બીચારા તેનાં કમનશીબ દીકરા ફીરોઝશાહને પણ ઓલખતા હોવા જોઇએ !

ફીરોઝ—હા. હું એ બેઉને ઓલખુંછ ! હું જો તમો આગલ ખરી હકીકત જાહેર કરૂં—પણ નહીં મને તમોપર વિશ્વાસ આવતો નથી—કારણકે તમે માણેકશાહના સગા થાવોછ !

ધન—હા. તે ખરૂં ! તોપણ હું કમનસીબ ધનની દયા ખાઉંછ ! ચાલો મને સઘલું ખરૂં કહી દેવો ! ધન મારો પડતો બોલ

ઉંચકી લેછે. શાહેબ, તમો ધનને ઓળખતા નથી–પણ તે છોકરી ઘણીજ ભલી અને જીવની દુલ્લી છે.

ફીરોઝ—જો તેમ હોય તો સારૂં ! ધનની માતાને પણ હું સારી રવેશે પીછાનતો હતો ! તેણીબી ઘણીજ માયાળુ અને સખી જીવની હતી ! પણ ધનના કમનશીબ બાપને બધાંએ વીસારી મેલ્યોછ–બલકે તજી દીધોછ !

ધન—(દલગીર ચેહેરે) ખરેજ કમનશીબ બાપ ! બીચારાને મેં તો બરાબર જોયા પણ નથી ! હું વારંવાર ધનનાં કમનસીબ બાપને માટે મારી આંખોમાંથી આંસુંઓ વરસાઉંછ ! મેં સાંભલ્યુંછ કે તેવણ બીચારા બાહારગામથી હ્યાં પાછા આવ્યાછ ! અરે બોલો સાહેબ તેવણ કયાં છે ? મને તમો તેવણને બતલાવશો ? (ફીરોઝ રડેછે) સાહેબ, તમો રડોછ, પણ જો તમો સઘલું જાણતા હોવો તો કદાચ તમારા કરતાં તે કમનસીબ બાપને માટે દુઃખનાં આસુંઓ વરસાવવાને મને વધુ કારણછે !

ફીરોઝ—(ભરાયલી છાતીએ) તમારા આ બોલો મારી છાતી ફાડી નાંખેછ ! હવે હું હ્યાં વધુવાર થોભી શકનાર નથી ! મને મેહેરબાની કરીને જવા દેવો !

પાલી—(અંદરથી) આએ રહતે–આએ રહતે, તે લુચ્છો કેઠે હયાંજ ભરાયલો હોવો જોઇએ !

ફીરોઝ—(ચોંકીને) અરે આતો પાલીનો અવાજ ! શું તેને વળી પાછી મારી પુઠ પકડીછ ! ઓ ખુદા, હવે શું કરૂં ?

ધન—કાંઇ નહીં સાહેબ, તમે ઘભરાવો ના ! હું તમને બચાવશ ! તમો જ્યાં ઉભાછ ત્યાંજ ઉભા રેહેવો !

(પાલી પોલીસના સીપાઇ સાથે આવેછે.)

પાલી—(ફીરોઝને જોઇને) પકડો હીપાઇઓ–આ રહયો તે ! એને બરાબર હીકરીને બાંધજો કે નાહી ની જાય ! અરે ખુદા હવે મારી મેહેનત ને જંજાલનો છેડો આવેલો !

ધન—(દમથી) અરે હેમક, હવે એમ ધાર કે તારી મેહેનત ને જંજાલ પાછી શરૂ થઇ ! સીપાઇઓ એને એકદમ છોડી દેવો નહીં તો આ પીસતલથી તમારો જાંન જોખમમાં નાંખશો ! હવે પાલી એમ આવ ! મારે તારી સાથે ખાનગી વાત કરવીછે ! (બાજુએ) હું ધારૂંછ કે તું મને ઓલખેછ !

પાલી—તે હું ની ઓરખે ! તમે વલી ધનબાઈ પણ મર્દના પોશાકમાં !

ધન—હા. પણ ચુપ, મને સાંભલી લે ! આએ ગ્રહસ્થનું સઘલું કરજ હું આપવાને કબુલ થાઉંછ !

પાલી—હું ! તમે આપહો ? પણ તમે એને ઓરખોછ કે ?

ધન—નહીં હું એને ઓલખતી નથી એટલુંજ નહીં પણ એનું નામ વતીક જાંણુતી નથી ! પણ કોઇબી કમનશીબ યા મુશ્કેલેશ માણશને બચાવવો એ એક ઇનિશાનનો ધર્મ છે ! ચાલ જા હયાંથી, અને ભવિષ્યમાં કોઇ પણ ઇનશાનપર આવું ધાટકી અને શરમભરેલું પગલું ભરતો ના !

પાલી—(બાજુએ) ત્યારે હજી એને ફીરોઝને ઓલખ્યો નથી, એ એક લેખે હારૂં છે ! હું હયાથી ગુપચુપ નિકલી જઇ માણેકશાનેજ હયાં મોકલી આપું, કે તેના બદલામાં મને તે કાંઇ ઇનામ આપહે તે ખરૂં !

ધન—કેમ શું વીચારમાં છે ? હજી જતો કેમ નથી ?

પાલી—પણ તે બાઇ જી તમારા હુકમને તાબે થાઉં તે અગાઉ એના કરજનો જામીન તમારા કરતાં માણેકશા હેઠ થાય તે વધારે હારૂં ! તમે કાંઇ હજી દોલતનાં એકલાં ધણીઆણી હયરાં નથીની !

ધન—નહીં તેમ નથી. હવે હું ઉમરમાં આવેલી છું. આજથી સઘલી મીલકતની હકદાર ધણીઆણી મારા બપાવાજીનાં વીલ પ્રમાણે હું ઠડી ચુકીછ ! અગરજો તું હવણાં આ ગ્રહસ્થને છોડી નહીં દેશે તો હું મારો વગ માણેકશાહ તથા સુખલાજીપર ચલાવીને તને એકદમ ચાકરીએથી પાણીચું અપાવશ ! સમજ્યો ? પણ આ શખ્સનું કરજ કેટલું છે ?

પાલી—એની ઉપર મારૂં અને બીજા હઘલા હેઠ હાઉકારોનું મલી લગભગ લાખ ઉપરનું કરજ છે , તે તમે કાંથી ભરવાના ? હું કાંઇ તમારા એમ દમરાવાથી દબી જવાનો કે ? મને તો રૂપ્યા બધા આએ ઘડીએજ જોઇએ ?

ધન—(હસીને) તરાજુ રૂપ્યા જોખી લેવા સાથે લેતોજ કાંય નહીં આયો ? અરે હેમક, શું તને મારીપર વીશ્વાસ નથી ? મારા બપાવાની ગંજાવર દોલત આગલ તારા લાખ રૂપ્યા શું બીસાદમાં છે ? લે આએ ઘડીએ આપવાને તૈયાર છું.

પાલી—તે આવો પણ તે તમારી પાહે રોકડ નાણું કાં છે ?

ધન—શું નથી ? મારા બપાવાનો વારસો તે મારી દોલત નથી ?

પાલી—હા તે ખરી વાત પણ એહતી કાંઈ તમને રોકડા રૂપ્યા ની આપી ગયા હોય ?

ધન—કાંય નહીં ? અરે નહીંતો નહીં ! પણ મારા બપાવાના વજીફા, વાડી, ઘેરો, બંગલા, જંગલો છેની ? માટે એકાદ જંગલમાંથી લાંકડાં કપાવી તારા રૂપ્યા વસુલ કરી લે !

પાલી—હું ? જંગલોનાં હધલાં લાકડાં કાપી લાખું ?

ધન—હા. જો તેથીબી તારા રૂપ્યા વસુલ નહીં થાય તો બીજું ત્રીજું ચોથું એમ તારે ગમે એટલાં જંગલોમાંથી લાકડાં ઓ કાપી લઈ તારૂં નાણું વસુલ કરી લેજે, કે જેથી આએ ગરીબ કમનશીબ માણસનો છુટકો થવાથી એની આંતરડીની હજારો હજાર દુવા મને લાગે !

પાલી—(બાજુએ) આ તે દુલ્લા જીવની પોરી ખરી ! હજીતો કુવારી છે. કોઇ ધણી ધોરી માથે વાહે મલે ની તેટલાં જંગલોનાં લાકડાં કપાવી પેલા લુચ્છા ઉડાઉગીરને છોરવવા માંગે–પણ એ ભોલી બાઇને ખબર ની કે લાંકડાંતો ઝપાઝપ કાપી હકાહે પણ જંગલોમાં ઝાડોને રોપીરોપીને મોટાં કરતાં તો એના બપાવાની જીંદગી આખેર થીએલી !

ધન—(દમથી) કેમ પાલી હજી તું જતો નથી ? હવે આ પીસતલ–

પાલી—(ધભરાઇને) ચાલો બાપુ ચાલો ! એ બેઉને મરવા દેવો ! આપણે જઇને માણેકહા હેઠને હઇઆં મોકલી આપ્યે !

ધન—તું શું બોલ્યો પાલી ? ફરીથી બોલ ! લુચ્છા, આપણ વચ્ચે થયલી વાવચીતનો એક હરફબી તું કોઇ આગલ કાઢશે તો આ પીસતલથી તારો જાંન લેવશ ! એ પીસતલની ગોલીથી તારા પેટમાં એવુંતો મોટું આધરૂં પડશે કે તે પુરાવાને વાસ્તે તનેબી માહાબલેશ્વરની હવા ખાવા જવું પડશે ! લુચ્છા ! ચોર ! કાલું કર તારૂં ! (પીસતલ સાથ આંગપર ધસેછે—પાલી તથા સીપાઇઓ પાછલે પગે ગુપચુપ વંજો માંપેછે.)

ફીરોઝ—શાહેબ, હું તમારા ઉપકારનો બદલો કેવી રીતે વાલશ ! અત્યાર સુધી તો મારો એકજ દોસ્ત હતો, એક ફકત એક અને તે મારી ગરીબાઇનાં વખ્તમાં મને એટલો તો ભલો

અને મદદગાર થઇ પડયોછ કે જો તે તમે સઘલું જાંણો-

ધન—અને તે હું જાંણુવાં માંગુંછ શાહેબ ! જો તેને ખરેજ તમને મદદ કીધી હોય તો તેનાં તેવા ભલા ગુણોને માટે હું તેને નહીં ઓલખવા છતાં પણ વખાણુંછ ! (પગલાંનો અવાજ) સબર કોઇ આવેછ ! હું ધારૂંછ કે પેલા લુચ્ચા પાલીએ અંતે આપણુને ફસાવ્યા ! હવે શું કરીએ ? તમે મારી પાછલ ભરાઇ જાવો અને હું તેની સાંમે થવશ. (ભાણ્યો દાખલ થાયછે) કેમ ભાણ્યા, વલી તું શું માંગેછ ?

ભાણ્યો—પેલા મારી છછરીનાં પાલીએ માણેકછા છેક આગલ આવીને કાંઇ કાનમાં ફુક મારેલી તેથી તેવણુનો જીવ એકદમ બગડી આવેલો, ને તેવણે મને તમુને એકદમ તેવણુનાં ઓરડામાં લઇ આવવાનો હુકમ કીધેલો ! હવે ! પણ હાયરે મારા બાપ, વલી એ શું ? (બીહને) એ તમારી પાસલ કોણ ઉભું રીએલું ? એનું મોહ તો મરેજ ની ! (ધુજેછે)

ધન—(આસ્તેથી) ચુપ ! એતો પેલો ગુસતાદનો ભુતછે !

ભાણ્યો—(દબાઇને) ભભભભ ભુત !

ધન—હા. પણ તું ધભરાના ! એ ભુતને તારે માટે ઉચું મત છે ! મેં એને ઘણોબી સમજાવ્યો તોપણ એ ભુત સમજતો નથી ને મને કેહેવા લાગો કે હું તો બસ ભાણ્યાને સઇયદ બનાઉં !

ભાણ્યો—છું મમમમમ મને છઇયદ બનાવા માંગે ! અરે મારા બાપ ! અરે મને બસાવો ! ઉં તમારો છદા તાબેદાર થઇ રેહેવછ ! ઓ મારી કીકલી ! અરે મારા નાનકડા કીકા (રડેછે.)

ધન—ચુપ ! તું રડના ભાણ્યા ! હું એને સમજાઉંછ ! તું જરા તારૂં મોહ ફેરવીને ત્યાં દુર ઉભો રેહે ! ફરીને જોયું તો એમજ જાંણુ કે તરતજ સઇયદ બન્યો ! (ભાણ્યો રડતો પીઠ ફેરવીને ઉભો રહેછે) શાહેબ, તમે શાંભલ્યું તેમ મને માણેકશાહ આગલ જવું તો પડશેજ, પણ જ્યાં સુધી હું તમારૂં નામ ઠામ અને બધી વાત જાંણુશ નહીં ત્યાં સુધી મારા જીવને કરાર થવાનો નથી. હવે મારી તમને અરજછે કે તમે પેલા ઓરડામાં ભરાઇ જાવો કે જ્યાં તમને કોઇ હેરાન કરશે નહીં અને હું આઉં ત્યાં સુધી તમોને ત્યાંજ રેહેવું પડશે, કારણકે હું તમોને બાહારથી બંધ કરી જવશ.

ફીરોઝ—જેમ તમારી મરજી હું તમારા હુકમને તાબેછું.

ધન—પાલી તમને પોતાનો કેદી બનાવવાનો હતો તેને બદલે જાણે મેં તમોને મારા કેદી બનાવ્યા. એ બધું સરખુંજછે. શાહેબજી! (ફીરોઝને બીજા ઓરડામાં બંધ કરીને ધન કુંચી સાથે લઇને જાયછે) ભાણ્યા! ઓ ભાણ્યા! અરે તે ગયો!

ભાણ્યો—મારી છછરીનો ગયલો કે? હવે મને પાસો જીવ આવેલો! ચાલ બાઈ જલદી ચાલ માણેકછા છેઠ તારી વાત જોતાસે! પણ ઓલો ભુત પાસો કયે રછતે ગીએલો!

ધન—અરે ધધેડા એટલીબી. તને અક્કલ ન મલે! વલી તે આએ બારણાંના કલવાલા આંધરાંમાંથી પાછો ગયો! (બાજુએ) હવે હું મારા મામાને મલીને જલદીથી પાછી ફરી આ કમનસીબની વાત સાંભલું! ખુદરતીજ કાંઇ મને એની ઉપર વ્હાલ લાગેછ! કોણ જાણે શું હશે? ચાલ ભાણ્યા ચાલ જલદી! (બેઉ જણાં જાયછે.)

અંક ૩ જો—પ્રવેશ ૩ જો.

બાગનો દેખાવ.

સુખલાજી—એનું નખોદ જાય તે પેલી કાલીની પોરી પીલીને લગતી વાત આખા શેહેરમાં પંથરાઇ ગયલી ને મારી વરસોની આબરૂ ધુલ મલી ગઇ! એકગમથી એ પોરીપર મને ધિક્કારબી છુટેછ અને વલી બીજી ગમથી મારૂં દીલ પાછું તેણીને ભેટવાને લલચાયછ! છેતો ગરીબની દીકરી, પણ દેખાવલી ને રાંક છે! એક ગમથી જ્યારે તેને જોતાંજ મારા દીલમાં પ્યારે ઘર કીધુંછ ત્યારે બીજીગમથી પેલા મારા દોસ્ત અને ધનના મામા માણેકશાહની બેવફાઇ અને લુચ્ચાઇની વાત મારા જાણમાં આવવાથી મારૂં કલેજું કપાઇ ગયુંછ! હવે એની ઠગાઇની વાતોથી મારે ધનને વાકેફ તો કરવીજ જોઇયે! માણેકશાહ આજે ઠાગાથી ધનને મુંબઇ લઇ જવા માંગેછ પણ ના હું તેણીને લઇ જતો અટકાવશ! ફીરોઝ હવે ખરેખર મારી નજરમાં નેક લાગેછ! તેને અને મારા ભત્રીજા જમશેદને ગેરઇનશાફ કરવા માટે હું પસતાઉંછ! હજી ભાણ્યો આયો કેમ નહીં! (ભાણ્યો આવેછે.)

ભાણ્યો—કેમ છેઠ છું હોકમ ?

સુખલાજી—કોણ! ભાણ્યોકે ? ચાલ આયો તો ઠીકજ થયું! જાતો દોડતો જઇને ધનબાઇને ત્યાં બાગમાં હરૂસે મોકલાવી દે! મારે કાંઇ ખાનગી વાત કરવાની છે!

ભાણ્યો—પણુ તે છેઠ બાઇતો રડતી જાય ને મુંબાઇ જવાની તૈયારી કરતીબી જાય! માણેકજી છેઠનાં દમ અને તરાજીથી બીચારી તૈયાર થીને ગાડીની વાટ જોતી ઉભેલી!

સુખલાજી—ત્યારે તો જલદી દોડી પોહોંચ, ને જઇને કેહકે સુખલાજી શેઠ અગતની વાત કરવા આવેલા છે તે તારે માટે બાગમાં ખોટી છે. દોડ જલદી! (બાજુએ) એ એમ નહીં જઇ મરેતો! (પાકીટ ઉઘાડીને) લે બચ્ચા આ રૂપ્યો ને ઘોડાની માફક ઉડયો જા! (ભાણ્યાને રૂપ્યો આપેછે.)

ભાણ્યો—(ખુશાલીથી) રૂપ્યો! લેવો ત્યારે તો આ શાયલો! જાંણેકે ઉયડો! (ખુબ જોરમાં દોડી જાયછે.)

સુખલાજી—લુચ્ચા માણેકશાહ તું તો કેઠો જબરો કાલો નાગ દેખું! જયારે ધન તારી ઠગાઇની વાતો સાંભલશે ત્યારે તે બીચારી કેટલી દુઃખી થશે. (થોભીને) પણ લે વલી મને પાછી મારી પીલોરી યાદ આવેલી! રાંડ ડાકણુ તો મારી નજર આગલથી ખસતીજ નથી! એ છેલછબીલીની સુરતને હું વીસરવાની ઘણીબી તજબીજ કરૂંછ પણુ મારી નજર આગલથી એક પલબી દુર થતી નથી! ઓ મારી પીલાં! ડીયર પીલોરી! (ધન ઝડપમાં ભાણ્યા સાથે દાખલ થાયછે.)

ધન—કેમ સુખલાજી શેઠ કેવી ખબર? સાહેબ, તમો મારા મામા સાથે મલી જઇને એકદમ મારી ખુશી ઉપરાંત જોરજુલમથી મુંબઇ મોકલવા માંગોછ તેનો સબબ શું ?

સુખલાજી—શું હું તને જબરીથી મોકલાઉંછ ?

ધન—હા. તમે અને મામા બેઉ મલી ગયા છો! તમે જાંણોછ તો ખરા કે મારી આખી જીંદગીમાં હું કોઇબીવાર મારા મામાને નાફરમાન થઇ નથી.

સુખલાજી—દોડ ભાણ્યા જઇને માણેકશાહ શેઠને કેહેકે ધનબાઇથી મુંબાઇ નહીં જવાશે! મારો તે સાંમે મજબુત પ્રોટેસ્ટ છે!

ભાણ્યો—વારૂં છાબ ! પણ હું મજબુત છું ? ઉંતો વીછરી ગીએલો !

સુખલાજી—(ચીરડાઇને) અરે હેમક પ્રોટેસ્ટ–એટલે વાંધો !

ભાણ્યો—હા હવે ઉં છમજેલો ! લેવો આ શાયલો ! (જાયછે.)

ધન—(ખુશાલીથી) શું ત્યારે તમે મને મુંબઇ નથી મોકલનાર ?

સુખલાજી—ખચ્ચીતજ નહીં ! હવે મારો આગલો વીચાર મેં ફેરવી નાખ્યોછ ! આએ તારા મેહેલમાંથી હવે તને હું જવા દેનાર નથી !

ધન—ત્યારે શું તમો મારી તરફથી મારા મામાને શમજાવી લેશો ! હું તમારો કેમ આભાર વાલસ !

સુખલાજી—ખચ્ચીતજ હું તારો બચાવ કરશ ! આએ કાગજ વાંચ્યા પછી મારી આંખો ઉંઘડી ગઇ છે ! તારો મામો આજથી મારી તેમજ જગની નજરમાં એક જબરો ડોલઘાલુ અને ઠગારો માણુસ ઠરી ચુકોછ ! દીકરી ધન, આવતી કાલે તને ઓગણીશમું વરસ ઉગશે અને તારા બપાવાના વીલ પ્રમાણે તુંજ એકલી સઘલી દોલત અને માલ મીલકતોની ધણીઆણી ગણાશે ! માણેકશાહનો તથા મારો ટ્રસ્ટી તરીકેનો હક આવતી કાલથી બંધ થશે !

ધન—ખુશાલી ! હા ! હા ! હા ! ભારી ખુશાલી ! અરે સુખલાજી શેઠ જાંણે હું તમનેજ મારા બપાવા સમજુંછ !

સુખલાજી—ધન તારી ખુશાલીમાં હું તને દલગીર કરવા માંગતો નથી, તોપણુ દીકરી આ કાગજ વાંચીને તારી ખાત્રી કર !

ધન—શું એમાં કાંઇ ખરાબ ખબર લખેલી છે ?

સુખલાજી—(દમામથી) ખચ્ચીતજ ભયંકર કાવત્રાંની ખબર ! વાંચ બસ વાંચ ! એ કાગજ તારી સાથે પરણવા નિકલેલા પેલા સ્યાવક્ષ માસતરને હાથનું લખેલું છે !

ધન—(વાંચેછે) મેહરબાન મુરબબીજી શેઠ સુખલાજી, જે. પી. આ કાગજ એક ખરાં મારાં પાપની તોજેશ તરીકે લખું છું. જ્યાં સુધી હું મારા પાપનો એકરાર કરશ નહીં ત્યાં સુધી મારો જીવ ઠરીને બેસનાર નથી. અસલ વાત એમ છે કે મારી અને માણેકશાહ વચ્ચે એવું લખત થયું હતું કે જો હું ધનને પરણું તો જે દોલત મને મળે તેમાંથી અરધો હીસ્સો મારે માણેકશાહને આપવો ! સાહેબ, જ્યારે પણ હું દારૂ પીઉંછ ત્યારે મારાથી જેબી પાપો થયાં હોય તેનો ખરાં

દીલથી પસતાવો કરૂંછ, તે પ્રમાણે મેં તમારા ભત્રીજા જમશેદ આગલ સઘલું માણેકશાહનું તરકટ જાહેર કીધુંછ. એ મારા ભલા મીત્રની ખરી હકદાર મોહોરદાર સાથે પરણુવાનું જે નાલાયક પગલું માણેકશાહની શીખવણીથી મેં ભરયું હતું તે માટે મેં તમારા ભત્રીજા પાસે માફી ચાહીછે અને મને આશા છે કે તમો પણ મને માફ કરશો. બીજું સાહેબ, ફીરોઝનું પણ નખોદ વાલનાર એજ ધણી છે. મી૰ ફીરોઝ દર માસે ચીનથી પોતાની બેટીને માટે રૂ ૫૦) મોકલતા હતા, તે પણ એ ઠગારો પોતે ઉચાપત કરી જઇ ફીરોઝનાં બેહેસ્તશીન બાપ વીકાજીને ખોટું સમજાવીને તેને વીલમાંથી રદબાતલ કરાવ્યો—અરેરે એટલુંજ નહીં પણ ધનની લખો રૂપ્યાની દોલત હજમ કરી જવા માટે પોતે ટ્રસ્ટી થઇ મને ફાંસમાં નાખતો હતો! સુક્ર ખુદાના કે એવા એક અઘોર પાપમાં ડુબતો હું જમશેદના સમજાવાથી બચી ગયો છું. લા. સ્યાવક્ષ નોશીરવાન માસતર. (હાથમાંથી કાગજ પડી જાયછે) અરે બોલો સુખલાજી શેઠ હવે હું શું કરૂં? મારી આંખે અંધારા આવે છે! અરે મારા બાપ, મારા કમનસીબ પીતાજી મને કેમ માફ કરશે?

સુખલાજી—દીકરી ધન, તું તો હજી નાદાન અને બીન અનુભવી ગણાય તે તારો વાંકતો માફ થઇ શકશે, પણ હું દુન્યાનો ખાધેલ કેમ બુબખ બન્યો તેનો જ્યારે વીચાર કરૂંછ ત્યારે મારી છાતી દુઃખથી ફાટી જાય છે! ઓ ફીરોઝ! ફીરોઝ! તને નાહકનો ગેરઇનશાફ કરવા માટે હું ખરેજ શરમીંદો છું!

ધન—(અધીરાઇથી) અરે બોલો જલદી—બોલો સાહેબ કે ફીરોઝ કયાં છે? મારા પીતાજી કયાં છે?

સુખલાજી—તેજ ખબર નથી! તેનો પત્તો કેઠે મલતો નથી! મારો ભત્રીજો જમશેદબી ફીરોઝની સોધમાં કેઠે બાહાર નિકલી ગયોછે ને જતી વખ્તે મનેબી ચોપરી કાઢી જંગલી ને બુબખ કહયો અને તુંને બેકદર, ઠગારી અને લુચ્ચી કેહેવા લાગો!

ધન—અને તેમાં જમશેદે કાંઇ ખોટું નથી કહ્યું! ચાલો સુખલાજી આપણે ફીરોઝને સોધી કાઢીએ! આખું સુરત શેહર આપણે ફરી વલીએ! જેટલા જોઇએ એટલા રૂપ્યા મારા વારસામાંથી લઇ તેના ઘોડાઓ, માણુસો, ગાડીઓ ખરીદીને તે

મારા કમનશીબ બાપને મને મેલવી આપો! ચાલો જલદી કરો!

(સાંમેથી ઘસાશબંધ માણેકશાહ આવેછે.)

માણેકશાહ—(ભપકામાંજ) કેમ સુખલાજી શેઠ, તમારી શું તાકાત કે તમો મારી ધનને મારી તરફ નાફરમાન થતાં શીખવો? ચાલ દીકરી ગાડી ખોટી છે! કેમ બોલતી નથી? શું કાંઇ તારા જીવને અસુખ છે?

ધન—(મોટેથી) નહીં!

માણેકશાહ—તું જાંણેછ કે એમ તોછરાઇથી તું કોણ સાથે વાત કરેછ?

ધન—(દમમાં) હા!

માણેકશાહ—શરમછે સુખલાજી કે તમો ધનને તેના મામાને આવી રીતે અપમાન કરતાં શીખવોછ?

ધન—અને લ્યાનત છે તે મામાપર કે જે પોતાની ભાણેજને તેનાં બાપ તરફ બેવફા અને બેકદર થતાં શીખવેછ!

માણેકશાહ—(ગુસ્સાથી) શું! તું શું બોલી? જરા ફરીથી બોલ!

સુખલાજી—(ધનને બાજુ કરીને) શાહેબ ક્યાંછે મી૦ ફીરોઝે તમોપર ચીનથી લખેલાં કાગલો?

ધન—(સુખલાજીને બાજુ કરીને) અને ક્યાં છે મારા પીતાજીએ મારા ગુજરાણને માટે દરમાસે મોકલેલા રૂપ્યા?

માણેકશાહ—ચુપ! મુગીમર દુકતી!

સુખલાજી—(ધનને ખસાડીને) અને ક્યાંછે તમો અને સ્યાવક્ષ માશતર વચ્ચે થયલું લખતનું કાગલ?

ધન—(સુખલાજીને બાજુ કરીને) અને ક્યાં છે મારા બાપનો પ્યાર અને મારા વાહાલાનું જીગર?

માણેકશાહ—(ગુસ્સાથી) ચુપ! નહીં તો હું તને હવે એવી શજા કરશ—

ધન—હું હવે તમારી સજાની થોડીજ દરકાર કરૂંછ! હવેતો ફકત મારા બાપ કે મારા જમશેદનીજ હું ધાક માનશ! તેઓ બંન્ને ખરાજ ભલા અને ગેરઇનશાફ પામેલા સદગ્રહસ્થો છે! જો તમેબી તે લોકોની માફક સદગ્રહસ્થ હતે તો હું હજીબી તમારાથી બીહતે—પણ નહીં હવે તે દહાડા ગયા અને તમારા પાપનું પાણી ભરાઇ ચુકું! તમારા કાલાં કરતુકોથી હું અને સુખલાજી જાંણીતાં થયાંછ! જો હું ચાહુંતો તમને ઇનશાફની અદાલતમાં ધસડી સજા કરાઉં, પણ ના હું એટલી ઘાતકી નથી! બસ આજથી તમારાં નેહેસ્ત કદમો

મારા મેહેલમાંથી દુર કરો અને કેઠે દુરદરાજ નીકલી જઇ તમારાં પાપનો પસતાવો કરી તે કીરતાર પાસે માફી ચાહો! ચાલો સુખલાજી હવે ચાલો, અને પેલી વાતની ઉતાવલે તજવીજ કરો! (માણેકશાહ શરમથી નીચું જુવેછે.)

સુખલાજી—હા દીકરી ચાલ! તે પ્રમાણીક અને આપણાંથી ગેરઇનશાફ્ પામેલા તારા બાપને સોધી કાઢવા ચાલ! (પાલી, માણસો સાથે દાખલ થાય છે.) કેમ પાલી શું સમાચાર? ફીરોઝ મલ્યો કે?

પાલી—હેઠ તેવણ તો કેઠે ની મલે! જમહેદ તો એક ઘેલાં મનીખ માફક દોડતો ફરે, ને મને કેહેવા લાગો કે જો તે ફીરોજ હેઠને આજ રાત હુધીમાં હોધી ની કારહે તો આવતી હવારે આપઘાત કરીને મરી જવાનો! (બાજુએ) હાયરે મારા બાપ! તે મરહેતો મારા પેલા ઉછીના આપેલા ત્રણહો રૂપ્યાબી જાહે ને હાથે લાગી ચાકરીબી ગુલ થવાની!

સુખલાજી—(ચીરડાઇને) અરે હેમક પણ તુંએ મારા જમશેદને ધીરજ કાંય નહીં આપી!

પાલી—અરે તે તો વાઘની માફ્ક મારાપર છેરાયલો!

ધન—પાલી તુંએ પેલાં જંગલમાંનાં લાકડાં કપાવી નાંખ્યાં કે?

પાલી—બાઇ હાબ-

ધન—અરે પણ સબર પાલી (સુખલાજીને બાજુએ લઈ જઇને) મને હવણાં છેક એક વાતની યાદ આવેલી! હું અત્યાર સુધી તે તદનજ ભુલી ગયલી! એક કોઇ અંજાણ્યા ગ્રહસ્થને મેં આપણા કીલ્લામાંનાં પેલા કેહેવાતા ભુતવાલા ઓરડામાં બંધ કીધેલો છે કે જેનેથી મારા પીતા હાલ કયાં છે તેની ખબર મલી શકશે! તે તમુને, મારા પીતાજીને, સર્વને ઓલખેછ! અરરરર હું કેવી અભાગણી! જો હું એ વાત વીસરી જતે તો તે બીચારો કદાચ ભુખો તે ઓરડામાં મરણ પામતે! ચાલો સુખલાજી દોડો! જલદી કરો!

માણેકશાહ—(રડતે સાદે) ધનબાઇ મને માફ્ કર! હું તારો અને તારા બાપનો ખરેજ ગુનેહગાર છું! હું મારા પાપની તોબ્જેશ કરૂંછ!

સુખલાજી—(દમથી) ચાલો વચમાંથી ખસી જાવો! અમને નાહક ખોટી ના કરો! તમારી લુચ્છાઇનો હું પણ ભોગ થઇ પડયોછ! પણ તે ખુદા શાહેદ છે કે હું નિરદોષ છું! બીચારો ફીરોઝ

કોણ જાણે હાલ ક્યાં હશે ? તે જો અમને મલશે—

ધન—તો મામાજી હજી પણ તમારી તરફથી હું મારા પીતાજીને સમજાવીને તમારો ગુનાહ માફ કરાવશ ! ચાલો શાહેબજી !

(સઘલાં જાયછે.)

અંક ૩ જો–પ્રવેશ ૪ થો.

ભુતવાલું દીવાનખાનું.

(જમશેદ ઝડપમાં દાખલ થાયછે.)

જમશેદ—હયાં પણ નહીં મલે ! ત્યારે ગયો ક્યાં ? શ્યાવક્ષ માસતરે મારા ધારવા કરતાં વધુ ખોટી કીધો ! મને આવતાં વાર લાગવાથી કદાચ ફીરોઝ એમ સમજ્યો હોય કે મેં પણ તેને કંટાલીને તજી દીધોછ ! (બેસેછે) એ આ શું ? પીસતલ ! (જોઇને) આએ તો ફીરોઝની પીસતલ છે ! એનાં નામની નીશાણુ પણ છે ! અરે ફીરોઝ, ફીરોઝ, ત્યારે શું તુંએ મને બેવફા ધારી આપઘાત કીધો ! હવે હું કેમ જીવી શકશ ! ઓ ફીરોઝ, મારા મરહુમ બાપના ભોલા પણ સાચ્ચા ખેરખાહ મીત્ર ફીરોઝ !—

ફીરોઝ—(અંદરથી) કોણ ! જમશેદ !

જમશેદ—અરે આ આવાજ કોણનો ! એ કોણ છે ?

ફીરોઝ—(અંદરથી) હું છઉં ! તારો ગરીબ મીત્ર ફીરોઝ !

જમશેદ—(ખુશાલીથી) શુક્ર ખુદા ત્યારે એ જીવેછ ! (દરવાજો ઉંઘાડવા જાયછ) દરવાજો તો બંધ છે ! એને એમ કોણે કેદ કીધો હશે ? મારેથી જેટલું બને એટલું જોર વાપડી દરવાજો ઉઘાડું ! (દરવાજાને જોરથી લાત મારી ઉંઘાડી નાંખેછે–ફીરોઝ બાહાર ધસી આવી જમશેદને ભેટેછે) પ્યારા ફીરોઝ, આ પીસતલ ઉપર તમારૂં નામ વાંચ્યાથી હું એમજ સમજ્યો કે તમોએ આપઘાત કીધોછ !

ફીરોઝ—હું આપઘાટ કરૂં ? છટ ! એવા પાપી ખ્યાલથી તે ખુદા મને બચાવે ! પેલા પાલીથી બચાવા મને જુવાન કેકોબાદે—

જમશેદ—કોણ કેકોબાદ ! ત્યારે શું તેને તમોને બચાવ્યા ?

ફીરોઝ—હા. હું ખરેજ તેનો આભારી છું ! જો વખતસર મને તેની મદદ મલી ન હોત તો હું કયારનો પેલા લુચ્છા પાલીનાં હાથમાં સપડાઇ ગયો હોત ! કેકોબાદને હયાંથી ગયાને ઘણો વખ્ત થઇ ગયો છતાં તે હજી પાછો કેમ ફરયો નથી ?

જમશેદ—કદાચ તે અગત્યનાં કામમાં રોકાઇ ગયો હોય ! હવે મારે

એક ઘણી દુઃખભરી વાત તમને કેહવાની છે ! પેલો લુચ્છો માણેકશાહ ધનને આજે મુંબઇ લઇ જાયછે ! ગાડીઓ સામન સાથે તૈયાર દરવાજાપર ઉભેલી છે ! પેલો લુચ્છો પાલી, સીપાઇઓ સાથે આપણી શોધમાંજ છે ! પ્યારા ફીરોઝ હવે જલદીથી નાસી જવા સીવાય છુટક નથી !

ફીરોઝ—(દુઃખથી) ચાલ ભાઇ ચાલ ! મારે ખાતર તું કયાં કયાં મારી સાથે ભટકશે ! જ્યારે મારી બેટીએ મને વીશારી મેલ્યોછ ત્યારે હવે આ મારી વાહાલી સુરત નગરીને આજથી છેલ્લી સલામ ! મારી બેટી, મુંબઇ જેવાં એશઆરામ અને રમતગમતનાં મથક તરફ જવા નિકળી પડીછ, ત્યારે તેનો કમનશીબ બાપ દુઃખ-નહીં જમશેદ દુઃખનું નામ મારે લેવું ન જોઇએ-જ્યાં સુધી તું મારી બાજુએ છે ત્યાંસુધી તો હું મારે મનસે સુખી છું ! (પગલાંનો અવાજ) કોઇ આવેછ ! ચાલો, પેલા ઓરડામાં ભરાઇ જઇએ ! (ભરાઇ જાયછે—ધન દાખલ થાયછે)

ધન—અરે ખુદા હું કેવી હીચકારી ! હયાં આવતાં મારે કાને જમશેદનો અવાજ સંભલાયો અને હું ધારતી હતીકે તે મને ઠપકાનાં બોલો અને તાંણાંથી વીંધી નાખશે ! પણ હયાં તો કોઇ મલે નહીં ! હવે હું સાંમેનું બારણું ઉઘાડી પેલા ભલા ગ્રેહસ્થને બાહાર બોલાવી તેનાંથી કાંઇ વધુ ખુલાશો મેલવું. (બારણું ઉઘાડવા જતાં જમશેદ બાહાર ધસી આવેછે-ધન ચીસ પાડી જમશેદનાં હાથમાં પડેછે)

જમશેદ—કેમ શું છે ? બાઇ સાહેબ એ શું બેઅદબી !

ધન—નહીંજી કાંઇ નહીં ! હું ધારતી હતી કે-

જમશેદ—તમે શું ધારતાં હતાં ?

ધન—હું ધારતી હતી કે તમો ભુત હશો-પણ હવે હું જોઉંછ કે તમે છો ! સાહેબજી મી૦ જમશેદ !

જમશેદ—(નમીને) બાનું, તમારો તાબેદાર !

ધન—હું ધારતીજ હતી કે એ એમ કરશે ! સાહેબ, તમો મારી ઉપર ગુસ્સે નહીં હશો ?

જમશેદ—ગુસ્સે ! તેતો સાહેબ જાંણે ! હું મારો કીંમતી વખ્ત એવી ઢીંગલી ગુરીઆંની રમતમાં ખોહવા માંગતો નથી !

ધન—(બાજુએ) હું ધારતીજ હતી કે જ્યારે પણ મારો મેલાપ એની સાથે થશે ત્યારે એ મને ધિકકારની નજરે જોશે ! હું એની

આગલ જઇ સઘલો ખુલાશો કરવા માગુંછ, પણ મારા પગજ એની આગલ જવાને અશકત થઇ પડયાછ ! (આગલ જઇને) સાહેબ ! મારા સરતાજ ! (બાજુએ) હા, એ મને સાંભલેછ ! ત્યારે હું જરા વધારે નજદીક જાઉં ! (જમશેદનો હાથ પકડીને) કેમ છેઓ મી૦ જમશેદ ?

જમશેદ—(દમથી) દુર રેહેવો બાનું ! દુર રેહેવો નહીં તો કે-

ધન—નહીં તો શું ? સાહેબ હું ઘણી દલગીર છું. મેં તમો સાથે ઘણી ખરાબ ચાલ ચલાવીછ. એ સઘલો વાંક મારા મામાનો હતો નહીં કે મારો ! (ગુંઠણુપે પડીને) હું તમને કાલાવાલા કરી કહુંછ કે તે મારો એક વખતનો વાંક મને માફ કરો, અને હવેથી હું ઘણીજ શારી અને ડાહી છોકરી બનશ ! અરેરે જમશેદ, તમારી ચાકરડી થવશ ! તમારી ઢીંગલી ગુરીઆંની રમતમાંની ઢીંગલી બનશ ! તમારી આંખની કીકી બની રેહેવશ ! (જમશેદ હસેછે-ધન કુદીને ઉભી થાયછ) હા ! હા ! તમે હસોછ !

જમશેદ—હું કાંઇ હસ્તો નથી !

ધન—નહીં તમે હસોછ !

જમશેદ—હું કહુંછ કે નહીં ! કદાચ મને કીધેલાં અપમાનો માટે હું તમને માફ કરૂં, તોપણ તમો કેવી રીતે તમારી ઘાટકી અને એકદર ચાલ માટે તમારા પીતાજી પાસથી માફી મેલવી શકશો ?

ધન—તે હું તમને બતાઉં ! જુવો આ ! (વીલનું કાગજ દેખાડેછે.)

જમશેદ—એ શાનું કાગલ ?

ધન—(હસીને) એ મારા બપાવા વીકાજીનું વસીયત !

જમશેદ—શું તમો આએ તમારા મામાએ ઠગાઇથી મેલવેલી તમારા ફાલાની દોલત માટે મગરૂરછો ? મને સાંભલી લો ! (ધનનો હાથ જોરથી પકડીને) સ્યાવક્ષ માસ્તરે સઘલું કબુલ કીધુંછ !

ધન—અને તે હું જાણુંછ !

જમશેદ—તમારા પીતાજી દર માસે તમારા ગુજરાણ અર્થે ચીનથી નાણું મોકલતા હતા-

ધન—તે પણ મને ખબર છે-

જમશેદ—અને તે નાણું તથા ફીરોઝનાં લખેલાં સઘલાં કાગજો તમારા મામાએ છુપાવ્યાં હતાં-

ધન—હા તે પણ વાત સાચ્ચી છે-

જમશેદ—(ગુસ્સાથી) ત્યારે શા માટે તમો આએ લુચ્છાઇથી મેલ-

વેલા વારશાના વીલનું ચીઠ્ઠું દેખાડી મને અપમાન કરવાની હીંમત કરોછ? અગરજો તમારા બપાવા આએ વખ્તે હૈયાત હતે અને આએ સઘલી ખરી બીના તેવણુની જાંણુમાં આવતે તો શું તેવણુ પોતાનાં એક પુરાં વાહાલાં ફરઝંદને વારસામાંથી બાતલ કરતે? શું તેવણુ તેજ ઘડીએ આ વીલ ફાડી નહીં નાખતે?

ધન—ખચ્ચીતજ! જો તેવણુ જીવતા હતે તો તેમ કરતે! પણુ જ્યારે હવે તે કામ બપાવાજીથી બની શકવાનું નથી તો શું હું તે કરી શકનાર નથી? જુવો આ! મને હવે એનું કશું કામ નથી! (વીલ ફાડી નાંખેછે) મારા મરહુમ બપાવાનાં રૂહને તથા મારા કમનસીબ બાપને થયલા ગેરઇનસાફ માટે એથી તે વધારે હું શું કરી શકું? ખુદા જાંણે મારા પીતાજી કયાં જતા રહ્યા છે? જમશેદ તમે તેવણુને શોધી કાઢો, અને આએ મેહેલ તથા સઘલી મીલકતો તેવણુનીજ છે એમ તેવણુને જણાવો! મારા મામાની ખોટી શમજાવ્તથી તેવણુ તરફ બેપરવા રેહેવા માટે હું મારાં ખરાં અંતઃકરણુથી પસતાઉંછું!

જમશેદ—શું ત્યારે તમો ખરેજ પસતાવોછ? હવે તમે કેહેવાં ડાહ્યાં લાગોછ! હવે તમારી ખાત્રી થઇ?

ધન—હા. હું મારા મામાની આ ઠગાઇ ભરી ચાલ માટે તેવણુને ખરાં જીગરથી જેમ ધિક્કારૂંછ, તેમ તમોને મારા પીતા તરફ ભલી લાગણીઓ બતાવવા માટે ખરાં અંતઃકરણુથી ચાહુંછ! બોલો મી૦ જમશેદ, તેવણુ મને માફ કરશે? અરેરે હુવે મને કશું સુઝતું નથી! કોણુ જાંણે તેવણુ કયાં જતા રહયાછ? હું તમારા કાકા સુખલાજી, તથા બધાં માણુશો તેવણુની શોધમાં જઇએછ, પણુ અગરજો હમારી અગાઉ તમો તેવણુને શોધી કાઢવામાં નસીબવાનથાવો તો મેહેરબાની કરીને કેહેજોકે તેવણુજ એકલા આએ મેહેલ તથા મીલકતના વારેસછે, અને હું એક તેવણુની તાબેદાર દીકરી તરીકે તેવણુ જે મને આપશે તે પર સંતોષ પકડશ! ચાલો સાહેબજી! (જવા કરેછે.)

જમશેદ—(ધનને અટકાવીને) શબર કરો ધન, તમારાથી એમ જવાશે નહીં! હવે મારી વારી આવી! (ગુંઠણુપર પડીને) ઓ મારા ફીરેસ્તા! ખરેજ તું ભોલી અને વફાદારછે! (ઊઠીને) ધન, તારા પીતાને શોધવા જવાની હવે તને જરૂર રહી નથી!

પીરોઝ મારા પ્યારા મીત્ર પીરોઝ, જલદીથી બાહાર આવો. હવે તમને છુપાવવાનું કાંઇ કારણ નથી ! સઘલાં દુઃખોનો આજે છેડો આયોછ ! (પીરોઝ બાહાર આવેછે) હયાં જુવો પીરોઝ–જુવો તમારી ધનને ! ધને પોતાનાં મામાની સઘલી ઠગાઇ જાણ્યા પછી તેવણને તજી દીધાછ–એટલુંજ નહીં પણ તેણીએ પોતાનાં બપાવાનું વસીયત તમોને ઇનશાફ આપવા ખાતર ફાડીને કટકા કરી નાખ્યાછ ! કેમ પીરોઝ તમે બોલતા નથી ? હું ધારૂંછ કે ખુશાલીથી તમારી જબાં ઉપડતી નથી !

ફીરોઝ––હા તેમજ છે ! કોણ ધન ! મારૂં વાહાલું એકપુરૂં ફરઝંદ ધન ! દીકરી આવ મારી ગોદમાં ! (બેઉ ભેટેછે.)

ધન––પીતાજી મને માફ કરશો ? તમે સઘલું ભુલી જશો ?

ફીરોઝ––બચ્ચીતજ દીકરી ! હું એમાં તારો જરાક પણ વાંક જોતો નથી ! આએ પલે તારી બેહેસ્તન માતાનાં સઘલા ભલા ગુણો તારામાં દીપી નિકલ્યાછ ! જમશેદ, હવે મારા બાપની દોલત મને સુખી કરવા જોઇતી નથી ! બસ મારૂં ફરઝંદ– મારી વરસો થયલાં ભમાયલી ભુલકી મને આજે પાછી મલીછ એજ મારે મનસે મને કરોડો રૂપ્યાની દોલત મળેલી સમજુંછ ! (ગાયણ ગાયછે.)

વરસો સુધીની ગમખ્વારી સહી દીવસ થયો મારો આજે ખુશાલ
વરસો સુધીની હાડમારી સહી બખ્ત ખીલ્યું મુજ આજે ખુશાલ
કેવી કેવી જંજાલી સ્હેવી મેં–કેવી કેવી હાડમારી ટલી મેં
ધન-પીતા નહીં લાવો તે ખ્યાલ હવે મનમેં
ફીરતારની બક્ષેશથી બરબાદ એક પલમેં–
ફીરોઝ-બખ્તમાં લખ્યું હોય જેબી તે ન કદી મીટે
દુઃખ પાછલ સુખ જો હોવ તેબી નહીં ફીટે
બસ દુર ગમ કરૂં તુંજ બેટીની સંગમાં
સુખ મારૂં બેલી તું વાહાલીનાં રંગમાં
સંકટનો છેડો આવ્યો આ મારા ભાઇ જમશેદથીજ
ગમ દુર કરી ધીર ધરી વાહાલા જમશેદથીજ
ધન-આભાર માનું હું પણ તારો મુજ પીતા તરફથી આજ
અગર મદદ જો ન હતે તારી મેલાપ થતે નહીં આજ
ફીરોઝ-ખરેજ ઉપકારી હું થયો છું તુંજનો
ચાંપુ આવ ગોદમાં બેટા તું મુજનો.–

(સુખલાજી, પાલી, કાલી, બાણ્યો, પીલાં, સીપાઇઓ વગેરે દોડધામ કરતાં દાખલ થાયછે.)

સુખલાલજી—(ઝડપમાં) દીકરી ધન, ગાડીઓ તથા ઘોડાઓ તૈયાર છે! મશાલો, હમાલોને ચોમેર ફીરોઝની શોધમાં દોડાવેલા છે! (ફીરોઝપર નજર પડતાં) કોણ? ફીરોઝ! જમશેદ! બધાં સાથે! ઓ સારે તો ખુશાલી! તરલલલલા!

જમશેદ—કેમ કાકાજી તમે શું માણેકશાહની તરફેણ કરવા આવ્યાછ?

સુખલાલજી—અરે છટ! તે નાપાકનું નામ બાર દીકરા! તમો સઘલાં કરતાં તો હું વધારે મુર્ખો બન્યો! માણેકશાહને હું ઘણોજ નેક સમજતો હતો, પણ તેવણ તો કેઠા સાધુના વેશમાં કાલા નાગ નિકલ્યા! દીકરી ધન, હવણાં મારો પાલી કારભારી કેહેવા લાગો કે માણેકશાહ તો ઘભરાઇને બાહારગામ વંજો માપી ગયો! ચાલો પીડા પટી! એનાં પાપની શીક્ષા એને વાજબી થઇછ! દીકરા જમશેદ, તારી તેમજ ફીરોઝ સાથે ચલાવેલી ઘાટકી ચાલ માટે હું માફ માંગુછ! મી૦ ફીરોઝ મને તમારો હાથ આપો—જમશેદ તારો પણ હાથ આપ—તમો બેઉને માટે બાંધેલા ખરાબ વીચારો માટે હું શરમીંદો છું!

જમશેદ—કાકાજી બની તે બની! તમો અમારા મુરબ્બી છો! હુ તથા ફીરોઝ તમોએ અમને કીધેલો ગેરઇનસાફ ભુલી જઇએછ!

ફીરોઝ—હા. સુખલાજી શેઠ, હું જમશેદનાં મતને મલતો છઉં! હવે ગઇ ગુજરીને યાદ કરવામાં સાર નથી! તોપણ મારે જણાવવું જોઇએછ કે જ્યારે તમોએ અને મારી દીકરીએ મને વીસારી મેલ્યો હતો, ત્યારે એક પેટના દીકરા તેમજ એક વફાદાર મીત્ર તરીકે મી૦ જમશેદે મારી બાજુએ રહી જે કીંમતી મદદો મને આપી હતી તે હું સદા હેશાનની લાગણી સાથ મારા મરણની છેલ્લી ઘડી સુધી ભુલશ નહીં! (સુખલાજી તથા ધન શરમાઇને નીચું જુવેછે.)

જમશેદ—મી૦ ફીરોઝ એ તો તમારી લાયકી છે! એક ઇનશાનની ફરજ સીવાય મેં કશું વધુ કીધું નથી!

સુખલાજી—(હસીને) ચાલો ત્યારે 'સૌ શારૂ તેનું સેવટ પણ શારૂં'! બોલો ફીરોઝ હવે આએ બે નાદાન ગુનેહગારોને આપણે શું સજા કરીએ! એ લોકનાં લગન કરાવી આપ્યે કે છુટા છેડા કરાવ્યે?

જમશેદ—(હસીને) અરે છટ કાકાજી છુટાછેડા શું બલ્યાછ! અરે

લગન! તે પાક ઓતેબર જરથોસ્તી દીનની રશમ મુજબ અમારાં લગન થવાં ઘટેછ! કેમ શાહેબ (ફીરોઝને) તમારો શું વીચાર?

ફીરોઝ—વીચાર શું પુછેછ જમશેદ! જે દીવસે મારી વાહાલી દીકરી ધનનાં લગન તારી સાથે થશે તે દીવશ મને મારી આખી જીંદગીમાં સૌથી સુખીઆરો અને મગરૂર બનાવશે!

સુખલાજી—જ્યારે તેમજ છે તો લે જમશેદ આજથી ધન તારીજ છે. (ધનનો હાથ લઇ જમશેદને આપીને) જો લગનથી ખરૂંજ સુખ જેમ તમો બધાંઓ ધારોછ તેમ મલતું હોય તો તમે સુખી થાવો એજ મારી દુવા છે.

બધાં—આમીન! આમીન!! આમીન!!!

જમશેદ—કેમ ધન, હવે ફરીથી તું આએ પીલાંને માટે મારીપર નાહક શક લઇ જઇ મને બદનામ કરશે કે?

ધન—નહીં મારા ભરથાર! મને માફ કરો! ખોટો શક તમોપર લઇ જવા માટે હું શરમીંદી છું! એમાં પણ વાંક આએ તમારા કાકા તથા મારા મામાનોજ હતો! એ લોકોનાં કેહેવાથીજ મારા દીલમાં વેહેમે ઘર કીધું! તોપણ મારી ખાત્રી કરવા હુંજ મર્દનાં વેશમાં કેકોબાદનું ખોટું નામ ધારણ કરી તમારા પ્યારની પરીક્ષા કરવા કાલીનાં ઝુપડાંમાં આવી હતી. મારી અજાયબી વચ્ચે ખરો પીલાંનો આશક તો તમારે બદલે આપણા આએ બુઝર્ગ લાયકીવાલા કાકાજી ઘાસની પુરીપર બેઠેલા જણાયા! (બધાં હસેછે.)

સુખલાજી—(બાજુએ) હસો! નખોદગઇએ કાંઇ થોડી ફજેતી કીધીછ! પણ હુંબીતો ખરો કે પીલાંને પરણીને એ બધાંઓને ફજેત પાડું!

ધન—મારા પ્યારા જમશેદ, મર્દના પોશાકમાં તમો સઘલાં મને પીછાણી નહીં શકયાં, ને એવી રીતે તમારે માટેની મારા સાચ્ચા પ્યારની પરીક્ષા પુરી થવે, હું તમને વધારે ચાહતાં શીખી, અને આજે અંતે તમે અને હું એક થયાં! હું ધારૂંછ મારા વાહાલા તમે મને એમ મર્દનો વેશ લઇ કાલીનાં ઝુપડાંમાં પધારવા માટે માફ કરશો!

જમશેદ—એમાં માફ શાની! હું ઇચ્છુંછ કે તારીજ માફક સઘલી ઓરતો પરણવા અગાઉ પેહેલ્લાંથીજ પોતાનાં ખાવંદોની ગુણ અવગુણોની બરાબર પરીક્ષા કરી લે કે જેથી પાછ-

લથી ખાલી વેહેમનાં ગોટાંમાં અટવાઇ પસતાવું નહીં પડે!

પીલાં—બરાબર બોલ્યા બાઇ જમશેદ. મેહેરબાન બાઇ ધનબાઇ હું તમારો કેમ આભાર વાલશ! તમોએ મને અને મારા બાવાજીને સંકટમાંથી બચાવ્યાં છે.

કાલી—હા મેહેરબાન બાઇ ધનબાઇ તથા સદાના મારા દયાલુ મદદગાર બાઇ જમશેદ તમારા ઉપકારોના બોજા હેઠલ અમો દટાઇ ગયલાં છૈએ!

ધન—તમારૂં ભલું કરનાર એવણ છે? (શીરોઝને દેખાડીને) તમોએ ઉપકાર મારા પીતાજીનો માનવો નહીં કે મારો! બેહેન પીલાં તું જો એક મારો સુખન કબુલ કરે તો—

પીલાં—બોલો બાઇ તે શું છે? હું તે મારી સરો ચસ્મોથી બુજાવશ!

ધન—તે વાત ઘણું કરીને મારા કરતાં શેઠ સુખલાજીને લગતી છે. મેહેરબાની કરીને પેલો તારો જુનો કરટન જે ફાટી ગયલો છે, તે જલદીથી સીવાડી નાંખજે. ફરીને કદાચ સુખલાજી શેઠનો વીચાર ત્યાં જઇને ભરાઇ બેસવાનો થાય તો તેમાં કાંઇ નવાઇ નહીં! (સઘલાં હસી પડેછે)

સુખલાજી—હસો! મેહેરબાનો હસો! પેટ ધરીને હસો! કાંઇ ચીંતા નહીં! (પીલાંનો હાથ લઇને) પીલાં, મારા મનની મુર્તી, તું એ બધાંઓને હસવા દે. જા આજથી હું તને ત્યાં બધાંની સમક્ષ વચન આપુંછ કે જો તું મારી સાથે ખરાં દીલથી પરણુવા ઇચ્છતી હોય તો તું એક ગરીબની દીકરી, છતાં પણ હું તારો હાથ મેલવવામાં મને ભાગ્યશાલી સમજશ! પણ જેમ પેલી સુનાએ મારી સાથે પરણુવાની કબુલાત આપી પાછલથી નાટકી ચદનચાઇ જેવા પોરીઆ સાથે પરણી જઇ મને બેવફા થઇ મારૂં દીલ તોડી નાંખી મને ઓરતો તરફ ધિક્કાર બતાવતાં શીખવી ગઇ તેમ જો તું કરવાની હોય તો ખુદાને ખાતર મને હવનાંથીજ ના પાડજે!

જમશેદ—(હસીને) વાહ વાહરે કાકાજી, ત્યારે અંતે તમે પીગળ્યા ખરા! તમારો ઓરતો માટેનો ધિક્કાર ત્યારે અંતે પીલાંએ ફેરવ્યો ખરો! ચાલો અમો સઘલાં તે જોઇ ખુશ છૈયે! પીલાં મારા કાકાજીને જવાબ આપ! પ્યારા કાકાજી, પીલાં ખુશાલીથી મુગી બની ગઇછ—તમારા જેવા લખોપતી શેઠયા તરફની આએ ખરાં દીલની માંગણીથી તેણીનું જીગર હર્ષથી ફુલી ગયુંછ!

કાશી—મેહેરબાન શેઠ સુખલાજી, મારી ગરીબ દીકરીનો હાથ તમો જેવા માતબર શેઠ જ્યારે ખુશીથી લેવા કબુલ થાવોછ, તો હું એ મારી ગાય ગરીબ દીકરીને આજથી તમારે સ્વાધીન કરૂંછ ! તમો સુખી રેહેવો એવી મારી ગરીબની ખરાં જીગરની દુવા તમને આમીન થાવો !

સઘલાં—આમીન ! આમીન ! !

પીલાં—(સુખલાજીને ઓવરણાં લઇને) મારા જેવી એક ગરીબ ઓરતને તમારાં સુખ દુઃખની ભાગયણ બનાવવા માટે હું તમારી આભારીછું ! આજથી હું તમારી દાસી છું, અને સદા તમોને વફાદાર રેહેવાને પાક કોલથી બધાઉં છું !

ધન—સુખલાજી શેઠ, અંતે તમે પીગલ્યા ! ચાલો ત્યારે મારા અને જમશેદનાં લગનને દહાડેજ તમારાં પણ લગન સાથેજ કરી નાંખસું ! કેમ પપા ખરૂં કેની ?

ફીરોઝ—હા, દીકરી ! માહાભારત દુઃખ પછીના આ ઉપરાસાપરીનાં ખુશાલ બનાવોથી મારી છાતી હર્ષથી ફાટી જાયછ !

જમશેદ—હવે કાકાજી, તમો ઓરતો માટે ગમે તેવું મત બાંધો, પણ તમારી ખાત્રી થઇ ખરી કે ઓરત વગરની જીંદગી ફોકટ છે ! તે કીરતારની આ દુન્યામાં પેદા કરેલી દરેક ચીજોમાં સ્ત્રી જાત સર્વથી શ્રેષ્ટ છે !

ધન—ખરેજ જમશેદ ! તમારૂં બોલવું રાસ્ત છે ! અગરજો કાંઇ ભુલચુકથી સ્ત્રીઓનો વાંક પડે તો મરદોએ તેપર આંખ વીચામણી કરવી ધટેછ ! મેં પણ નાદાનીમાં તમો તેમજ મારા નેક પીતાજી સાથે ઘણી ધાટકી ચાલ ચલાવીછ—પણ અંતે તમોએ મને માફ કરવાથી—(ઑડીઅન્સને) મેહેરબાન બાનુંઓ અને ગ્રહસ્થો, આજથી હું પણ એક વફાદાર ઓરત તેમજ એક તાબેદાર બેટી તરીકે નિવડી દુન્યામાં સ્ત્રીજાતનાં નામને બુલંદીએ પુગાડશ—અને મારે પગલે મારી બીજી બેહેનપણીઓ પોતાનાં ખાંવદો તથા માત પીતા સાથે શુભ પગલે ચાલી, પાક યકીન, વફાદારી અને પતિવર્તપણું જાળવી સાચવી દુન્યામાં સ્ત્રી જાત સર્વથી સરસ છે એમ શાબેત કરી આપશે (ટેબલો ડ્રોપ ધીમે ધીમે ઉતરેછે.)

સમાપ્ત.

વીકટોરીઆ બેકરી

કોટ, મુંબઈ.

કનફેકશનરી અને મીઠાઈ કયાંથી લેશો ? **અરદેશર રૂશતમજી કનફેકશનરને ત્યાંથી**; જેઓ ઘણા જુના અનુભવી છે. ખચીત નવા ટેસ્ટપર અને નવા ધોરણપર ઉપલું ખાતું ચાલેછે. દરરોજ તાજી પેશત્રી તથા નવી નવી જાતોની બીસકીટો, પુડીંગો, પાઇ, પેતીશ વગેરે બનાવવામાં આવેછે. પેટન્ટ દવાઓ, ઓઇલિમેનસ્ટોર, પ્રોવીઝન, પરફયુમરી, સેન્ટો, સાબુ, લવંડર, બાલના તેલો અને ગામઠી મીઠાઇ, અઘરણીના લાડવા, હુલવા, જલેબી, મેસુર, મોહનથાળ, બીજી ઘણીક જાતની મીઠાઇ તથા સુરતી ફરમાસુ મીઠાઇ, બદામી ખતાઇ, સુરતી બતાસા, પેંડા, બરફી, વીગેરે દરરોજ સુરતથી મંગાવવાની ખાસ ગોઠવણ કીધી છે. ફકત એકજવાર ઉપલાં ખાતાંની મુલાકાત લેવાથી ખાતરી થશે. બાહાર ગામના ઘરાકોના ઓરડપર પુરતું ધ્યાન આપી સારી પેકીંગથી માલ મોકલવામાં આવે છે.


અરદેશર રૂસતમજી કનફેકશનરની કું૦

જનરલ મરચંટ, વિકટોરીઆ બેકરી,


પારસી બજાર, કોટ, મુંબઇ.

બ્રીટીશ એન્ડ કોન્ટીનેન્ટલ એજંસી
૩૬ કાલબાદેવી રોડ-મુંબઇ.

ઘણીજ મજબુત અને નવા સુધારા સાથની બાઈશીકલો
મેકરના ભાવે બજાર કરતાં ઘણીક સરતી વેચીએ



છીએ; બાઇશીકલનો પરચુટણ સામનનો ભાવ
ઘણોજ કીફાયત રાખ્યો છે.



ચુલાઓ જે કેરોસીન તેલની ગેસ થઇ બલેછે. એ ચુલાઓમાં બીજા ચુલાની પેઠે કાકરાની ગરજ પડતી નથી અને જે ચીજ આપણા ઘરમાં એક કલાકે પકાવી શકીએ તે ચીજ આ ચુલાપર ફકત અરધા કલાકમાં થાયછે.

સેગ્રાદા વાઇન--દરેક રોગનુ મુલ કારણ જોશો તો બદ હજમી છે અને એ બદ હજમી અટકાવવા માટે વેલાતવાલા મોટા દાકતરોએ ઘણોજ અકસીર સેગ્રાદાવાઇન બનાવ્યો છે જે બે ત્રણ દીવસ લીધા પછી જાદુઇ અસર કરેછે. સેંકડો સરટીફીકેટો મલી છે. કી. રૂ ૧॥

નવી ખાસ જાહેર ખબર.

જો વાંચો તો ધ્યાન પુગાડી એનો લાભ લેવા ચુકતા ના.

ચાહે! ચાહે!! ચાહે!!! તેમજ કાફી

સાંચામાં ભુંજેલી અને સાંચામાં દરેલી પારસી કુટુંબોમાં આજકાલ હારવરની ચાહે મોટી ખાતરદારી સાથે અને વીસવાસથી પસંદ પડતી થઈ છે તેનું કારણ શું ? માલ સારો અને વળી ગમે તેવો ગરીબ માણસ પોતાના ખરચેલા પૈસાનો પુરેપુરો માલ મેલવી શકેછે. માટે હારવરને ત્યાં નીચલી જાતની ચાહે માગો એટલા જથ્થામાં હંમેશા તૈયાર મલશે:—

નામો.		નામો.
બ્રોકન મીકસ્ચર... રૂ ૦॥	હારવરની	સાલોનદસ્ત પ્યુર... રૂ ૦॥
ફેમીલી મીકસ્ચર... રૂ ૦॥–		
ફ્રેગ્રંત કોંગો... ... રૂ ૦॥=	બધી	ઓરેન્જ પીકો દસ્ત. રૂ ૦॥=
રોયલ મીકસ્ચર ... રૂ ૦॥।	દુકાનેથી	રોઝ દસ્ત ... ... રૂ ૦॥।
રોઝ પીકો... ... રૂ ૧)		
કાફી, પ્યુર સીલોન રૂ ૧)	મળશે.	ચીપ મીકસ્ચર ચાકરો માટે } રૂ ૦।=

ધોબીતલાવ, બજારગેટ, તથા કોટનું તરકારી બજાર.

સુચના : હારવરનો ☞ કીટલી છાપ ☜ વગરનો માલ "નકલી" જાણવો.

હારવર અને સન,

ચા, કાફી મસાલાના વેપારી.